બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃاللہعلیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃاللہعلیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)


**ઓગષ્ટ-૨૦૨૪**

મુહર્રમુલ હરામ - સફરુલ્ મુઝફ્ફર
હિજરી સન : ૧૪૪૬

વર્ષ : ૨૧, અંક : ૦૮, સળંગ અંક : ૨૪૭



**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | શીઆ-રાફઝી વિશે શરીઅતના હુકમો | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 07 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 10 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 13 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 16 |
| 06 | કાનૂને શરીઅત (ભાગ-૨) | 20 |
| 07 | અવામી ગલતફેહમી અને તેની સુધારણા | 23 |
| 08 | તઝકેરતુલ અવલિયા : હઝરત શાહ શુજાઅ કિર્માની رحمۃاللہعلیہ | 26 |
| 09 | ઈસ્લામી અખ્લાક તથા આદાબ | 28 |
| 10 | રસૂલે ખુદા ﷺનો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 32 |
| 11 | (બીજી સદીના મુજદ્દિદ-૫) હઝરત અસદુદ્દીન મઅરૂફ ઈબ્ને ફીરોઝ કર્ખી رحمۃاللہعلیہ | 35 |
| 12 | સાચા ઈબ્રાહીમી કોણ ?! | 38 |
| 13 | મસ્જિદ સંબંધી મસાઈલ અને ઈમામ અહમદ રઝા علیہالرحمہ | 41 |
| 14 | બાગે ફિદક વિશે શીઆના દુષ્પ્રચારનો પર્દાફાશ ! | 47 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 49 |


### વો અતા જામ હો ગયા

અઝ કલમ : શાયરે ઈસ્લામ
જનાબ ''ફારૂક'' સાહેબ

આલે રસૂલ સે વો અતા જામ હો ગયા
પીને સે જિસ કે સુન્નીયોંકા કામ હો ગયા

અહમદ રઝા કા નિસ્બતે આલે રસૂલસે
દુન્યા એ સુન્નીયતમેં બળા નામ હો ગયા

ઈસ મયકદે સે પી કે બને મુફતી-એ-આ'ઝમ
એક ઈસસે પીકે હુજ્જતુલ-ઈસ્લામ હો ગયા

અહમદ રઝા કે શેર કી હયબત તો દેખીયે
અશરફ અલી ભી લરઝા બર અંદામ હો ગયા

ફયઝાને ગૌષો-ખ્વાજા રઝા આમ હો ગયા
હયદર હસનમિયાં કા બળા નામ હો ગયા

જિસ વક્ત મૈં ને નામે રઝા બા-અદબ લિયા
તો બંદગાને દેવ કો સરશામ હો ગયા

ઈશ્કે રસૂલે પાકકા એ'જાઝ દેખીયે
નઝમીકા શાઈરો મેં બળા નામ હો ગયા

જો મસ્લકે રઝા સે ઝરા સા ભી હટ ગયા
દુન્યા મેં બુરી તરહ સે બદનામ હો ગયા.

''ફારૂક'' ઐસે પીર સે કુરબાન કયોં ન હો
જિન કે તુફૈલ શાઈરે ઈસ્લામ હો ગયા

# શીઆ-રાફ઼ઝી વિશે શરીઅતના હુકમો

**તંત્રી લેખ**

શીઆ–રાફ઼ઝી ફ઼િર્કાની બદઅક઼ીદગી વિશે, અવાર નવાર આપણા ''બરકાતે ખ્વાજા'' મંથલીમાં તેમના કુર્આન હદીષ વિરૂધ્ધના અક઼ીદાઓ વિશે માહિતી દર્શાવી ચેતવણી કરવામાં આવે છે કે આવા બાતિલ ફ઼િર્કાઓથી તમારા તથા તમારી ઔલાદના ઈમાનની રક્ષા કરશો. આજના આ લેખમાં તેમના ગુમરાહીપૂર્ણ તથા કુફ઼ી અક઼ીદાઓનો અમે નિર્દેશ કરીએ છીએ તથા તેમના વિશે શરઈ હુકમો વર્ણવીએ છીએ, જેથી અહલે બયતની જૂઠી મહોબ્બતની આડમાં ભરમાઈ જતા સુન્નીઓ ચેતી જાય.

## હઝરત અલી رضی اللہ عنہ થકી રાફ઼ઝી વિશે હદીષ

હઝરત ઈબ્રાહીમ ઈબ્ને હસન ઈબ્ને હસન ઈબ્ને અલી ઈબ્ને અબી તાલિબથી મરવી છે, તે પોતાના પિતા (હસન)થી રિવાયત કરે છે, તે પોતાના દાદા (મૌલા અલી)થી રિવાયત કરતાં ફ઼ર્માવે છે કે હઝરત અલી رضی اللہ عنہએ ફ઼ર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફ઼ર્માવ્યો કે આખરી જમાનામાં એક ક઼ૌમ જાહેર થશે જેનું નામ રાફ઼ઝી હશે અને તેઓ ઈસ્લામના મુન્કિર હશે.''

*(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૨/૧૮૬, મુસ્નદે બઝ્ઝાર, ૨/૧૩૮)*

રાફ઼ઝી શીઆની બુરાઈ દર્શાવતી ઉપરોક્ત હદીષના રાવી મૌલાએ કાઈનાત હઝરત અલીયે મુતર્ઝા رضی اللہ عنہ છે. આ હદીષમાં શીઆઓની મહત્વની શાખ ''રાફ઼ઝી''ની બુરાઈ વર્ણવવામાં આવી છે. **રાફ઼ઝી શીઆને બાતિલ ઠરાવવા માટે કેવળ આ હદીષ જ પૂરતી છે.** અને આશ્ચર્યની વાત તો એ છે કે ''હુબ્બે અલી'' (મહબ્બતે અલી)નો દાવો કરનાર શીઆ ફ઼િર્કાની તઝલીલ તથા બુતલાનની (બેઈજ્જતી તથા તેમને ગલત ઠરાવતી) આ હદીષ ખુદ મૌલાએ કાઈનાત હઝરત અલી رضی اللہ عنہએ રિવાયત કરીને ઝુલ્ફ઼િક઼ારે હૈદરીનો જલ્વો દેખાડતાં શીઆ ફ઼િર્કા પર કારમો ઘા કર્યો છે.

## સહાબાની શાનમાં ગુસ્તાખી તથા તબર્રા કરનારાઓનો રદ

અબ્દુલમલિક ઈબ્ને ઉમૈરથી મરવી છે તે હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરે છે કે આપે ફ઼ર્માવ્યું કે લોકોને પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلمના સહાબીઓના માટે બખ્શિશ તલબ કરવાનો હુકમ આપવામાં આવ્યો, જ્યારે કે લોકો તેમને બુરુ ભલુ કહેવા લાગ્યા. મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફ઼ર્માવતાં સાંભળ્યું છે કે, ક઼યામત રચાશે નહીં ત્યાં સુધી કે આ ઉમ્મતના આખરના લોકો પોતાના પહેલાંવાળાઓને ભલુબુરુ કહેશે.

*(અશ્શરીઅહ, ૪/૨૪૯૭, પ્રકાશક : દારુલ વતન અર્રિયાઝ, સઊદી અરબિયા, આવૃત્તિ–૨, હિ. ૧૪૨૦)*

## હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماની શાનમાં ગાળો (તબર્રા) બોલનાર કાફ઼િર

'' અને રાફ઼ઝીઓ કે જેઓ હઝરત અલી رضی اللہ عنہને ત્રણેવ ખલીફ઼ાઓ પર ફ઼ઝીલત આપે છે તો તે બિદઅતી છે અને જો તે હઝરત સિદીક઼ે અકબર તથા ઉમર رضی اللہ عنہماની ખિલાફ઼તનો ઈન્કાર કરે છે તો તે કાફ઼િર છે.''

*(ફ઼તહુલ કદીર, ૧/૩૫૦, દારુલ ફ઼િક્ર–બૈરૂત)*

''ખુલાસા તથા બઝ્ઝાઝિયામાં આ સ્પષ્ટતા મૌજૂદ છે કે રાફ઼ઝી જ્યારે શયખૈન (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما)ને

www.barkatekhwaja.net

ગાળો આપે અથવા તેમના બારામાં લઅન તઅન કરે તો એવો શખ્સ કાફિર છે. અને જો તે હઝરત અલીને આ બંને પર ફઝીલત આપે તો ગુમરાહ છે. અને જોહરામાં છે કે જેણે શયખૈન (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما)ને ગાળ આપી અથવા તેમના પર લઅન તઅન કર્યું તો તે કાફિર છે........."

*(અલ બહરુર્રાઈક શરહે કન્ઝુદ્દકાઈક, ૫/૧૩૬)*

"જેણે શયખૈન (અબૂબક્ર ઉમર رضی اللہ عنہما)ને ગાળ આપી અથવા એમના બારામાં લઅન તઅન કરી તેણે કુફ્ર કર્યું અને તેની તૌબા સ્વીકાર્ય નથી." *(દુર્રે મુખ્તાર શરહે તન્વીરુલ અબ્સાર, ૧/૩૪૬)*

"જેણે શયખૈન (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما)ને ગાળ આપી અથવા એમના બારામાં લઅન તઅન કરી તેણે કુફ્ર કર્યું અને તેની તૌબા સ્વીકાર્ય નથી." *(રદ્દુલ મુહતાર અલા દુર્રુલ મુખ્તાર, ૪/૨૩૬)*

## ઈમામોને નબીઓથી બલ્કે કેવળ એક નબીથી અફઝલ કહેનાર કાફિર

શીઆ ફિર્કાની મહત્વની શાખ "રાફઝી ફિર્કો" ઈસ્લામના અટલ તથા બદલાય નહીં તેવા ઉસૂલો તથા કાનૂનોની વિરૂધ્ધ, એટલે કે **જરૂરિયાતે દીનની વિરૂધ્ધ નીચે પ્રમાણે અકીદા ધરાવે છે** : (૧) શીઆ ફિર્કો જેમને અઈમ્મએ હૂદા (હિદાયતના ઈમામ) માને છે તેમનો મર્તબો હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمના સિવાય સર્વ નબીઓ કરતાં અફઝલ તથા અધિક છે. (૨) હઝરત અલી رضی اللہ عنہનો મર્તબો હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم સિવાય સર્વ અંબિયાએ કિરામ કરતાં અફઝલ છે. (૩) અલ્લાહ તઆલાના પવિત્ર કલામ કુર્આને મજીદમાંથી અહલે બૈતની અઝમત તથા ફઝીલતની આયતો કાઢી નાખવાની સાબિતી વિવિધ નિશાનીઓ, દલીલો, નિશાનો, ચિન્હો, તથા ઝરીયાઓ તથા અન્ય કયાસોથી સાબિત થયેલ છે. **નોંધ** : ઉપર વર્ણવેલ અકીદા શીઆ ફિર્કાના વિશ્વસનીય આલિમ મોલ્વી સૈયદ અલી મુહમ્મદે પોતાના ફત્વાઓમાં લખ્યા છે, જેની વિગત કિતાબ "ઈઝહારે હક્ક" પ્રકાશક : મત્બઅ સુબ્હે સાદિક–સીતાપુર, યુ.પી. માં છે. પ્રકાશન વર્ષ : હિ. ૧૩૯૩, બહવાલા ફતાવા રઝવિય્યહ મુતર્જિમ, ૧૪/૨૬૨

ઉપરોક્ત શીઆ અકીદાઓ વિશે શરીઅતનો હુકમ જુઓ ! "અને એ જ પ્રમાણે અમે યકીની કાફિર જાણીએ છીએ તે કટ્ટર રાફઝીઓને જેઓ ઈમામોને નબીઓ કરતાં અફઝલ માને છે." *(શિફા શરીફ, કાઝી અયાઝ, ૨/૨૯૦, બૈરૂત)*

## વલીઓને નબીઓથી અફઝલ માનનાર વિશે હુકમ

"તે જે અમુક કરામિયાથી નકલ થયેલ છે કે "જાઈઝ છે કે વલી નબીથી મર્તબામાં વધી જાય," તો એ **કુફ્ર** તથા **ગુમરાહી** તથા **બેદીની** તથા **જેહાલત** છે. *(મન્હુલ રૌઝુલ અઝહર ફી શરહુલ ફિકહુલ અકબર, ૧/૩૪૯, બૈરૂત તથા મન્હુલ રૌઝુલ અઝહર, ૧/૧૨૧, મિસર)*

"બેશક ! મુસલમાનોનો ઈજમાઅ કાયમ છે એના પર કે અંબિયાએ કિરામ علیہم السلام અવલિયાએ એઝામ કરતાં અફઝલ છે." *(અત્તરીકતુલ મુહમ્મદિયહ, ૧/૮૪, મકતબે હનફિયા, કોઈટા)*

"કોઈ ગૈર નબીને એક નબીથી અફઝલ કહેવું એ સર્વ નબીઓથી અફઝલ બતાવવું છે." (હદીકતુન્ન નદિયહ શરહે અત્તરીકતુલ મુહમ્મદિયહ, ૧/૩૧૫, ફૈસલાબાદ) એ જ કિતાબમાં બીજે ઠેકાણે છે :

"વલીને કોઈ નબી કરતાં અફઝલ બતાવવું ચાહે તે નબી મુરસલ હોય કે ગૈર મુરસલ, કુફ્ર તથા ગુમરાહી છે. અને કેમ ન હોય કે એમાં વલીની સરખામણીમાં નબીનું અપમાન તથા ઈજમાઅનો રદ છે, કેમ કે વલી કરતાં

www.barkatekhwaja.net

નબીનું અફઝલ હોવા પર સર્વ અહલે ઈસ્લામનો ઈજમાઅ છે.'' *(અલ હદીક઼તુન્નદિય્યહ શરહે તરીક઼તિલ મુહમ્મદિયહ, ૧/૩૧૯)*

''નબી વલી કરતાં અફઝલ છે ને આ બાબત યક઼ીની છે, અને એની વિરૂધ્ધ કહેનાર કાફિર છે, કેમ કે એ જરૂરિયાતે દીનથી છે.'' *(ઈર્શાદુસ્સારી લિ શરહે સહીહ બુખારી, ૧/૨૧૪, મિસર)*

## કુર્આનનો કે તેના કોઈ અક્ષરનો ઈન્કાર કરનાર કે બદલનાર કે અધિક બતાવનાર કાફિર છે

''એ જ પ્રમાણે તે પણ કૃતઅન્ ઈજમાઅન્ કાફિર છે જે કુર્આને અઝીમ અથવા તેના કોઈ અક્ષર (હર્ફ)નો ઈન્કાર કરે અથવા એમાંથી કાંઈક બદલે અથવા કુર્આનમાં કાંઈક અધિક બતાવે.

*(અશ્શિફા બતઅરીફે હુકૂકુલ મુસ્તફા, ૨/૨૭૪)*

## શીઆ રાફઝી વિશે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો મહત્વનો ફત્વો

''સારાંશ આ રાફઝીઓ તબર્રાઈઓના બારામાં હુકમે યક઼ીની કૃતઈ ઈજમાઈ એ છે કે તેઓ અલલ ઉમૂમ કુફ્ફાર, મુર્તદ્દીન છે. તેમના હાથનું ઝબીહા મુરદાર છે. તેમની સાથે નિકાહ કરવું ન કેવળ હરામ બલ્કે ખાલિસ ઝિના છે. મઆઝલ્લાહ ! પુરૂષ રાફઝી અને સ્ત્રી મુસલમાન હોય તો આ સખત કહરે ઈલાહી છે. જો પુરૂષ સુન્ની અને સ્ત્રી એ ખબીષોમાંથી હોય તો પણ કદાપિ નિકાહ ન થશે, તદ્દન ઝિના થશે, ઔલાદ વલદુઝ્ઝિના (હરામની) થશે. બાપનો વારસો ન પામશે ભલે ઔલાદ પણ સુન્ની હોય, કેમ કે શરીઅતની રૂએ ઝિનાની ઔલાદ (હરામની ઔલાદ)નો બાપ કોઈ નથી, પત્ની ન વારસાની મુસ્તહિક થશે ન મહેરની કેમ કે ઝાનિયા માટે મહેર નથી. રાફઝી પોતાના કોઈ નજીકના, ત્યાં સુધી કે બાપ, પુત્ર, મા, પુત્રીનો પણ વારસો નથી પામી શકતો. સુન્ની તો સુન્ની, કોઈ મુસલમાન બલ્કે કોઈ કાફિરને ત્યાં પણ કે ખુદ પોતાના હમ મઝહબ રાફઝીના વારસામાં તેનો અસલમાં કોઈ હિસ્સો નથી. તેમના પુરૂષ, સ્ત્રી, આલિમ, જાહિલ કોઈની સાથે પણ મેલજોલ, સલામ કલામ સૌ સખત કબીરા (ગુનોહ) અને સખત હરામ છે. જે તેમના આ મલઊન અક઼ીદાઓ પર માહિતગાર થઈને પણ તેમને મુસલમાન જાણે અથવા તેમના કાફિર હોવામાં શક કરે તે દીનના તમામ ઈમામોના ઈજમાઅતથી ખુદ કાફિર બેદીન છે. અને એના માટે પણ આ જ સૌ હુકમો છે જે તેમના માટે વર્ણન પામ્યા.'' *(ફતાવા રઝવિય્યહ મુતર્જિમ, ૧૪/૪૬૮, ગુજરાત)*

## ''ફતાવા શામી'' અઝ : ઈમામ ઈબ્ને આબિદીન શામીનો મહત્વનો ફત્વો

''તમામ જમાનાઓના ઉલમાનો ઈજમાઅ છે કે જેઓ આ રાફઝીઓના કુફ્રમાં શક કરે તે ખુદ કાફિર છે.'' *(અલ ઉક઼ૂદુદ્ દરિય્યહ ફી તન્કીહિલ ફતાવલ હમીદિય્યહ, અઝ : ઈમામ શામી, ૧/૧૦૩, બૈરૂત) –(બહવાલા ''શીઆ ફિર્ક઼ાકી તારીખ ઓર અક઼ાઈદ)*

અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબે પાક ﷺના સદક઼ા તુફૈલથી સુન્ની મુસલમાનોના ઈમાનની હિફાઝત ફર્માવે અને શીઆ ફિર્ક઼ાના બાતિલ અક઼ીદાઓથી મેહફૂઝ રાખે અને મસ્લકે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા પર અડગતાથી ક઼ાયમ રાખે, મદીના પાકમાં મૌત અને જન્નતુલ બક઼ીઅમાં મદફનની સઆદત બખ્શે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ



www.barkatekhwaja.net

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ અનઆમની તફસીર

અને શું તે જે મૃત હતો તો અમે તેને જીવંત કર્યો,[૨૧] અને તેના માટે એક નૂર કરી દીધું.[૨૨] જેનાથી લોકોમાં ચાલે છે.[૨૩] તે તેના જેવો થઈ જશે જે અંધકારમાં છે ?[૨૪] તેમાંથી નીકળનાર નથી. એવી જ રીતે કાફિરોની આંખમાં એમના કર્મો રૂપાળાં કરી દેવામાં આવ્યાં છે (૧૨૨) અને એ જ રીતે અમે દરેક આબાદીમાં તેના ગુનેહગારોમાં સરદાર બનાવ્યા કે તેમાં દાવ રમે.[૨૫] અને દાવ નથી રમતા પણ પોતાના જીવો પર અને તેમને સમજ નથી[૨૬] (૧૨૩) અને જ્યારે તેમની પાસે કોઈ નિશાની આવે ત્યારે કહે છે, ''અમે કદાપિ ઈમાન નહિ લાવીએ જ્યાં સુધી અમને પણ એવું જ ન મળે જેવું કે અલ્લાહના રસૂલોને મળ્યું[૨૭] અલ્લાહ ખૂબ જાણે છે જ્યાં પોતાની રિસાલત રાખે.[૨૮] **નજીકમાં ગુનેહગારોને અલ્લાહને ત્યાં અપમાન મળશે અને સખ્ત અઝાબ, એમના પ્રપંચનો બદલો** (૧૨૪) અને જેને અલ્લાહ માર્ગ દેખાડવા ઈચ્છે તેની છાતી ઈસ્લામ માટે વિશાળ કરી દે છે.[૨૯] અને જેને ભટકાવવા ઈચ્છે છે તેની છાતી સાંકડી, ખૂબ ભીંસાયેલી બનાવી દે છે[૩૦] જાણે કોઈ બળ જબરીથી આકાશ પર ચઢી રહ્યો છે. અલ્લાહ

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

اَوَ مَنْ كَانَ مَيْتًا فَاَحْيَيْنٰهُ وَ جَعَلْنَا لَهٗ نُوْرًا يَّمْشِيْ بِهٖ فِي النَّاسِ
كَمَنْ مَّثَلُهٗ فِي الظُّلُمٰتِ لَيْسَ بِخَارِجٍ مِّنْهَا ؕ كَذٰلِكَ زُيِّنَ لِلْكٰفِرِيْنَ
مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢٢﴾ وَ كَذٰلِكَ جَعَلْنَا فِيْ كُلِّ قَرْيَةٍ اَكٰبِرَ مُجْرِمِيْهَا
لِيَمْكُرُوْا فِيْهَا ؕ وَ مَا يَمْكُرُوْنَ اِلَّا بِاَنْفُسِهِمْ وَ مَا يَشْعُرُوْنَ ﴿١٢٣﴾ وَ اِذَا
جَآءَتْهُمْ اٰيَةٌ قَالُوْا لَنْ نُّؤْمِنَ حَتّٰى نُؤْتٰى مِثْلَ مَاۤ اُوْتِيَ رُسُلُ اللّٰهِ ؔۘ
اَللّٰهُ اَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهٗ ؕ سَيُصِيْبُ الَّذِيْنَ اَجْرَمُوْا صَغَارٌ
عِنْدَ اللّٰهِ وَ عَذَابٌ شَدِيْدٌۢ بِمَا كَانُوْا يَمْكُرُوْنَ ﴿١٢٤﴾ فَمَنْ يُّرِدِ اللّٰهُ اَنْ
يَّهْدِيَهٗ يَشْرَحْ صَدْرَهٗ لِلْاِسْلَامِ ۚ وَ مَنْ يُّرِدْ اَنْ يُّضِلَّهٗ يَجْعَلْ
صَدْرَهٗ ضَيِّقًا حَرَجًا كَاَنَّمَا يَصَّعَّدُ فِي السَّمَآءِ ؕ كَذٰلِكَ يَجْعَلُ اللّٰهُ
الرِّجْسَ عَلَى الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ ﴿١٢٥﴾ وَ هٰذَا صِرَاطُ رَبِّكَ مُسْتَقِيْمًا ؕ
قَدْ فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ يَّذَّكَّرُوْنَ ﴿١٢٦﴾ لَهُمْ دَارُ السَّلٰمِ عِنْدَ رَبِّهِمْ
وَ هُوَ وَلِيُّهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢٧﴾ وَ يَوْمَ يَحْشُرُهُمْ جَمِيْعًا ۚ
يٰمَعْشَرَ الْجِنِّ قَدِ اسْتَكْثَرْتُمْ مِّنَ الْاِنْسِ ۚ وَ قَالَ اَوْلِيٰٓؤُهُمْ مِّنَ
الْاِنْسِ رَبَّنَا اسْتَمْتَعَ بَعْضُنَا بِبَعْضٍ وَّ بَلَغْنَاۤ اَجَلَنَا الَّذِيْۤ اَجَّلْتَ
لَنَا ؕ قَالَ النَّارُ مَثْوٰىكُمْ خٰلِدِيْنَ فِيْهَاۤ اِلَّا مَا شَآءَ اللّٰهُ ؕ اِنَّ رَبَّكَ
حَكِيْمٌ عَلِيْمٌ ﴿١٢٨﴾ وَ كَذٰلِكَ نُوَلِّيْ بَعْضَ الظّٰلِمِيْنَ بَعْضًۢا بِمَا كَانُوْا
يَكْسِبُوْنَ ﴿١٢٩﴾ يٰمَعْشَرَ الْجِنِّ وَ الْاِنْسِ اَلَمْ يَاْتِكُمْ رُسُلٌ مِّنْكُمْ
يَقُصُّوْنَ عَلَيْكُمْ اٰيٰتِيْ وَ يُنْذِرُوْنَكُمْ لِقَآءَ يَوْمِكُمْ هٰذَا ؕ قَالُوْا
شَهِدْنَا عَلٰۤى اَنْفُسِنَا وَ غَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا وَ شَهِدُوْا عَلٰۤى
اَنْفُسِهِمْ اَنَّهُمْ كَانُوْا كٰفِرِيْنَ ﴿١٣٠﴾

• • •

*આમ જ અઝાબમાં નાખે છે ઈમાન નહીં લાવનારાઓને (૧૨૫) અને આ[31] તમારા રબનો સીધો રસ્તો છે. અમે શિખામણ માનનારાઓ માટે આયતો વિગતવાર વર્ણવી દીધી છે (૧૨૬) એમના માટે એમના રબને ત્યાં સલામતીનું ઘર છે અને તે અમનો માલિક છે. આ એમના કામોનું ફળ છે (૧૨૭) અને જે દિવસે એ બધાને ઉઠાડશે, અને ફરમાવશે, ''હે જિન્નાતના વર્ગ ! તમે ઘણા માનવીઓ ઘેરી લીધા''[32] અને તેમના મિત્ર માનવીઓ વિનંતિ કરશે, ''હે અમારા રબ ! અમારામાં એક બીજાથી ફાયદો ઉઠાવ્યો.[33] અને અમે આ મુદ્દત સુધી પહોંચ્યા જે તેં અમારા માટે નક્કી કરી હતી.''[34] ફર્માવશે, ''આગ તમારુ રહેઠાણ છે, હમેશાં એમાં રહો, પણ જેને અલ્લાહ ઈચ્છે''[35] હે મહબૂબ ! બેશક ! તમારો રબ હિકમતવાળો છે (૧૨૮) અને આમ જ અમે જુલ્મીઓને એકને બીજા પર સરસાઈ આપીએ છીએ, તેમના કરતુતોનો બદલો[36] (૧૨૯) હે જિન્નાત અને માનવીના જુથો ! શું તમારી પાસે તમારામાંના રસૂલ ન આવ્યા હતા ? તમારા પર મારી આયતો પઢતા, ને તમને આ દિવસ[37] જોવાથી ડરાવતા[38] કહેશે, ''અમે અમારા પ્રાણો પર સાક્ષી આપી[39] અને તેમને દુનિયાના જીવને છેતર્યા. અને પોતે સાક્ષી આપશે પોતાના પ્રાણો પર કે તેઓ કાફિર હતા[40] (૧૩૦)*

## :: સમજૂતી ::

**૨૧** : મરેલા એટલે કાફિરો અને જીવંત એટલે મો'મિન. કારણ કે કુફ્ર હૃદયોનું મૃત્યુ છે અને ઈમાન જીવન છે.

**૨૨** : નૂરથી ઈમાન મુરાદ છે, જેનાથી માનવી કુફ્રના અંધકારથી છૂટકારો મેળવે છે. કતાદહનું કથન છે કે નૂરથી ખુદાની કિતાબ એટલે કે કુર્આન શરીફ મુરાદ છે. **૨૩** : અને દ્રષ્ટિ પ્રાપ્ત કરીને સત્યમાર્ગને શોધી કાઢે છે. **૨૪** : કુફ્ર, જહાલત અને અંતરના અંધકારનું આ દ્રષ્ટાંત છે જેમાં મો'મિન અને કાફિરની હાલત વર્ણવવામાં આવી છે કે, સાચો માર્ગ મેળવનાર મો'મિન તે મૃત્યુ પામેલા જેવો છે જેને ફરી જીવન મેળવ્યું. અને તેને નૂર પ્રાપ્ત થયું જેનાથી તે ધારેલી જગ્યાનું માર્ગ મેળવે છે. અને કાફિર તેના જેવો છે જે જાતજાતના અંધકારમાં સપડાયેલા હોય, અને તેમાંથી નીકળી ન શકે. હમેશાં બાધાપણાની હાલતમાં લબદાએલો રહે. આ બન્ને દ્રષ્ટાંતો દરેક મો'મિન અને કાફિર માટે સામાન્ય છે. જો કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہના કથનાનુસાર એનું શાને નુઝૂલ એ છે કે :

અબૂ જહલે એક દિવસ સૈયદે આલમ ﷺ પર કોઈ નાપાક વસ્તુ ફેંકી હતી, તે દિવસે હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہ શિકાર કરવા ગયેલા હતા, જ્યારે તેઓ હાથમાં કમાન લઈને શિકારેથી પાછા ફર્યા ત્યારે તેમને આ બનાવની ખબર આપવામાં આવી, ત્યાં સુધી તેઓ ઈમાનથી પાવન બન્યા ન હતા, પણ આ ખબર સાંભળીને તેમને ખૂબ ક્રોધ ભરાયો, અને તેઓ અબૂ જહલ પર ચઢી બેઠા અને તેને કમાન વડે મારવા માંડયા, અને અબૂ જહલ ખુશામદ અને ચાપલુસી કરવા લાગ્યો, અને બોલ્યો.

''હે અબૂ યઅલા ! (અમીર હમ્ઝાની અટક) શું તમે દેખતા નથી કે મુહમ્મદ ﷺ કેવો ધર્મ લાવ્યા છે ? અને તેમણે આપણા મઅબૂદને બુરું ભલું કહ્યું, અને આપણા પૂર્વજોનો વિરોધ કર્યો, અને આપણને કમઅક્કલ કહ્યા ?!''

ત્યારે હઝરત અમીર હમ્ઝાએ કહ્યું કે, તમારા જેવો કમઅક્કલ બીજો કોણ છે કે અલ્લાહને છોડીને પથ્થરોને પૂજો છો ? હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, અને હું ગવાહી આપુ છું કે મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે. તે જ સમયે

હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہએ ઈસ્લામ સ્વીકારી લીધો, તે વિશે આ આયતે કરીમા ઉતરી, તો અમીર હમ્ઝાની હાલત મડદા જેવી હતી, જે ઈમાન ન ધરાવતું હતું, અલ્લાહ તઆલાએ તેને જીવતુ કર્યું, અને અંતરને પ્રકાશ આપ્યો. અને અબૂ જહલની હાલત એ છે કે તે કુફ્ર અને જહાલતના અંધકારમાં સપડાયેલો રહે. **૨૫ :** અને જાતજાતની ચાલબાજીઓ, ધોકાબાજીઓ અને પ્રપંચો વડે લોકોને ભટકાવવા અને અસત્યને પ્રસરાવવાના પ્રયાસો કરે છે. **૨૬ :** કે તેનો વબાલ તેમના પર જ પડે છે. **૨૭ :** અર્થાત જ્યાં સુધી અમારી પાસે વહી ન આવે, અને અમને નબી બનાવવામાં ન આવે.

**શાને નુઝૂલ :** વલીદ બિન મુગીરાએ કહ્યું હતું, "જો નબુવ્વત સત્ય હોય તો એનો વધારે હકદાર હું છું કારણ કે મારી ઉમર હુઝૂર કરતાં વધારે છે અને માલ દોલત પણ." ત્યારે આ આયત ઉતરી.

**૨૮ :** અર્થાત અલ્લાહ જાણે છે કે નબુવ્વતની લાયકાત અને યોગ્યતા કોણ ધરાવે છે અને કોણ નહીં. ઉંમર અને ધનદોલત વડે કોઈ નબુવ્વતનો હકદાર બની શકતો નથી, અને આ નબુવ્વતના ઉમ્મેદવારો તો હસદ, પ્રપંચ, વચનભંગ વિગેરે કુકર્મો અને નીચ આદતોમાં સપડાયેલા છે. તેઓ ક્યાં અને નબુવ્વતની પદવી ક્યાં ?! **૨૯ :** તેને ઈમાનની તૌફીક આપે છે અને તેના હૃદયમાં પ્રકાશ પાથરે છે.

**૩૦ :** કે એમાં જ્ઞાન અને તવહીદ તેમજ ઈમાનની દલીલોની ગુંજાઈશ ન રહે, તો તેની હાલત એવી થઈ જાય છે કે જ્યારે તેને ઈમાનનું નિમંત્રણ આપવામાં આવે છે, અને ઈસ્લામ તરફ બોલાવવામાં આવે છે, ત્યારે તે તેને ખૂબ જ આકરૂ લાગે છે, અને ઘણુ જ અઘરુ જણાય છે.

**૩૧ :** ઈસ્લામ ધર્મ. **૩૨ :** તેમને ભટકાવ્યા અને સાચા માર્ગથી દૂર ફેંકી દીધા. **૩૩ :** એવી રીતે કે માનવીઓએ વાસના અને ગુનાહખોરીમાં તેમની મદદ મેળવી, ને જિન્નાતોએ (શયતાનોએ) માનવીઓને પોતાના આજ્ઞાંકિત બનાવ્યા, અંતે એનું ફળ ભોગવ્યું. **૩૪ :** સમય પસાર થઈ ગયો, કયામતનો દિવસ આવી ગયો, પસ્તાવો અને શર્મિંદગી રહી ગઈ. **૩૫ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ કહ્યું છે કે, આ અપવાદ તે કોમ તરફ વળે છે જેમના વિશે અલ્લાહના ઈલ્મમાં છે કે તેઓ ઈમાન લાવશે, અને નબી ﷺને સાચા સમજશે. તેમને જહન્નમમાંથી કાઢવામાં આવશે. **૩૬ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ કહ્યું છે કે જ્યારે અલ્લાહ કોઈ કોમની ભલાઈ ઈચ્છે છે ત્યારે સારા લોકોને તેમની સાથે મૂકે છે, બુરાઈ ઈચ્છે છે ત્યારે બુરા લોકોને. આનાથી એ પરિણામ અત્યાચારી પંજાથી છૂટવા માગે તેમણે જોઈએ કે અત્યાચાર ત્યજી દે. **૩૭ :** અર્થાત કયામતનો દિવસ. **૩૮ :** અને ખુદાઈ અઝાબનો ડર અપાવતા. **૩૯ :** કાફિર જિન્નાત અને માનવીઓ એકરાર કરશે કે તેમની પાસે રસૂલ આવ્યા, અને તેમના મોઢે સંદેશ પહોંચાડયો, અને આ દિવસે માથે પડનાર પરિસ્થિતિનો ડર બતાવ્યો, છતાં કાફિરોએ તેમને જૂઠાડયા અને તેમના પર ઈમાન ન લાવ્યા. કાફિરોનો આ એકરાર તે સમયે થશે જ્યારે તેમના શરીરના અવયવો તેમના કુફ્ર અને શિર્કની સાક્ષી આપશે. **૪૦ :** કયામતનો દિવસ ઘણો લાંબો હશે, અને તેમાં જુદી જુદી હાલતો સામે આવશે, જ્યારે કાફિરો મો'મિનોના ઈનામ ઈકરામ અને ઈજ્જત આબરૂને જોશે ત્યારે પોતાના કુફ્ર શિર્કનો ઈન્કાર કરી દેશે, અને એવો વિચાર કરીને કે કદાચ ફરી જવાથી કંઈ કામ બની જાય. કહેશે, وَاللّٰہِ رَبِّنَا مَا کُنَّا مُشْرِکِیْنَ (અલ્લાહના સોગંદ અમે મુશ્રિક ન હતા) ત્યારે તેમના મોઢા પર મોહર મારી દેવામાં આવશે, અને તેમના અવયવો તેમના કુફ્ર અને શિર્કની સાક્ષી આપશે, તે બાબત જ આ આયતમાં ફર્માવ્યું છે કે وَشَهِدُوا عَلٰٓى اَنْفُسِهِمْ اَنَّهُمْ كَانُوْا كٰفِرِيْنَ (પોતાના પ્રાણો પર સાક્ષી આપશે કે તેઓ કાફિર હતા.)



www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)

## બાબુદ્દુઆ ફી તશહ્હુદ[1] باب الدعاء فی التشھد

## તશહ્હુદ (અત્તહિય્યાત) દરમિયાન દુઆનું વર્ણન

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** એટલે કે અત્તહિય્યાત બાદ આખર નમાઝમાં દુઆ શું માગે અને નમાઝથી ફારિગ કઈ રીતે થાય. આ દુઆ સુન્નત છે પરંતુ એવી માગવામાં આવે જે લોકોના કલામથી મળતી ન હોય. બેહતર એ છે કે દુઆએ માષૂરા માગે જે નબી ﷺ અથવા સહાબાથી નક્લ થયેલ હોય. જામિઉદ્દુઆ ખૂબ જ બેહતર છે.

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ નમાઝમાં દુઆ માગતા હતા. કહેતા હતા, ઈલાહી ! હું તારી પનાહ માગુ છું કબ્રના અઝાબથી[1] અને તારી પનાહ માગુ છું મસીહ દજ્જાલના ફિત્નાથી.[2] અને તારી પનાહ માગું છું જિંદગી તથા મૌતના ફિત્નાઓથી[3] ઈલાહી ! હું તારી પનાહ માગું છું ગુનાહ અને કર્ઝથી[4] કોઈએ અર્ઝ કરી[5] હુઝૂર ! કર્ઝથી આટલી બધી પનાહ માગો છો ? તો ફર્માવ્યું કે* ***માણસ જ્યારે કરજદાર હોય છે, વાત કરે છે તો જૂઠુ બોલે છે અને વાયદો કરે છે તો વિરૂધ્ધ કરે છે.[6]****"(મુસ્લિમ, બુખારી)*

**૧.** અઝાબે કબ્રની તેહકીક પહેલાં કરવામાં આવી ચૂકી છે. મોઅતઝલી ફિર્કો એનો મુન્કિર છે. આ હદીષ એમનો પૂરો રદિયો છે. કબ્રના અઝાબમાં ત્યાંની ગભરાહટ, સંકડાશ, ગરમી પણ સામેલ છે. અલ્લાહ બધાથી બચાવે.

**૨.** દજ્જાલ દજલથી બન્યું ધોકાના અર્થમાં. દજ્જાલ ધોકાબાઝ તથા મક્કાર, મસીહ કેમ કે દજ્જાલની એક આંખ મસ્સૂહ એટલે લુછાયેલી છે. અથવા એ હરમૈન શરીફૈન સિવાય બાકીની આખી દુનિયાની સૈર કરશે જેથી તેને મસીહ કહેવામાં આવે છે. યાદ રાખશો કે ઈસા علیہ السلام ને મસીહ એટલા માટે કહે છે કે આપ મુડદાને સ્પર્શીને ઝિંદા કરતા તથા બીમારને સ્પર્શીને તંદુરસ્ત કરતા અથવા એટલા માટે કે આપે ક્યાંય ઘર ન બનાવ્યું, હમેશાં સફરમાં રહ્યા. મસીહ દજ્જાલની સંપૂર્ણ તેહકીક ઈન્શાઅલ્લાહ ! દજ્જાલના પ્રકરણમાં કરવામાં આવશે.

**૩.** સુબ્હાનલ્લાહ ! કેવો જામેઅ (સમૃધ્ધ) કલમો છે ! કુફ્ર, ગુમરાહી, ગુનાહ, એ આફતો જે રબથી ગુમરાહ કરી દે, તે માલ, ઔલાદ, સલ્તનત જે નાફર્માન કરી દે, સર્વ જિંદગીના ફિત્નાઓ છે. મૌતના સમયે શૈતાની વસવસા, મુન્કર નકીરના સવાલોમાં નિષ્ફળતા એ સૌ મૌતના ફિત્ના છે.

**૪.** ગુનાહથી મુરાદ નાના મોટા સર્વ ગુનાહ અને ગુનાહોના સબબો છે. કરજથી મુરાદ તે કરજ છે જે ગુનાહના માટે લેવામાં આવે અથવા તે કરજદાર પર બોજ બને અને તેને અદા કરવાની કોઈ સ્થિતિ જોવા ન મળે. હુઝૂરે અન્વર ﷺ એ

ઈબાદતોના માટે કરજ લીધું અને સિદ્દીકે અકબર رضی اللہ عنہએ આપની વફાતના પછી સર્વ છોડેલુ કરજ અદા કરી આપ્યું. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે જ્યારે હુઝૂર ﷺ આ દુઆ માગતા હતા તો આપના પર કરજ કેમ રહેતુ હતું.

**૫.** આ અર્ઝ કરનાર ખુદ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا હતાં, જેવું કે નિસાઈ શરીફમાં છે. *(મિર્કાત)*

**૬.** એટલે કે કરજ ઘણા બધા ગુનાહોનો ઝરીયો છે સામાન્યતઃ કરજદાર કરજ માગનારના તકાદા વખતે જૂઠુ પણ બોલે છે કે ઘરમાં છુપાઈને કહેવડાવી દે છે કે એ ઘરમાં નથી. અને પકડાય ગયા તો કહી દીધું કે અમારો માલ આવવાનો છે, જલ્દીમાં આપી દઈશું. વાયદા ભંગ પણ કરે છે કે કાલે લઈ જજો, પણ આપતા નથી.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી જ્યારે કોઈ બીજી અત્તહિય્યાતથી ફારિગ થાય[૧] તો ચાર ચીજોથી પનાહ માગે, દોઝખ તથા કબ્રના અઝાબથી, જિંદગી તથા મૌતના ફિત્નાઓથી, મસીહ દજ્જાલની શરારતોથી.[૨]" (મુસ્લિમ)*

**૧.** અને દુરૂદે ઈબ્રાહીમ પઢી ચૂક્યા. એનાથી જાણવા મળ્યું કે નમાઝ નફલ હોય કે ફર્ઝ દુઆ તેના અંતિમ કાઈદામાં જ માગવામાં આવે. હા ! **નફલોમાં બંને દુરૂદે ઈબ્રાહીમી બંનેવ કાઈદાઓમાં પઢવામાં આવે.**

**૨.** યાદ રાખશો કે મોટો દજ્જાલ તો એક જ છે જે કયામતની નજીકમાં જાહેર થશે અને ઈસા علیہ السلامના હાથે માર્યો જશે. પણ નાના દજ્જાલો ઘણા છે જે દરેક જમાનામાં રહે છે, દરેક ગુમરાહ કરનાર દજ્જાલ છે.

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે નબી કરીમ ﷺ એમને એ દુઆ એવી રીતે શીખવાડતા હતા જેવી રીતે કુર્આનની સૂરતો શીખવાડતા હતા. ફર્માવતા હતા કે હે અલ્લાહ ! હું તારી પનાહ માગુ છું દોઝખના અઝાબથી અને તારી પનાહ માગુ છું કબરના અઝાબથી, અને તારી પનાહ માગુ છું મસીહ દજ્જાલના ફિત્નાથી, અને તારી પનાહ માગું છું જિંદગી તથા મૌતના ફિત્નાથી." (મુસ્લિમ)*

**૧.** આ સર્વ દુઆઓ ઉમ્મતની તાલીમના માટે છે, નહીં તો અંબિયાએ કિરામ અઝાબે કબ્રના હિસાબથી પણ મેહફૂઝ છે. એ જ પ્રમાણે જે એમના દામનમાં આવી જાય તે જિંદગી તથા મૌતના ફિત્નાઓથી મેહફૂઝ થઈ જાય છે. આપના નામની બરકતથી લોકોને દજ્જાલના ફિત્નાઓથી અમ્ન મળશે. જ્યાં પણ હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હું ફલાણી ચીજથી તારી પનાહ માગુ છું, ત્યાં ઉમ્મતના માટે પનાહ મુરાદ છે. *(મિર્કાત વગેરે)*

*"હઝરત અબૂબકર સિદ્દીક رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મને કોઈ એવી દુઆ શીખવાડો જે મારી નમાઝમાં માગ્યા કરું[૧] ફર્માવ્યું : કહો, ઈલાહી ! મેં મારી જાન પર ખૂબ જ જુલ્મ કર્યો[૨] અને તારા સિવાય ગુનાહ કોઈ નથી બખ્શી શકતું[૩] તું તારા તરફથી મારી બખ્શિશ કર, મારા પર રહમ કર, તું બખ્શવાવાળો મહેરબાન છે." (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે નમાઝના અંતમાં અત્તહિય્યાત તથા દુરૂદોથી ફારિગ થઈને. કેમ કે એના સિવાય નમાઝમાં અન્ય કોઈ સમય દુઆઓ નથી. જાહેર એ છે કે નમાઝથી નફલ નમાઝ મુરાદ છે. જો ફર્ઝોમાં પણ કદી કદી આ દુઆઓ માગે તો બેહતર છે.

**૨.** સિદ્દીકે અકબર رضی اللہ عنہથી આ શબ્દો કહેવડાવવા અથવા આદમ علیہ السلامનું આ કહેવું رَبَّنَا ظَلَمْنَا اَنْفُسَنَا અથવા યૂનુસ علیہ السلامનું અર્ઝ કરવુંઃ اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ એ અતિશય કક્ષાની નફસની આજીજી છે. અહીં જુમ્મનો એ અર્થ કરવામાં આવશે જે એમની શાનને લાયક હોય. **કાફિરનો જુલ્મ કુફ્ર છે, આપણો જુલ્મ ગુનાહ, અંબિયા તથા અવલિયાનો**

**જુલ્મ લગઝિશો અને ખતાઓ.** જે શખ્સ આ કલમાઓને સાંભળીને તેમની શાનમાં ગુસ્તાખી કરે એ બેદીન છે. અમુક સૂફીઓને ફર્માવતાં સાંભળવામાં આવ્યું કે ક્યારેક જૂઠ મહબૂબિયતનો ઝરીયો બની જાય છે અને સત્ય મરદૂદિયતનો સબબ બની જાય છે. શૈતાને સાચુ કહ્યું હતું કે ખુદાયા ! તેં મને ગુમરાહ કર્યો. હિદાયત આપનાર તથા ગુમરાહ કરનાર રબ જ છે. પણ આ સત્યથી શૈતાન માર્યો ગયો. તે મહબૂબ બંદાઓ જે ગુનાહની નજીક પણ નથી ગયા તેમનું એ અર્ઝ કરવું કે ખુદાયા ! અમો મહાન ગુનેહગાર છીએ, એ છે જૂઠ પણ કુર્બતનો ઝરીયો છે. **હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ કદી ગુનાહનો ઈરાદો પણ નથી કર્યો.**

**૩.** યાદ રાખશો કે બંદાઓના હક્કો બંદો માફ કરે છે, પણ ગુનાહ કેવળ રબ જ માફ કરી શકે છે. જ્યાં અંબિયાએ કિરામ ફર્માવી દે છે કે જા તારા સર્વ ગુનાહ માફ ! એ રબની તરફથી કહે છે. જીભ એમની હોય છે અને કલામ રબનું હોય છે. જેથી આ હદીષ પર કોઈ વાંધો નથી.

*"હઝરત આમિર બિન સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે, તે પોતાના વાલિદથી[૧] રિવાયત કરે છે. ફર્માવે છે કે મેં રસૂલૂલ્લાહ صلی اللہ علیہ وسلم ને જોયા હતા કે આપ જમણે ડાબે સલામ ફેરવતા હતા, ત્યાં સુધી કે આપના ચહેરાની સફેદી હું જોઈ લેતો.[૨]" (મુસ્લિમ)*

**૧.** આપના પિતા સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ છે. જલીલુલ કદ્ર સહાબી, ખુદ આમિર તાબઈ છે જેમણે પોતાના પિતા તથા ઉષ્માનગની, આઈશા સિદ્દીકા رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રિવાયતો લીધી.

**૨.** એટલે કે આપ સલામમાં એટલા પ્રમાણમાં ચેહરએ અન્વર ફેરવતા હતા કે પાછળવાળા સહાબીઓ બંને ચહેરાઓની સફેદી જોઈ લેતા. જમણી બાજુવાળા ચહેરાની જમણી બાજુની અને ડાબી બાજુવાળા ચહેરાની ડાબી બાજુની. અમુક રિવાયતોમાં بیاض خدیہ છે, બંનેમાં કોઈ મતભેદ નથી. બંનેવ ચહેરો જોવા અને હાલતમાં હતા. એક જોવું અને હાલતમાં. જાણવા મળ્યું કે **સહાબાએ કિરામ અયન નમાઝમાં અને નમાઝથી નીકળતી વખતે હુઝૂર صلی اللہ علیہ وسلم ને જોયા કરતા હતા.** (શેઅર)

کاش کہ اندر نمازم جا شود پہلوئے تو    تا تقریب سلام افتد نظر بر روئے تو

એટલા માટે સૂફીઓ ફર્માવે છે કે એ સહાબીઓ જેવી નમાઝ કોઈને પણ મયસ્સર નથી થઈ શકતી.

*"હઝરત સમુરહ ઈબ્ને જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم જ્યારે નમાઝ પઢી લેતા તો અમારા પ્રતિ પોતાના ચહેરાથી ધ્યાનિત થતા.[૧]" (બુખારી)*

**૧.** એ રીતે સલામ પછી કદી જમણી તરફ ચેહરો ફેરવતા કદી ડાબી બાજુ કરતા, ક્યારેક કિબ્લાને પીઠ કરીને મુકતદીઓ તરફ ચેહરો કરી લેતા. આ શબ્દ ત્રણેવ હાલતોને સમાવે છે. પરંતું એ હાલત પણ કાયમી ન હતી બલ્કે મોટાભાગે, નહીં તો સરકાર صلی اللہ علیہ وسلم ક્યારેક કિબ્લા રૂ બેસીને જ દુઆ માગતા હતા.

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم જમણી બાજુ ફરતા હતા.[૧]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે મોટાભાગના સમયે સલામ ફેરવીને દુઆના માટે જમણી બાજુ ચહેરો કરતા હતા. એટલા માટે ફકીહો ફર્માવે છે કે ઈમામ દુઆના સમયે દરેક બાજુ ફરી શકે છે પણ જમણી બાજુ ફરવું બેહતર છે કેમ કે નબી صلی اللہ علیہ وسلم ને જમણી બાજુ મહબૂબ હતી. *(અઝ : મિર્કાત)*

www.barkatekhwaja.net

# શરહે હદાઈકે બખ્શિશ ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

જો વહદતુલ વજૂદનો એ મતલબ હોય તો એમાં કાંઈ ખરાબી નથી કે દુનિયા તો ઘાસ તણખલાઓની જેમ છે એને શું જોવાની ? અલ્લાહને જોવાની તૈયારી કરો, કેમ કે તે જ એક જાત છે જે વાજિબુલ વજૂદ છે. અને મુમ્કિનુલ વજૂદનું શું છે ?! ક્યારેક ન હતુ, અત્યારે છે, પછી નહીં હોય. જેનું હોવું ન હોવું એક સમાન હોય તેને "લા શયઉન"ના હુકમમાં જ સમજો ! એનું એક સરસ દષ્ટાંત આપવામાં આવે છે કે સળગતો અંગારો કે જેને જોરથી ઘુમાવવામાં આવે તો એવું લાગે છે કે જાણે વર્તુળ બનેલું છે. જ્યારે કે તે વર્તુળ નથી, બલ્કે કેવળ એક કોયલો છે બાકી સૌ તેના જ જલ્વા છે.

નબી અકરમ ﷺના ફર્માનની રોશનીમાં આપણે ન અલ્લાહની ઈબાદતનો હક્ક઼ અદા કરી શકીએ છીએ અને ન તેની હમ્દનો ન મઅરેફતનો ما عبدناك حق عبادتك وما عرفناك حق معرفتك અને જે રીતે તે જાત ખુદ પોતાની હમ્દો ષના કરી શકે છે તેવી કોણ કરી શકે છે ?!

*આજિઝ હૂં તેરી હમ્દકા ઈદરાક નહીં હૈ—તૂ હી મેરે બેરબ્તસે લફઝોંકો અષર દે*

કેમ કે :– *હમ્દ લિખનેકો ક઼લમ, જિબ્રઈલકા પર ચાહિયે—રોશનાઈકે લિયે ભી આબે કૌષર ચાહિયે*

*ઝિંદા અઝલસે તા અબદ મૈં અગર રહૂં—યા રબ મૈં તેરી હમ્દ તો ફિર ભી ન કર સકૂં*
*હમ્દ કા હક્ક઼ હો નહીં સકતા અદા – હમ્દ કો લાઝિમ હૈ બન જાએ દુઆ*

તેમ છતાં પણ તેની હમ્દ કરું છું કે લખુ છું તો કેવળ એટલા માટે કે :

*હમ્દ રબકા વિર્દ કરતા હૂં – ફિક્ર કો મોતીયોંસે ભરતા હૂં*

**તુમ્હીં હાકિમે બરાયા તુમ્હીં ક઼ાસિમે અતા યા**
**તુમ્હી દાફ઼એ બલાયા તુમ્હીં શાફ઼ેએ ખતા યા**
**કોઈ તુમસા કૌન આયા**

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! અલ્લાહ તઆલાએ આપને જ તમામ જહાનોના હાકિમ બનાવ્યા છે. (توتی الملک من تشاء. فلا وربك لا يومنون حتى يحكمون) આપ જ અલ્લાહ તઆલાની તમામ નેઅમતોને વહેંચનારા છો. (اللہ یعطی وانا قاسم) અલ્લાહના હુકમ તથા ઈઝ્નથી આપની જાત બલ્કે આપનું નામ પણ મુશ્કેલીઓને ટાળી દે છે.

આપ ખતાઓથી દરગુઝર કરનારા છો અને ઉમ્મતના ગુનાહોને તમારી શફ઼ાઅતના નૂરથી ન કેવળ મિટાવનારા છો બલ્કે નેકીઓમાં તબદીલ કરાવનાર છો. فاؤلئك يبدل الله سياتهم حسنت "તો એવાઓની બુરાઈઓને ભલાઈઓમાં બદલી નાખશે." *(સૂ. ફ઼ુર્ક઼ાન, ૨૫/૭૦)* હદીષમાં છે : بدلت سياتكم حسنات (મેં તમારી બુરાઈઓને ભલાઈઓમાં બદલી કાઢી) આ સર્વ નેઅમતો હુઝૂર ﷺના સબબથી ઉમ્મતને મળી છે. હે મારા આક઼ા તથા મૌલા !

આપ તો બે મિષ્લ બેમિષાલ તથા લાજવાબ તથા બાકમાલ છો. ભલા આપ જેવું કોણ થઈ શકે છે ! ખુદાએ તો આપનો સાયો પણ નથી બનાવ્યો, કેમ કે સાયામાં કાંઈક અંશે સરખાપણુ હોય છે, પછી આપના જેવા હોવાનો દાવો શૈતાન સિવાય કોણ કરી શકે છે ?! અને આપે તો એ ફર્માવ્યું કે શૈતાનનો રસ્તો પણ રોકી દેવામાં આવ્યો છે. فان الشیطن لا یتمثل بی શૈતાન મારા જેવો નથી બની શકતો. જેથી કોઈ શૈતાનથી પણ મોટો જ હશે જે પોતે પોતાને આપના જેવો કહેશે.

*બતલાઈયે કોઈ નબીકા દેખા સાયા – સાયેકા ભી હોતા હૈ કિસી જા સાયા*
*જબ સાયએ નૂરે અજલી વો ઠહરા – પળતા ક્યૂં કર ઝમીં પર ઉસકા સાયા*

**વો કુંવારી પાક મરયમ વો નફ્ખ્ત ફીહ કા દમ**
**હૈ અજબ નિશાને આ'ઝમ મગર આમિના કા જાયા**
**વહી સબસે અફઝલ આલા**

**અર્થાત :** બેશક ! હઝરત બીબી મરયમ (કુંવારી, પાક) સલામુલ્લાહ અલૈહાને ત્યાં ઈસા علیہ السلام નું વગર બાપના કેવળ ફૂંકના થકી (જે જિબ્રઈલે અલ્લાહના હુકમથી તેમના દામન પર લગાડી) પેદા થવું ઘણો જ આશ્ચર્યજનક કમાલ છે અને એ અલ્લાહ તઆલાની નિશાન ઠરી, પરંતું સૈયદા આમિના તૈયબહ તાહિરા رضی اللہ عنہا ને ત્યાં ઈમામુલ અંબિયા ﷺની પેદાઈશ પર મોટા મોટા આશ્ચર્યજનક બનાવો (કૈસર તથા કિસ્રાના મહેલોના કંગુરાનું તૂટી જવું, સદીઓથી ચાલતી આગનું ઓલવાય જવું, કા'બાનું હરકત કરવું, તારાઓનું ઝુકી જવું, જિન્નોનું સલામ પઢવું, મૂર્તિઓનું થરથરીને પડી જવું, નૂરાની ઝંડાઓને લગાડી દેવું) આ હાલાત તથા બનાવો બતાવે છે કે જો ઈસા علیہ السلام કુદરતનું કેવળ નિશાન હતા તો આપણા આક઼ા કુદરતના નિશાને આ'ઝમ હતા.

*હૈં કા'બાએ કૌનેન રસૂલુષક઼લૈન – હૈં ક઼િબ્લએ દારૈન નબીયુલ હરમૈન*
*ક્યૂં દોનોં જહાં ન ઉનકે દરપે માંગે – હૈં ક઼ાસિમે કુલ શય જદ્દુલ હસ્નૈન*

**યહી બોલે સિદરાવાલે ચમને જહાં કે થાલે**
**સભી મૈંને છાન ડાલે તેરે પાયેકા ન પાયા**
**તુઝે યકને યક બનાયા**

**અર્થાત :** સિદરતુલ મુન્તહાના સર્વ ફરિશ્તા પોતાના સરદાર હઝરત જિબ્રઈલ علیہ السلام સહિત એકી અવાજે પોકારી ઉઠયા કે અમે પૂરા જહાનને ફંફોળી કાઢયું છે પરંતું હુઝૂર ﷺ જેવો મર્તબો તથા મક઼ામ કોઈનો નથી. કારણ એનું એ છે કે એ વહદહૂ લાશરીકલહૂએ પોતાના મહબૂબ ﷺને બેમિષ્લ તથા બેમિષાલ (અનુપમ તથા અજોડ) બનાવ્યા છે. હઝરત જિબ્રઈલ علیہ السلام એ હુઝૂર ﷺની બારગાહમાં એકવાર પોતાનો ફૈંસલો આ પ્રમાણે સંભળાવ્યો : قبلت الارض مشار قہا و مغار بہا فلم ار مثلک (او کما قال علیہ السلام)

*આફાક઼હા ગરદીદાઅમ – બિસ્યાર ખૂબિયાં દીદાઅમ લેકિન તૂ ચીઝે દીગરી*

હું આખુ વિશ્વ ફર્યો છું, મોટા મોટા હસીન જોયા છે પરંતું આપના જેવો કદી કોઈ નથી જોયો. પણ શું કરવામાં આવે છે કે : *નાદાં ઉન્હેં અપને સા કરતે હૈં 'નિયાઝી' (લેકિન) ઝર્રા નહીં હોતા કભી ગૌહર કે બરાબર*

**فَاِذَا فَرَغْتَ فَانْصَبْ યે મિલા હૈ ઉનકો મન્સબ**
**જો ગદા બના ચૂકે અબ ઉઠો વક઼્તે બખ્શિશ આયા**
**કરો ક઼િસ્મત અતાયા**



www.barkatekhwaja.net

**અર્થાત :** કુર્આન મજીદમાં રબ્બુલ આલમીને પોતાના મહબૂબ ﷺને فاذا فرغت فانصب "તો જ્યારે આપ ફારિગ થઈ જાવ તો પોતાના રબની બારગાહમાં ઉભા થઈ જાવ"નો મહાન હોદ્દો અતા કર્યો છે. તો હે મારા પ્યારા આકા ! ﷺ જેને આપે આપના ભીખારી બનાવી લીધો છે (یعبادی ફર્માવીને, اما السائل, ફર્માવીને, ولو انھم اذ ظلمو, ફર્માવીને)એ ભીખારી આપની ચોખટ પર સવારી બનીને ઉભેલા છે. ખુદારા ! ઉઠો ! (فانصب) અને તેમને અલ્લાહની અતાઓની વહેંચણી કરો.

*ક્યૂં હશ્રમેં ડર જાએં ગદાયાને નબી–ક્યૂં કબ્રમેં ઘભરાએં ગદાયાને નબી*
*દુન્યામેં જો હૈ હબીબે હક્ક કે "બંદે"–તા હશ્ર હૈ સરપે ઉનકે દામાને નબી –(જમીલે કાદરી)*

**وَاِلیٰ الْاِلٰہُ فَرْغَبْ કરૂં અર્ઝ સબકે મતલબ**
**કે તુમ્હીં કો તકતે હૈં સબ, કરો ઉન પર અપના સાયા**
**બનો શાફેએ ખતાયા**

**અર્થાત :** આ'લા હઝરત والی ربک فارغب ની આયતથી પોતાના મતલબની વાત કરે છે કે જ્યારે અલ્લાહ તઆલાએ આપને હુકમ આપી દીધો છે કે આપ પોતાના રબની તરફ ધ્યાનિત થાવ ! તો પછી હે પ્યારા આકા ﷺ તમારા રબની તરફ રુજૂઅ કરો ને ! અને અમારા સૌની હાજતો અલ્લાહની બારગાહમાં પેશ કરો ને ! આપના સર્વ ગદા તો કેવળ આપનું જ મોં તાકી રહ્યા છે કે હમણા આપણા આકા પોતાની રહમતનો સાયો અમારા પર કરશે, શફાઅતના હોઠ હલાવશે અને અમે સૌ બખ્શાઈ જાશું.

*ક્યૂં હશ્રમેં બિગળી હૂઈ હાલત હોગી– કબ ઉનકે ગુલામોં પે કયામત હોગી*
*ક્યા ખૌફ કરેં નારે જહન્નમસે 'જમીલ'– હમ પર તો વહાં હુઝૂર કી રહમત હોગી*

**અરે ! અય ખુદાકે બંદો કોઈ મેરે દિલકો ઢુંઢો**
**મેરે પાસ થા અભી તો અભી ક્યા હુવા ખુદાયા**
**ન કોઈ ગયા ન આયા**

**અર્થાત :** (આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના મહબૂબથી વાતો કરતાં કરતાં એટલા પ્રમાણમાં ફના ફિર્રસૂલ થઈ ગયા કે પોતાના દિલની પણ ખબર ન રહી ! અને એ આલમમાં ગભરાયને કહે છે :) અરે ! હે ખુદાના બંદાઓ ! જરા મારા દિલની ખબર લો, ક્યાં ચાલ્યુ ગયું છે ?! હમણા તો અહીં જ હતું ! અને કોઈ આવ્યુ ગયું પણ નથી ! હે ખુદાયા ! મારું દિલ ! (દિલ ક્યાંથી મળ્યું ? મકતઅમાં જુઓ જે અમુક નુસ્ખાઓમાં તો આઠમો શેઅર છે, પણ મેં એમાં આ'લા હઝરતનું નામ હોવાથી છેવટમાં રાખ્યો છે જેથી સર્વ નઅતો સાથે એકરૂપતા થઈ જાય.) કેમ કે અલ્લાહના મહબૂબની વાતો જ એટલી પ્યારી અને મીઠી છે કે :

*લબે સાદિકસે જો સુખને તકરીર હો જાએ–કભી કુર્આન બન જાએ કભી તફસીર બન જાએ*
*મૈં જબ દેખું જહાં દેખું તુઝે દેખું–તૂ મેરી આંખકી પુતલીમેં યૂં તેહરીર હો જાએ*
*તમન્ના હૈ કિસી શબ ખ્વાબમેં ઉનકી ઝિયારત હો–તમન્ના હૈ કિસી શબ ખ્વાબમેં તાબીર હો જાએ*
*મદીને સે હમારા કાફલા ચલનેકા વક્ત આયા – ઈલાહી કાફલા ચલનેમેં કુછ તાખીર હો જાએ*



www.barkatekhwaja.net

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### (બાવીસમી મજલિસ)

એ જ વરસે માહે રજબની ૨૩મી તારીખ મંગળ વારે કદમબોસીની દોલત હાંસલ થઈ. કા'બા તથા તેની ઈમારત અને તેની ખરાબીનો ઉલ્લેખ આવ્યો. ફર્માવ્યું કે કા'બાને બે વાર ખરાબ કરવામાં આવેલ છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કા'બાને બે વાર ખરાબ કરશે, ત્રીજીવાર આસમાન પર લઈ જઈશું અને એવું આખર જમાનામાં થશે. ત્યાર બાદ કયામત રચાય જશે. અને એ રીતે થશે કે જ્યારે કયામત નજીક આવી જશે તો મૂર્તિઓને લાવશે અને કા'બામાં રાખશે. અને તે કબીલો કે જેનું નામ અવસ હશે, તેની સ્ત્રીઓ આવશે અને તે મૂર્તિઓ સામે નાચ કરશે. એ વખતે કા'બાને આસ્માન પર ઉઠાવી લેવામાં આવશે.

### (ત્રેવીસમી મજલિસ)

એ જ વરસે શાબાનની ૧૧મી તારીખ શનિવારે કદમબોસીની સઆદત હાંસલ થઈ. બંદાને સામે બોલાવીને ફર્માવ્યું કે, તમારે જોઈએ કે હમેશાં તાઅત (ફર્માંબરદારી) તથા ઈબાદતમાં મશગૂલ રહો. અને વિર્દો તથા દુઆઓ પઢવામાં મહેનત કરો, અને જોઈએ કે મશાઈખની કિતાબોના અભ્યાસમાં વ્યસ્ત રહો અને બેકાર ન રહો. ત્યારબાદ ખાસ પોતાના લિબાસ વડે મુશર્રફ ફર્માવ્યો અને કુલાહ તથા કુર્તો પહેરાવ્યો. وَالْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعَالَمِیْنَ

### (ચોવીસમી મજલિસ)

**★ નિય્યત નેક હોવી જોઈએ, નહીં તો સૌ બેકાર છે ★**

એ જ મહીનાની ૨૫મી તારીખ શનિવારે કદમબોસીની સઆદત હાંસલ થઈ. શબ બેદારી તથા કુર્આનની તિલાવત અને એ ગિરોહની ચર્ચા ચાલી જે મસ્જિદમાં શબ બેદારી કરે છે. બંદાએ અર્ઝ કરી, જો પોતાના ઘરમાં શબબેદારી કરે તો કેવું છે ? ફર્માવ્યું કે પોતાના ઘરમાં એક સીપારો પઢવો બેહતર છે એના કરતાં કે મસ્જિદમાં ખત્મે કુર્આન કરે. એના પછી કોઈની ચર્ચા ચાલી કે જે આગલા સમયોમાં દમિશ્કની મસ્જિદમાં હમેશાં શબ બેદાર રહેતો હતો અને શયખુલ ઈસ્લામના હોદ્દાની આશામાં આખી રાત કયામ કરતો હતો (નફ્લો પઢતો હતો). આ દરમ્યાન ખ્વાજા ઝિકુલ્લાહ બિલ્ખૈર આંખમાં આસું ભરી લાવ્યા અને ઝબાન મુબારકથી ફર્માવ્યું, ફૂંકી દો પહેલાં શયખુલ ઈસ્લામીને અને પછી ખાનકાહને અને ત્યાર બાદ ખુદને !

એ દરમિયાન હિકાયત વર્ણન કરી કે એક શાકભાજી વેચનાર હતા જે ૨૫ વરસ રોઝાથી રહ્યા અને કોઈને એમના હાલની ખબર ન પડી, એ હદ સુધી કે એમના ઘરવાળાંઓને પણ ખબર ન થઈ કે તે

www.barkatekhwaja.net

રોઝા રાખે છે. જો ઘરમાં રહેતા તો એ જાહેર કરતા કે દુકાનમાં કોઈ ચીજ ખાય લીધી છે અને જો દુકાનમાં હોતા તો એવું જાહેર કરતા કે ઘરમાં કાંઈક ખાય લીધુ છે. ત્યારબાદ ફર્માવ્યું કે નિય્યત નેક હોવી જોઈએ. કેમ કે લોકોની નજર તો અમલ પર છે પણ ખુદાની નજર નિય્યત પર છે. નિય્યત ખુદાની તરફ હોય તો થોડો સરખો અમલ પણ પસંદીદા છે.

આ બારામાં કિ઼સ્સો સંભળાવ્યો કે દમિશ્ક઼ની જામેઅ મસ્જિદમાં વક઼ફ ખૂબ છે. એ જગાનો મુતવલ્લી ઘણો હૈસિયતવાળો હોય છે, જાણે બીજો બાદશાહ હોય. એ રીતે કે જો બાદશાહને માલની જરૂરત હોય તો મુતવલ્લીથી કરજ લે છે. સારાંશ કે એક દુરવેશે એ વક઼ફોની લાલચમાં દમિશ્ક઼ની જામેઅ મસ્જિદમાં તાઅત તથા ઈબાદતની શરૂઆત કરી કે કદાચ ખ્યાતિ મળી જાય અને મુતવલ્લીપણુ તેને આપી દે. એક મુદ્દત સુધી તાઅત તથા ઈબાદતમાં મશગૂલ રહ્યો. કોઈએ એનું નામ પણ ન લીધુ (ધ્યાન ન ધર્યું) ત્યાં સુધી કે એક રાતે એ દિખાવો કરવાની ઈબાદત પર એણે પ્રાયશ્ચિત કર્યું અને ખુદા તઆલાથી વાયદો કર્યો કે તારી, ખાસ તારી ખાતર જ ઈબાદત કરીશ, આ હોદ્દો મેળવવા નહીં. આ વાયદો કર્યો અને એ જ તાઅત તથા ઈબાદતમાં લાગેલો રહ્યો જે કરતો હતો, એમાં કોઈ કમી ન કરી. નેક નિય્યત સાથે એમાં લાગેલો રહ્યો. ત્યાર બાદ જ તેને મુતવલ્લીપણાના હોદ્દા માટે બોલાવવામાં આવ્યો. તો બોલ્યો, નહીં! મેં એને ત્યજી દીધેલ છે. ખૂબ જ એની તલબમાં રહ્યો, હવે જ્યારે કે એને ત્યજવાનું નિશ્ચિત કરી લીધું છે તો મને અર્પણ કરી રહ્યા છો ! સારાંશ એ જ પ્રમાણે ખુદાની ઈબાદતમાં મશગૂલ રહ્યો અને એ કામ (મુતવલ્લીપણાની લાલચ)થી ન ખરડાયો.

## (પચ્ચીસમી મજલિસ)

માહે મુબારકની નવમી તારીખ જુમ્આના રોજ ક઼દમ મુબારકની સઆદતથી મુશર્રફ થયો. હાજરજનોમાંથી કોઈએ વાત વર્ણવી કે એક શખ્સ ઘણી કાબેલિયતવાળો અને દુરવેશોની ખિદમતનો ઘણો આતુર હતો. તેને મેં કહ્યું કે તમે ખ્વાજાના મુરીદ કેમ નથી થઈ જતા ? તેણે જવાબ આપ્યો કે, હું એકવાર બયઅતની નિય્યતથી ત્યાં ગયો હતો. ત્યાં મેં ઉમદા કપડાં બિછાવેલાં અને શમ્અઓ સળગતી જોઈએ, તો મારો એતેકાદ (વિશ્વાસ) ડામાડોળ થઈ ગયો. હું પરત ચાલ્યો આવ્યો. ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરએ જ્યારે એ વાત સાંભળી તો હાજરીનની તરફ જોયું અને ફર્માવ્યું, અહીં જામાહાએ ખ્વાબ (કપડાનો ઉમદા પ્રકાર જેને અમીરો વાપરે છે) તથા શમ્અઓ ક્યારે હતી ? ત્યાર બાદ મુસ્કુરાયને ફર્માવ્યું કે, કેમ કે બયઅતની દૌલત એની કિ઼સ્મતમાં ન હતી જેથી એને એવું જ દેખાડવામાં આવ્યું. એ દરમિયાન બંદાએ અર્ઝ કરી કે જામાહાએ ખ્વાબ (ઉમદા બિછોનાઓ) તથા શમ્અઓ જો હોય તો પણ એતેક઼ાદ શા માટે ખરાબ કરવામાં આવે ? ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અમુકનો એતેક઼ાદ જરા સરખી ચીજથી બદલાય જાય છે અને અમુકનો એતેક઼ાદ મજબૂત હોય છે અને ઈરાદતમાં પૂરી રીતે પુખ્તા હોય છે.

### ★ પીરના ફર્માનની રક્ષા વિશે ★

પછી પીરના ફર્માનની રક્ષા વિશે વર્ણન આવ્યું. ફર્માવ્યું કે એકવાર શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قُدِّسَ سِرُّہُ الْعَزِیْز એ એક દુઆ હાથમાં રાખેલી હતી અને ફર્માવી રહ્યા હતા કે કોઈ છે જે આ દુઆને યાદ કરી લે ! હું સમજી ગયો કે એમનો હેતુ એ છે કે હું યાદ કરી લઉં. હું આદાબ બજાવી લાવ્યો અને અર્ઝ કરી, જો હુકમ હોય તો બંદો યાદ કરી લે. તે દુઆ મને અર્પણ કરી આપી. મેં અર્ઝ કરી કે એકવાર શયખની સામે પઢી લઉં પછી યાદ કરી લઉં. ફર્માવ્યું, પઢો ! જ્યારે મેં પઢી તો એક એઅરાબની સુધારણા કરી કે

જ્યારે આ હિકાયત પૂરી થઈ ગઈ તો ખ્વાજા رحمۃ اللہ علیہએ કિસ્સો સંભળાવ્યો કે મારાથી પણ એકવાર શયખની સામે વિના ઈરાદે એક બહાદુરી થઈ ગઈ હતી. અને એવું થયું હતું કે એક દિવસે અવારિફનો નુસ્ખો શયખની સામે હતો એમાંથી ફવાઈદ વર્ણવી રહ્યા હતા. કદાચ એ નુસ્ખો ઝીણા અક્ષરોમાં લખેલો અને કાંઈક અંશે ખરાબ હાલતમાં હતો. શયખ એને વર્ણન કરવામાં કેટલાક અંશે અટકતા હતા. મેં એકવાર એક બીજો નુસ્ખો શયખ નજીબુદ્દીન મુતવક્કિલ رحمۃ اللہ علیہની પાસે જોયો હતો તે મને યાદ આવી ગયો. અર્ઝ કરી કે શયખ નજીબુદ્દીનની પાસે સહીહ નુસ્ખો છે. કદાચ એ વાત આપ હઝરતને નાપસંદ પડી. થોડા અટકીને ઝબાન મુબારકથી ફર્માવ્યું, દુરવેશમાં ખામીયુક્ત (કમજોર) નુસ્ખાને સહીહ કરવાની શક્તિ નથી ? એક બે વાર એ જ વાત ઝબાન મુબારક પર આવી અને મારા દિલમાં જરા પણ ખયાલ ન હતો કે કોના બારામાં ફર્માવે છે. જો મેં જાણીબુઝીને એ નિય્યત સાથે એ વાત કહી હોત તો મારા બારામાં પણ વિચારતો કે આ વાત મારા સંબંધે છે. જ્યારે બે ત્રણ વાર આ વાત કહી તો મૌલાના બદરુદ્દીન ઈસ્હાક رحمۃ اللہ علیہએ મને કહ્યું કે શયખ આ વાત તમારા બારામાં કહે છે. હું ઉભો થઈ ગયો અને માથુ ઉઘાડુ કરી લીધું અને શયખના કદમો પર ગબડી પડયો અને અર્ઝ કરી કે અલ્લાહની પનાહ ! જો આ વાતથી મારો હેતુ મખ્દૂમની તરફ ઈશારો રહ્યો હોય. મેં એક નુસ્ખો જોયો હતો એનો ઉલ્લેખ કરી આપ્યો, મારા દિલમાં અન્ય કોઈ ચીજ ન હતી. દરેક રીતે હું માફી ચાહતો હતો પણ નાખુશીની અસર એ જ પ્રમાણે શયખમાં જોતો હતો. ત્યાંથી ઉઠયો તો સમજમાં આવતુ ન હતું કે શું કરું. કોઈને એવો દિવસ અને એવો ગમ ન મળે જેવો એ દિવસે મને હતો. મને રડવું આવવા લાગ્યું. બેચૈન પરેશાન હાલતમાં બહાર આવ્યો ત્યાં સુધી કે એક કૂવા પર પહોંચ્યો. ચાહતો હતો ખુદને

આ રીતે પઢો ! મેં જે રીતે શયખે ફર્માવ્યું હતું એ જ રીતે પઢયું, જો કે જે રીતે મેં પઢયું હતું એ પણ અર્થ ધરાવતુ હતું. સારાંશ એ જ વખતે તે દુઆ મને દિલથી યાદ થઈ ગઈ. મેં અર્ઝ કરી કે દુઆ યાદ કરી લીધી છે, હુકમ હોય તો પઢું. આદેશ આપ્યો, પઢો ! મેં દુઆ સંભળાવી અને એ એઅરાબ જે શયખે બતાવ્યો હતો એને એ જ રીતે પઢયો. જ્યારે શયખની ખિદમતમાંથી બહાર આવ્યો તો મૌલાના બદરુદ્દીન ઈસ્હાક رحمۃ اللہ علیہએ મને કહ્યું કે તમે સારું કર્યું કે એઅરાબ એ રીતે પઢયા જે રીતે શયખે બતાવ્યા હતા. મેં કહ્યું, જો સીબુલિયહ જે આ ઈલ્મનો શોધક છે અને તે સૌ જેઓ આ ઈલ્મના બાની (સ્થાપક) થયા છે, તેઓ આવે અને મને કહે કે એઅરાબ એ જ પ્રમાણે છે જે રીતે તમે પઢયા હતા, તો પણ હું એ જ પ્રમાણે પઢીશ જેવી રીતે શયખે ફર્માવ્યું છે. મૌલાના બદરુદ્દીને કહ્યું, આ આદબ જે તમે જાળવી રાખો છો એ અમારામાંથી કોઈને પણ મયસ્સર નથી.

પછી પીરની બારગાહના આદાબની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે મેં શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قُدِّسَ سِرُّہُ الْعَزِیْزથી સાંભળ્યું છે કે મેં મારી પૂરી જિંદગીમાં એક હિંમત મારા પીર શયખ કુત્બુદ્દીન قُدِّسَ سِرُّہُ الْعَزِیْزની સમક્ષ કરી હતી. અને થયું એવું કે એકવાર શયખથી ઈજાઝત માગી કે ચિલ્લો કરું અને ગોશાનશીન થઈ જઉં. શયખ કુત્બુદ્દીન قُدِّسَ سِرُّہُ الْعَزِیْزએ ફર્માવ્યું કે જરૂરત નથી, એનાથી શોહરત (ખ્યાતિ) મળે છે, અને આપણા ખ્વાજગાનથી એવી રિવાયત નથી. મેં જવાબ આપ્યો કે, શયખ પર મારો હાલ રોશન છે કે મારી નિય્યત શોહરતની રજ માત્ર પણ નથી, હું શોહરત માટે નથી કહેતો. શયખ કુત્બુદ્દીન ખામોશ થઈ ગયા. ત્યારબાદ હું બાકીની આખી જિંદગી શર્મિંદો રહ્યો અને તૌબા કરતો રહ્યો કે આવો જવાબ શા માટે આપ્યો કે જે એમના હુકમ મુજબ ન હતો ?!

એ કૂવામાં ફેંકી દઉં, પછી મેં સંયમ રાખ્યો અને પોતાની જાતને કહ્યું કે તું તો ગદાએ મુર્દા છે, પોતે પોતાને મુર્દા જ સમજ, પણ આ બદનામી કોઈ અન્ય પર ન જાય.

એ જ અફસોસ તથા પરેશાનીમાં બેક્રરાર થઈને બહાર જંગલની તરફ નીકળી ગયો અને અંદરને અંદર ગિર્યાઓ ઝારી રૂદન કાકલૂદી કરતો રહ્યો. ખુદા જ જાણે છે કે એ વખતે મારો શો હાલ હતો. સારાંશ શયખના એક સાહબઝાદા શહાબુદ્દીન લક્બધારી હતા. મારા અને તેમના વચ્ચે મહોબ્બતનો સંબંધ હતો. તેમને મારા આ હાલની ખબર પડી. શયખની ખિદમતમાં ગયા અને મારી હાલત સારી રીતે આપની ખિદમતમાં અર્ઝ કરી. હઝરત શયખે પોતાના પુત્ર મુહમ્મદને મને બોલાવવા મોકલ્યો. હું આવ્યો. માથુ કદમ મુબારકમાં રાખી દીધું. એ વખતે ખુશ થયા. બીજા દિવસે મને સામે બોલાવ્યો અને ખૂબ જ શફકત તથા પ્રેમભાવ દર્શાવ્યો અને આદેશ આપ્યો કે સૌ તમારા હાલના કમાલ માટે કરું છું. આ શબ્દ એ દિવસે મેં હઝરતથી સાંભળ્યો કે પીર મુરીદને સંવારનાર હોય છે. એ વખતે મને ખિલ્અત અતા થઈ અને પોતાના ખાસ લિબાસથી મુશર્રફ કર્યો. وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْن

---

પેજ નં.૪૮ નું ચાલુ.. મારી વાતચીત સાંભળીને હવે તે તદ્દન ખામોશ હતો, સાથોસાથ તે ઊંડા વિચારમાં ડૂબેલો માલૂમ પડયો. મેં ફરી તેને ધ્યાનિત કરતાં કહ્યું કે, અઝીઝમ ! ક્યાં સુધી એ પાક હસ્તીઓના બારામાં બદગુમાની પેદા કરવાવાળી ઘડ માથા વિનાની જૂઠી વાતોના કારણે હકીકતોથી આંખો બંધ કરીને રાખશો ?

હવે હું તમને એ હકીક્ત જ બતાવી દઉં જેના કારણે હુઝૂરે અક્દસ ﷺનો વારસો આપના કોઈ વારસદારને નથી આપવામાં આવ્યો, તે ખુદ જનાબ રિસાલત મઆબ ﷺનું આ ફર્માન છે :–

نحن معشر الانبياء لانرث ولانورث، ماتركناصدقة

"અમે નબીઓ દુનિયાના વારસામાં ન કોઈના વારસદાર બનીએ છીએ અને ન કોઈ અમારો વારસદાર બને છે. જે માલ સંપત્તિ છોડીએ છીએ તે ઉમ્મત પર સદકો હોય છે."

મેં તેને કહ્યું, અઝીઝમ ! આ તે મજબૂરી હતી જેના કારણે હઝરત અબૂબક્રથી લઈને હઝરત અલી તથા હઝરત હસન رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن સુધી કોઈ પણ ખલીફાએ બાગે ફિદકને આલે રસૂલનો હક્ નથી સમજયો જેના લીધે તમે આજે તેમની વચ્ચે નફરત નાખવાની કોશિશ કરી રહ્યા છો.

નવયુવાન હવે મારી વાતચીત સાંભળીને પરેશાન તથા શર્મિંદો મેહસૂસ થવા લાગ્યો. પછી ખૂબ જ આજીજીપૂર્વક તેણે મને જોયો અને બોલ્યા, આપનો ખૂબ ખૂબ આભાર ! આપે મારી આંખો ખોલી આપી. આજથી હું આ પ્રકારના વાંધાઓ કરવાથી તૌબા કરું છું. હવે હું રબ તઆલાથી પણ વાયદો કરું છું કે હવે પછી હું રસૂલુલ્લાહ ﷺના સહાબીઓના બારામાં મારી સોચને સકારાત્મક બનાવી દઈશ.

મેં એ નવયુવાનને મુબારકબાદ આપી અને એક મહોબ્બતથી ભરપુર મુઆનિકા તથા મુસાફો (ગળે મળી મુસાફો) કર્યો. પછી તે નવયુવાન શુક્રિયા અદા કરીને ચાલ્યો ગયો.

---

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૮૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! –*તંત્રી...*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

ભાગ–૨

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

### ★ ગોશ્ત ખાવાનો તરીકો ★

અને ફર્માવ્યું કે ખાતી વખતે ગોશ્તને છરીથી ન કાપો, કેમ કે એ અજમીઓનો તરીકો છે. એને દાંતથી તોડીને (ચૂસીને) ખાઓ. કેમ કે એ ખુશગવાર અને પાચન શક્તિ માટે સારું છે. આ વાત તે વખતે જ છે જ્યારે કે ગોશ્ત બરાબર સારી રીતે પાકી ચૂક્યો હોય, હાથ કે દાંતથી તોડીને ખાઈ શકાય એવો હોય. આજકાલ ઘણા મુસલમાન યૂરોપનું અનુકરણ કરતાં છરી, કાંટાથી ખાય છે. એ બુરો તરીકો છે અને છરીથી ગોશ્ત કાપીને ખાવાની જરૂરત ઊભી થાય એટલે કે ગોશ્ત એટલો ઓગળ્યો (પાક્યો) નથી કે હાથથી તોડી શકાય કે દાંતથી ચૂસી શકાય યા દા.ત. આખી રાંગ સેકેલી હોય કે જેના કારણે દાંતોથી ચૂસવામાં તકલીફ પડે એમ હોય તો છરીથી કાપીને ખાવામાં વાંધો નથી. આવા પ્રકારના કેટલાક મોકાઓ પર હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ છરીથી ગોશ્ત કાપીને ખાધો છે. એના પરથી આજકાલ જે છરી કાંટાથી ખાવામાં આવે છે તેને દલીલમાં લાવવું સહીહ નથી. *(અબૂ દાઊદ)*

અને ફર્માવ્યું કે હું ટેકો દઈને ખાવા ખાતો નથી. *(બુખારી)*

અનસ رضی اللہ عنہ થી મરવી છે કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ થાળમાં ખાણુ ખાધું નથી તેમજ નાની નાની પ્યાલીઓમાં ખાધું નથી અને હુઝૂરને માટે પાતળી ચપાટીઓ પણ પકાવવામાં નથી આવી. બીજી રિવાયતમાં છે કે હુઝૂરે પાતળી ચપાટીઓ જોઈ પણ નથી. હઝરત કતાદા رضی اللہ عنہ થી પૂછવામાં આવ્યું કે કઈ ચીજ પર તે લોકો ખાવા ખાતા હતા ? કહ્યું કે દસ્તરખ્વાન પર.

થાળને ઊંચી બેઠક પર મૂકીને જેના પર ઉમરાઓને ત્યાં ખાણુ મૂકવામાં આવે છે કે જેથી ખાતી વખતે ઝૂકવું ન પડે. એના પર મૂકીને ખાવા ખાવું ઘમંડીઓનો તરીકો હતો. જે રીતે આજના સમયમાં કેટલાક લોકો મેજ (ડાયનીંગ ટેબલ) પર ખાય છે, નાની નાની પ્યાલીઓમાં ખાવા ખાવું પણ અમીરોનો તરીકો છે. કેમ કે એમને ત્યાં જુદી જુદી જાતનુ ખાણું હોય છે (તેને) નાના નાના વાસણોમાં રાખવામાં આવે છે. *(બુખારી)*

અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈ દિવસ ખાણાને એબ લગાડી નથી (અર્થાત ખરાબ કહ્યું નથી). જો ખાવાની ઈચ્છા થઈ તો ખાય લીધું, નહીંતર છોડી દીધું (પરંતુ બુરું કહ્યું નથી). *(બુખારી, મુસ્લિમ)*

અને ફર્માવ્યું કે એક માણસ માટેનું ખાવા બે માણસ માટે કાફી છે અને બે માણસો માટેનું ખાવા ચાર માટે પૂરતું છે અને ચારનું ખાવા આઠ માટે કાફી છે. *(મુસ્લિમ)*

અને ફર્માવ્યું કે પોતે પોતાના ખાવાને માપ્યા કરો. તમારે માટે એમાં બરકત થશે. *(બુખારી)*

અને ફર્માવ્યું કે આદમીએ પેટથી વધારે બુરું બીજુ કોઈ વાસણ નથી ભર્યું. ઈબ્ને આદમ માટે થોડાક લૂકમા (કોળિયા) જ કાફી છે જે એની પીઠને સીધી રાખે. જો વધારે ખાવાની જરૂર હોય (કકડીને ભૂખ હોય) તો ત્રીજા ભાગનુ પેટ ખાવા માટે, ત્રીજા ભાગનું પાણી માટે અને ત્રીજા ભાગનું શ્વાસ લેવા માટે. *(તિર્મિઝી, ઈબ્ને માજા)*

ઈબ્ને ઉમર رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ

www.barkatekhwaja.net

ﷺ એ એક માણસના ઓડકારનો અવાજ સાંભળ્યો, તો ફર્માવ્યું કે તમારી ઓડકાર ઓછી કરો એટલા માટે કે કયામતના દિવસે સૌથી વધારે ભૂખ્યો તે હશે જે દુનિયામાં ખૂબ પેટ ભરે છે.

*(તિર્મિઝી)*

અસ્મા બિન્તે યઝીદથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ ની ખિદમતમાં ખાવા લાવવામાં આવ્યું. હુઝૂરે અમને પ્રથમ ફર્માઈશ કરી. અમે કહ્યું કે અમને ખ્વાહિશ નથી. ફર્માવ્યું કે ભૂખ અને જૂઠ બંને ચીજાને એકત્ર ન કરો ! અર્થાત ભૂખની વખતે કોઈ ખાવા ખવડાવે તો ખાય લો, એવું ન કહેવું કે ભૂખ નથી. કેમ કે ખાવા ન ખાવું અને જૂઠ બોલવું દુનિયા અને આખેરત બંનેનું નુકસાન છે. કેટલાક તકલ્લુફ કરનારા એવું કરે છે અને ઘણા ગામડીયા લોકો આવા પ્રકારની આદત રાખે છે અને જ્યાં સુધી એમને વારંવાર ખાવાનું કહેવામાં આવે છે ત્યાં સુધી તેઓ ઈન્કાર કરતા રહેશે અને કહેતા હોય છે કે અમને ઈચ્છા નથી. જૂઠ બોલવાથી બચવું જરૂરી છે. *(ઈબ્ને માજા)*

અને ફર્માવ્યું કે જે માણસ ચાંદી સોનાના વાસણમાં ખાય પીએ છે તે પોતાના પેટમાં જહન્નમની આગ ઉતારે છે. *(મુસ્લિમ, અબૂ દાઊદ)*

અને ફર્માવ્યું કે જો ખાવામાં માખી પડે તો એને ડૂબાડી પછી બહાર કાઢી ફેંકી દો. કેમ કે એની એક પાંખમાં બીમારી છે અને બીજી પાંખમાં શિફા છે અને તે પોતાની એ બાજુથી (શિફાવાળી પાંખથી) પોતાને બચાવે છે અને જે પાંખમાં બીમારી છે તે પાંખને પ્રથમ ખાવામાં નાંખે છે, પરિણામે આખી (પૂરી) માખીને ડૂબાડી દો. *(અબૂ દાઊદ)*

## ★ ક્યારે ખાવું ફર્ઝ છે ? ★

**મસ્અલા** : કેટલીક હાલતમાં ખાવું ફર્ઝ છે અને ખાવા પર સવાબ છે અને ન ખાવા પર અઝાબ. જો એટલા પ્રમાણમાં જોરથી કકડીને ભૂખ લાગી હોય અને જાણતો હોય કે નહીં ખાઉં તો મરી જવાશે તો જાન બચી જાય એટલું ખાવું ફર્ઝ છે અને આવી હાલતમાં જો ખાધું નહીં એટલે સુધી કે તે મરી ગયો તો ગુનેહગાર થયો. એટલું ખાવું કે ઊભા રહીને નમાઝ પઢવાની તાકાત આવી જાય અને રોઝો રાખી શકે. એટલે કે ન ખાવાથી એટલો કમજોર થઈ જશે કે ઉભો રહીને નમાઝ નહીં પઢી શકે અને રોઝો નહીં રાખી શકે તો એટલા પ્રમાણમાં ખાય લેવું જરૂરી છે અને એમાં પણ સવાબ છે. *(દુર્રે મુખ્તાર)*

## ★ ખાધા પીધા વિના જાન જવાનો ભય હોય તો ? ★

**મસ્અલા** : જાન જવાનો અંદેશો હોય એવી હાલતમાં જો હલાલ ચીજ ખાવા માટે ન મળતી હોય તો હરામ ચીજ યા મુરદાર (મરેલું) યા બીજાની ચીજ ખાયને પોતાની જાન બચાવે. અને આવી હાલતમાં એ ચીજોને ખાઈ લેવામાં કોઈ પકડ નહીં થાય બલ્કે ન ખાઈને મરી જવામાં પકડ થશે. જો કે બીજાની ચીજ ખાવા માટે બદલો આપવો પડશે.

*(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : તરસના કારણે હલાક થવાનો અંદેશો હોય તો કોઈ ચીજને પીને પોતાની જાતને હલાકતથી બચાવવી ફર્ઝ છે. પાણી નથી અને શરાબ હાજર છે અને ખબર છે કે એને પી લેવાથી જાન બચી જશે, તો જાન જતી રહેવાનો અંદેશો દૂર થાય એટલો પી લે. *(દુર્રે મુખ્તાર, રદુલ મુહ્તાર)*

**મસ્અલા** : બીજા કોઈની પાસે ખાવા પીવાની ચીજ છે તો કિંમત આપી ખરીદ કરી ખાય પી લેવી અને તે વેચાતી ન આપતો હોય અને જાન પર આવી બન્યું હોય તો જબરદસ્તીથી ઝૂટવી લે અને જો તેને માટે પણ એવો જ અંદેશો હોય તો થોડીક લઈ લે અને થોડીક એને માટે છોડી દે. *(રદુલ મુહ્તાર)*

www.barkatekhwaja.net

**મસ્અલા** : એક માણસ ઈઝતેરારની હાલતમાં એટલે કે ભૂખથી જાન જવાની હાલતમાં છે તેને બીજો માણસ એમ કહે છે કે આ મારો હાથ કાપી લે અને તેનો ગોશ્ત ખાય લે તો એને માટે ગોશ્ત ખાવાની ઈજાઝત નથી. એટલે એવી હાલતમાં પણ ઈન્સાનનો ગોશ્ત ખાવો મુબાહ નથી. *(રદ્દુલ મુહ્તાર)*

## ★ શરાબ દવા રૂપે પણ જાઈઝ નથી ★

**મસ્અલા** : ખાવા પીવા પર દમ અને ઈલાજનો કયાસ ન કરવો અર્થાત ભૂખથી જાન જવાની હાલતમાં મુરદાર અને શરાબને ખાવા પીવાનો હુકમ છે પરંતુ દવાના તોર પર શરાબ જાઈઝ નથી. કેમ કે મરેલાનો ગોશ્ત અને શરાબ યકીની તોર પર ભૂખ અને પ્યાસ મટાડનાર છે અને દવાના તોર પર શરાબ પીવામાં યકીની તોર પર એવું કહી શકાશે નહીં કે રોગ મટી જ જશે. *(રદ્દુલ મુહ્તાર)*

## ★ ખાવામાં માપ હોવું જોઈએ ! ★

**મસ્અલા** : ભૂખથી ઓછુ ખાવું જોઈએ અને પૂરેપૂરી ભૂખ ભરીને ખાવા ખાવું (ખૂબ ખાવું) મુબાહ છે. એટલે કે ન સવાબ છે ન ગુનોહ. વધારે (ખાવાનો)નો મતલબ એ છે કે એટલું બધું ખાવું જેના કારણે પેટ ખરાબ થવાનું ગુમાન હોય. દા.ત. ઝાડા થઈ જશે અને તબિયત બગડશે (બેચેની લાગશે). *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જો ભૂખ કરતાં વધારે એટલા માટે ખાધું કે કાલે રોઝો સારી રીતે રાખી શકાશે અને રોઝામાં કમજોરી પેદા નહીં થાય તો કોઈ વાંધો નથી. જ્યારે કે એટલુ વધારે હોય જેના કારણે પેટ ખરાબ થવાનો અંદેશો ન હોય અને એવું માલમ પડતું હોય કે જો વધારે નહીં ખાઉં તો કમજોરી આવશે અને કામ કરવામાં તકલીફ પડશે એ રીતે જો મહેમાન સાથે ખાય રહ્યો હોય અને એવું જાણે છે કે જો હાથ ખેંચી લઈશ તો મહેમાન શરમાઈ જશે અને તે ભરપેટ ખાઈ શકશે નહીં તો આવી હાલતમાં થોડુંક વધારે ખાવાની ઈજાઝત છે.

*(દુર્રે મુખ્તાર)*

## ★ ખાવામાં શું નિય્યત હોવી જોઈએ ? ★

**મસ્અલા** : ધરાઈને એટલા માટે ખાધું કે વધારે પ્રમાણમાં નવાફિલ પઢી શકાશે અને પઢવા પઢાવવામાં કમજોરી પેદા નહીં થાય અને સારી રીતે કામને અંજામ આપી શકાશે એ મનદૂબ છે અને ધરાઈને એટલું ખાધું કે જેનાથી પેટ ખરાબ થઈ જાય એ મકરૂહ છે. ઈબાદત ગુઝાર માણસને મુબાહ ગણાય એટલું ખાવાનો કે પછી મનદૂબ પ્રકારનું ખાવાનો ઈખ્તિયાર છે. પરંતુ એણે એ નિયત કરવી પડશે કે હું એટલા માટે ખાઉં છું કે ઈબાદત કરવાની શકિત પેદા થઈ શકે. આવી નિય્યતથી ખાવું પણ એક પ્રકારની બંદગી છે. ખાવામાં એની નિય્યત લિજ્જત તેમજ એશઆરામ ન હોય કેમ કે એ દુર્ગુણ છે. કુર્આન મજીદમાં કાફિરોની સિફત (ખાસિયત)નું વર્ણન કરતાં એમ કહ્યું છે કે ખાવાથી એમનો મકસદ ફાયદો અને એશઆરામ હોય છે. અને હદીષમાં ખૂબ ખાવાને કાફિરોની સિફત (ખાસિયત) બતાવી છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : જુવાન આદમીને એવો અંદેશો હોય કે જો વધારે ખાઈશ તો શેહવતનો ગલ્બો (વાસનાનો પ્રભાવ) પેદા થશે તો ખાવામાં કમી કરે કે જેથી ગલ્બએ શેહવત ન થાય. પરંતુ એટલી કમી ન કરે કે જેના કારણે ઈબાદતમાં કસૂર પેદા થાય. *(આલમગીરી)* એ રીતે કેટલાક લોકોને ગોશ્ત ખાવાથી ગલ્બએ શેહવત થાય છે તો તેઓ પણ ગોશ્તમાં કમી કરે. –*(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

# અવામી ગલતફેહમિયાં
## ઔર ઉનકા શરઈ હલ

(નજમી દારુલ ઈફતા-આમોદ)

હપ્તો : ૩૦

**૦૯. ઉમરા કી નિય્યત કરને કે બા'દ અરકાન અદા કરને સે પેહલે ઔરત કો હૈઝ કા ખૂન આ જાએ તો ઉમરા હો જાએગા ? યા ઉસી હાલત મેં ઉમરા કે અરકાન અદા કરેગી ?**

ઉમરા કી નિય્યત કરને કે બા'દ અરકાન અદા કરને સે પેહલે અગર ઔરત કો હૈઝકા ખૂન આ જાએ તો અબ વોહ કયા કરે, ઈસકે હવાલે સે બહોત સે લોગ શક શુબ્હે મેં મુબ્તલા રહતે હૈં. બા'ઝ સમઝતે હૈં કે અબ ઉમરા ખત્મ હો ગયા, બા'ઝ સમજતે હૈં કે હૈઝ કી હાલત હી મેં ઉમરા કે અરકાન અદા કર લિયે જાએં, યે દોનોં ખયાલાત ગલત હૈં. ઐસી ઔરત કે બારે મેં શરીઅત કા હુકમ યે હૈ કે વોહ પાક હોનેકા ઈન્તિઝાર કરે જબ પાક હો જાએ તો તહારત કી હાલતમેં તમામ અફઆલે ઉમરા અદા કરકે ઉમરા મુકમ્મલ કરે. યાદ રહે કે હૈઝ કી હાલતમેં તવાફ કરના, બલ્કે મસ્જિદે હરામ શરીફ મેં દાખિલ હોના જાઈઝ નહીં, લિહાઝા અગર ઔરતને હૈઝ કી હાલત હી મેં તવાફ ઔર ઉમરા કે બક઼િય્યા અરકાન અદા કર લિયે તો ઉસકા ઉમરા અદા હો જાએગા. મગર ગુનેહગાર હોગી. નીઝ ઉસ પર લાઝિમ હોગા કે જબ તક મક્કએ મુકર્રમા મેં હૈ પાકી કી હાલત મેં ઉસ તવાફ કો દોબારા કરે ઔર અગર તવાફ દોબારા કિયે બગૈર વતન ચલી ગઈ તો વાજિબ કે તર્ક કે સબબ ઉસ પર દમ લાઝિમ હોગા.

''બહરૂર્રાઈક઼''મેં હૈ :–

ان الحیض یتعلق بالاحکام :الرابع عشر یحرم الطواف من جهتین دخول المسجد و ترک الطهارة له.

(البحر الرائق، ج:۱، ص:۳۳٦، دار الکتب العلمیة، بیروت)

યા'ની : ''બેશક ! વોહ અહકામ જો હૈઝ સે તઅલ્લુક઼ રખતે હૈં, ઉનમેં સે ચોદહવાં યે હૈં કે : હાલતે હૈઝ મેં દો સબબ સે તવાફ હરામ હો જાતા હૈ, મસ્જિદ મેં દાખિલ હોને ઔર તહારત કે ન પાએ જાને કી વજહ સે.''

''મનાસિકે મુલ્લા અલી ક઼ારી'' મેં તવાફ કે વાજિબાત બયાન કરતે હુએ ફર્માયા :–

الاول الطهارة عن الحدث الاکبر و الاصغر ---- ثم اذا ثبت ان الطهارة عن النجاسة الحکمیة وواجبة فلو طاف معها یصح عندنا. (مناسك ملا علی قاری، ص:۲۱۳، مطبوعه مکة المکرمه)

યા'ની : ''તવાફ કે વાજિબાત મેં સે પેહલા વાજિબ યે હૈ કે હદષે અસ્ગર યા'ની બેવૂઝૂ હોને ઔર હદષે અકબર યા'ની હૈઝો નિફ઼ાસ ઔર જનાબત સે પાક હો.....ફિર જબ યે ષાબિત હો ગયા કે નજાસતે હુકિમય્યા સે પાક હોના વાજિબ હૈ તો અગર ઉસને ઉસી હાલતમેં તવાફ કિયા તો તવાફ અદા હો જાએગા.''

''મુહીતે બુરહાની'' મેં હૈ :–

اذا طاف للعمرة محدثا او جنبا فما دام بمکة یعید الطواف لان الطواف رکن العمرة کطواف الزیارة فی الحج و ان رجع الی اهله و لم یعد ففی المحدث یلزمه الشاة وفی الجنب ---وفی الاستحسان یکفیه شاة.

(المحیط للبرهانی، ج:۳، ص:٤٥۳، مطبوعه بیروت)

યા'ની : ''અગર કિસીને ઉમરે કા તવાફ બેવુઝૂ યા જનાબત કી હાલત મેં કિયા તો જબ તક મક્કા મકર્રમા મેં હૈ (પાકી કી હાલત મેં) દોબારા તવાફ કરે. ક્યૂં કે તવાફ ઉમરે કા રૂકન હૈ જૈસા કે હજજ મેં તવાફે ઝિયારત હોતા હૈ ઔર અગર દોબારા તવાફ કિયે બગૈર અપને ઘર કો લોટ ગયા તો એક દમ લાઝિમ હોગા. યા'ની એક બકરી યા બકરે કી કુર્બાની કરના લાઝિમ હોગા.''

➺ અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

"મુફતી અલી અસ્ગર અત્તારી" અપની કિતાબ "૨૭ વાજિબાતે હજ્જ" મેં ફર્માતે હૈં :–

"અગર કિસીને તમામ યા અકષર ફેરે ઉમરે કે તવાફ મેં જનાબત, હૈઝ યા નિફાસ કી હાલત મેં કિયે તો મક્કા મુકર્રમા મેં રહતે હુએ પાકી કી હાલત મેં ઈઆદા કરના વાજિબ હૈ ઔર અગર બેવુઝૂ હાલત મેં કિયે તો પાકી કી હાલત મેં ઈઆદા કરના મુસ્તહબ હૈ, ઈઆદા ન કિયા તો મઝકૂરા તમામ સૂરતોં મેં એક દમ દેના લાઝિમ હોગા." *(૨૭ વાજિબાતે હજ્જ, સફહા : ૧૫૨)*

**૧૦. ઉમરા મુકમ્મલ હોને કે બાદ મક્કાસે મીક઼ાત કે બાહર કહીં ઝિયારત કે લિયે ગયા (જૈસે તાઈફ શરીફ) તો વાપસ મક્કા શરીફ આતે વક઼્ત ક્યા એહરામ પેહનના ઝરૂરી હૈ ?**

કઈ હઝરાત ઐસે હૈં કે ઉમરા યા હજ્જ મુકમ્મલ હોને કે બાદ તાઈફ શરીફ યા કિસી ઔર જગહ મીક઼ાત કે બાહર જાતે હૈં ફિર મક્કા શરીફ વાપસ હોતે હુએ બગેર એહરામ કે આતે હૈં ઔર યે સમજતે હૈં કે ઉમરા યા હજ્જ કા ઈરાદા નહીં હૈ તો એહરામ પહનને કી ક્યા ઝરૂરત હૈ, યે સોચ ઔર અમલ શરઈ એઅ્તેબાર સે ગલત હૈ. હુકમે શરઅ યે હૈ કે મીક઼ાત કે બાહર સે મક્કા પાક યા હુદૂદે હરમ મેં કિસી ભી ગર્ઝસે આનેવાલે કે લિયે ઝરૂરી હૈ કે વોહ મક્કા પાક મેં હજ્જ યા ઉમરા કે એહરામ કે સાથ દાખિલ હો ઔર ઉસકી અદાઈગી કરકે અપને એહરામ સે બાહર હો, અગરચે વોહ હજ્જ યા ઉમરા કરને કે ઈરાદે સે ન આયા હો, લિહાઝા મીક઼ાત કે બાહર સે આને વાલે કે લિયે મીક઼ાત સે બગૈર એહરામ કે ગુઝરના, નાજાઈઝો ગુનાહ હૈ ઔર જો શખ્સ મક્કા શરીફ મેં ઈસ તરહ બગૈર એહરામ કે દાખિલ હો જાએ, ઉસ પર વાજિબ હૈ કે મીક઼ાત પર આકર એહરામ બાંધે, અગર વહીં સે બાંધ લિયા, તો મીક઼ાતસે બગૈર એહરામ કે દાખિલ હોને કે સબબ એક દમ યા'ની છોટે જાનવરકી કુર્બાની લાઝિમ હોગી ઔર અગર મીક઼ાત પર આકર એહરામ ન બાંધા, બલ્કે વતન વાપસ ચલા ગયા તો ઉસ પર એક હજ્જ યા ઉમરા વાજિબ હો ગયા, અગર ઉસી સાલ ફર્ઝ યા નફલ હજ્જ યા નફલ યા વાજિબ ઉમરા, અલ્ગર્ઝ કિસી કિ઼સ્મકા હજ્જ યા ઉમરા કર લે તો યે મીક઼ાત સે બગૈર એહરામકે ગુઝરને સે લાઝિમ હોનેવાલા ઉમરા ભી અદા હો જાએગા, અલગ સે ઉસ કે લિયે નિય્યત કરકે ઉમરા કરના લાઝિમ નહીં હોગા ઔર દમ ભી મઆફ હો જાએગા. ઔર અગર ઉસી સાલ હજ્જ ઉમરા નહીં કરતા તો આઈંદા ખાસ ઉસ વાજિબ હોનેવાલે ઉમરા કી નિય્યતસે હી હજ્જ યા ઉમરા અદા કરના ઝરૂરી હોગા, યા'ની વોહ એહરામ મેં યે નિય્યત કરેગા કે "બગૈર એહરામ કે મક્કા શરીફ મેં દાખિલ હોને કી વજહ સે મુજ પર જો ઉમરા લાઝિમ હુવા થા મૈંને ઉસકે એહરામકી નિય્યત કી," ઈસ તરહ ખાસ નિય્યત કે સાથ ઉમરા અદા કરકે વોહ ઈસસે બરી હોગા, વરના બગૈર અદાઈગી કે યે ઉમરા મઆફ નહીં હોગા. ઔર ન દમ વગૈરા ઈસકા બદલ બન સકતા હૈ.

"બહારે શરીઅત" મેં હૈ : મીક઼ાત કે બાહર સે જો શખ્સ આયા ઔર બગૈર એહરામ મક્કા મોઅઝ્ઝમા કો ગયા તો અગર ચે ન હજ્જકા ઈરાદા હો, ન ઉમરા કા મગર હજ્જ યા ઉમરા વાજિબ હો ગયા, ફિર અગર મીક઼ાત કો વાપસ ન ગયા, યહીં એહરામ બાંધ લિયા તો દમ વાજિબ હૈ ઔર મીક઼ાત કો વાપસ જાકર એહરામ બાંધકર આયા તો દમ સાકિ઼ત ઔર મક્કા મુઅઝ્ઝમા દાખિલ હોને સે જો ઉસ પર હજ્જ યા ઉમરા વાજિબ હુવા થા, ઉસકા એહરામ બાંધા ઔર અદા કિયા તો બરિયુઝ્ઝિમ્મા હો ગયા. યૂં હી અગર હજ્જતુલ્ઈસ્લામ યા નફલ યા મન્નત કા ઉમરા યા હજ્જ જો ઉસ પર થા, ઉસકા એહરામ બાંધા ઔર ઉસી સાલ અદા કિયા જબ ભી બરિયુઝ્ઝિમ્મા હો ગયા ઔર અગર ઉસ સાલ અદા ન કિયા તો ઉસ સે બરિયુઝ્ઝિમ્મા ન હુવા જો મક્કા મેં

www.barkatekhwaja.net

જાને સે વાજિબ હુવા થા" *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૬, સફ્હા : ૧૧૯૧)*

**૧૧. હાલતે એહરામ મેં બદનકે કિસી હિસ્સે સે ખૂન નિકલ જાએ તો ક્યા દમ દેના લાઝિમ હોગા ?**

બા'ઝ અવામ મેં ઈસ તરહકી ગલત ફેહમી પાઈ જાતી હૈ કે અગર હાલતે એહરામ મેં બદન કે કિસી હિસ્સે સે ખૂન નિકલ જાએ તો દમ દેના યા'ની છોટે જાનવરકી કુર્બાની કરના લાઝિમ હો જાતા હૈ, શરીઅત મેં ઈસકી કોઈ હક઼ીક઼ત નહીં. હાલતે એહરામ મેં ખૂન નિકલને સે દમ લાઝિમ નહીં હોતા, ન હી કોઈ ઔર કફ્ફારા લાઝિમ હોતા હૈ. જૈસા કે "બહારે શરીઅત" મેં ઉન ચીઝોં કા બયાન હૈ જો એહરામ મેં જાઈઝ હૈં યાની ઉનકી વજહસે એહરામ પર કોઈ અષર નહીં પળતા, ઉન્હી મેં યે બયાન ભી હૈ :

"(હાલતે એહરામ મેં) દુબંલ યા ફુન્સી તોળ દેના, ખત્ના કરના, ફસ્દ (યા'ની રગ સે ખૂન નિકલવાના). *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૬, સફ્હા : ૧૦૮૧)*

## (૧૦) ક઼સમ ઔર મન્નતકે બારે મેં ગલત ફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

**૦૧. ક્યા માં કી ક઼સમ, બાપકી ક઼સમ ખાના સહીહ હૈ ?**

મુઆશરે મેં યે તરીકા બહોત ઝયાદા રાઈજ હૈ કે મા–બાપકી ક઼સમ ખાતે હૈ ઔર ઈસ મેં કોઈ હરજ નહીં સમજતે, હાલાં કે શરઈ એતબારસે દેખા જાએ તો ગલત હૈ. હુકમે શરઅ યે હૈ કે અલ્લાહ પાક કે નામ ઔર સિફ઼ાતકે અલાવા કિસી ઔર ઝાત યા ચીઝકી ક઼સમ ખાના, નાજાઈઝ ઔર ગુનાહ હૈ, ક્યૂં કે યે ગૈરે ખુદાકી ક઼સમ હૈ ઔર ઈસ તરહ ગૈરે ખુદાકી ક઼સમ ખાને સે બહોત સારી અહાદીષ મેં મના કિયા ગયા હૈ, ચૂનાંચે એક હદીષે પાક મેં હૈ : અલ્લાહકે નબી ﷺને ફર્માયા :–

"ركن النذر هو الصيغة الدالة عليه وهو قوله : " لله عز شأنه علي كذا، أو علي كذا، أو هذا هدي، أو صدقة، أو مالي صدقة، أو ما أملك صدقة، ونحو ذلك ـ" (بدائع الصنائع،ج:٦،ص:٣٢١، كتاب النذر، دار الحديث، القاهرة)

યાની : બેશક ! અલ્લાહ પાક તુમ્હેં અપને બાપ દાદા કી ક઼સમ ખાનેસે મના ફર્માતા હૈ, જો શખ્સ ક઼સમ ખાએ તો વોહ અલ્લાહ પાકકી ક઼સમ ખાએ યા ચુપ રહે.

એક દૂસરી હદીષે પાક મેં હૈ : અલ્લાહકે રસૂલ ﷺને ઈર્શાદ ફર્માયા : "બુતોંકી ઔર અપને બાપ–દાદાકી ક઼સમ ન ખાઓ." *(સહીહ મુસ્લિમ, સફ્હા : ૮૯૫, હદીષ : ૧૬૪૮)*

લિહાઝા મા–બાપ યા કિસી ઔર ગૈરે ખુદાકી ક઼સમ ખાને સે પર્હેઝ કિયા જાએ.

**૦૨. બાત બાત પર ક઼સમ ખાના, જૈસા કે બા'ઝ લોગોંકી આદત હોતી હૈ, ક્યા ઈસમેં કોઈ હરજ નહીં ?**

બા'ઝ લોગોંકી આદત હોતી હૈ કે બાત બાત પર ક઼સમ ખાતે હૈં ઔર યે સમજતે હૈં કે ઈસ મેં કોઈ હરજ નહીં, જબ કે શરઈ તોર પર દેખા જાએ તો યે સોચ ગલત હૈ. શરીઅતને બાત બાત પર ક઼સમ ખાને સે મના ફર્માયા હૈ ઔર જહાં અશદ્દ ઝરૂરત હો વહીં ક઼સમ ખાને કી તા'લીમ કી હૈ, ચુનાંચે "બહારે શરીઅત" મેં હૈ :–

"ક઼સમ ખાના જાઈઝ હૈ મગર જહાં તક હો કમી બેહતર હૈ ઔર બાત બાત પર ક઼સમ ખાની ન ચાહિયે. ઔર બા'ઝ લોગોં ને ક઼સમ કો તકયા કલામ બના રખા હૈ (યા'ની દોરાને ગુફ઼્તગૂ બાર બાર ક઼સમ ખાનેકી આદત બના રખી હૈ) કે ક઼સ્દો બે ક઼સ્દ (યાની ઈરાદા હો યા ન હો) ઝબાન સે (ક઼સમ) જારી હોતી હૈ ઔર ઈસકા ભી ખયાલ નહીં રખતે કે બાત સચ્ચી હૈ યા જૂટી, યે સખ્ત મઅયૂબ (યાની બહોત બુરી બાત) હૈ."

*(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૯, સફ્હા : ૨૯૮)*

www.barkatekhwaja.net

## તઝકેરતુલ અવલિયા

# હઝરત શાહ શુજાઅ કિર્માની رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ શાહી ખાનદાનથી સંબંધ રાખવા છતાં ઘણા જ મહાન મર્તબાવાળા બુઝુર્ગ થયા છે. અને આપની કિતાબોમાં મિર્અતુલ હુકમા એ ઘણી મશહૂર કૃતિ છે. તદ્ઉપરાંત આપને અગણિત બુઝુર્ગોથી નિયાઝનો શરફ હાંસલ રહ્યો, જેમાં હઝરત અબૂ તુરાબ બખ્શી તથા હઝરત યહ્યા મઆઝ જેવી મહાન હસ્તીઓ પણ સામેલ છે. અને જ્યારે આપ નીશાપુર પહોંચ્યા તો હઝરત અબૂ હફસે પોતાની અઝમત તથા બુઝુર્ગીના છતાં આપનો એહતેરામ કરતાં ફર્માવ્યું કે હું જેમને "ઈબા" (પગો સુધીનો કુર્તો)માં તલાશ કરતો હતો તેને "કૃબા" (આગળથી ખુલેલો કોટ)માં પામ્યા.

**હાલાત** : આપ સંપૂર્ણ ચાલીસ વરસો સુધી સૂતા નથી અને જ્યારે આંખો ઊંઘથી ભારે થવા લાગતી તો મીઠુ ભરી લેતા. પણ ચાલીસ વરસો પછી જ્યારે આપ એકવાર સૂતા તો અલ્લાહ તઆલાને ખ્વાબમાં જોઈને અર્ઝ કરી કે હે અલ્લાહ ! મેં તને જાગૃતાવસ્થામાં તલાશ કર્યો પણ ખ્વાબમાં પામ્યો. નિદા આવી કે આ જાગૃતાવસ્થામાં રહેવાનો બદલો છે. ત્યારબાદથી આપે સૂવાને એટલા માટે પોતાનો નિયમ બનાવી લીધો કે કદાચ ફરી ખુદા પાકનો જલ્વો જોવા મળે. અને પોતાના ખ્વાબ પર આપ એટલા પ્રમાણમાં નાઝ કરતા હતા કે ફર્માવ્યા કરતા કે જો આ ખ્વાબના બદલામાં મને બંને આલમ પણ અતા કરવામાં આવે તો પણ કબૂલ કરીશ નહીં.

જ્યારે આપને ત્યાં પુત્ર જનમ્યો તો તેના સીના પર લીલા અક્ષરોમાં અલ્લાહ ﷻ લખેલુ હતું પરંતુ જ્યારે સમજદારીની ઉમરે પહોંચ્યો તો ખેલકૂદમાં મશગૂલ રહીને બરબત (વાજિંત્ર) પર ગીત ગાયા કરતો હતો. જેથી રાતના સમયે જ્યારે એક મહોલ્લામાંથી ગાતો ગાતો પસાર થયો તો એક નવી દુલ્હન જે પોતાના પતિની પાસે સૂતેલી હતી તે બેચેનીપૂર્વક ઉઠીને બહાર જોવા લાગી. એ અરસામાં પતિની આંખ ખુલી તો પત્નીને પોતાની પાસે ન પામીને ઉઠયો અને પત્ની પાસે પહોંચીને એ છોકરાને સંબંધીને કહ્યું કે કદાચ હજી તારી તૌબાનો સમય નથી આવ્યો. એ સાંભળીને છોકરાએ એ શબ્દોથી પ્રભાવિત થઈને કહ્યું કે, યકીનન ! સમય આવી ચૂક્યો છે ! અને આવું કહીને તે વાજિંત્ર તોડી નાખ્યું અને એ જ દિવસથી ઝિક્રે ઈલાહીમાં મશગૂલ થઈ ગયો અને કમાલના દરજા સુધી પહોંચ્યો. એના પિતા કહ્યા કરતા હતા કે જે મકામ મને ચાલીસ વરસોમાં હાંસલ ન થયો તે સાહબઝાદાને ચાલીસ દિવસોમાં મળી ગયો.

કિરમાનના રાજાએ આપની પુત્રીની સાથે નિકાહ કરવાનો પયગામ મોકલ્યો તો આપે ત્રણ દિવસની મોહલત તલબ કરી અને ત્રણ દિવસોમાં મસ્જિદની આસપાસ એ નિય્યતે ચક્કર મારતા રહ્યા કે કોઈ કામિલ દુરવેશ મળી જાય તો હું તેણીના તેની સાથે નિકાહ કરી આપું. જેથી ત્રીજા દિવસે એક બુઝુર્ગ ખુલૂસ દિલે મસ્જિદમાં નમાઝ પઢતા મળી ગયા. તો આપે પૂછયું કે શું તમે નિકાહ કરવાની ઈચ્છા ધરાવો છો ? તેમણે કહ્યું કે હું ઘણો જ કંગાળ હાલતવાળો છું તો મારી સાથે કોણ પોતાની પુત્રીના નિકાહ કરી શકે છે ? પરંતુ આપે ફર્માવ્યું કે હું મારી પુત્રી તમારા નિકાહમાં આપું છું. જેથી આપસની રઝામંદીથી નિકાહ થઈ ગયા. અને જ્યારે સાહબઝાદી પોતાના પતિ પાસે પહોંચી તો જોયું કે એક કૂજામાં પાણી અને સૂકી રોટીનો ટુકડો રાખેલો છે. અને જ્યારે પતિને પૂછયું કે, આ શું છે ? તો તેમણે કહ્યું કે અડધુ પાણી અને અડધી રોટી કાલે ખાય લીધી હતી અને અડધી આજના માટે બચાવી રાખી હતી. આ સાંભળીને

❐ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❐ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

જયારે પત્નીએ પોતાનાં માબાપને ત્યાં જવાની ખ્વાહિશ કરી, તો પતિએ કહ્યું કે હું તો પહેલેથી જ જાણતો હતો કે શાહી ખાનદાનની પુત્રી ફકીર સાથે ગુઝારો નથી કરી શકતી. પરંતું પત્નીએ જવાબ આપ્યો કે એ વાત નથી, બલ્કે હું તો મારા પિતાથી એ શિકાયત કરવા ચાહું છું કે તેમણે મને એ વાયદો કર્યો હતો કે હું તારો નિકાહ કોઈ મુત્તકી સાથે કરી રહ્યો છું. પણ હવે મને માલૂમ પડયું કે મારો નિકાહ તો એવી વ્યક્તિ સાથે કરી દેવામાં આવ્યો છે જે ખુદા પર કાનેઅ (કનાઅત કરનાર) નથી અને બીજા દિવસ માટે ખાવા બચાવીને રાખે છે જે તવક્કુલથી તદ્દન વિરૂધ્ધ છે, જેથી આ ઘરમાં ક્યાં તો હું રહીશ ક્યાં તો રોટી રહેશે.

હઝરત અબૂ હફસે આપને લખ્યું કે જયારે મેં મારા અમલ, નફસ તથા ગુનાહો પર નજર કરી તો નિરાશાઓ સિવાય કાંઈ ન મળ્યું. આપે જવાબમાં લખ્યું કે મેં આપના પત્રને મારા દિલના માટે આઈનો બનાવી રાખ્યો છે કેમ કે જો નફસથી મુખ્લિસપણે નિરાશા થશે તો ખુદા તઆલાથી આસ થશે. અને જયારે ખુદાથી આસ હશે તો ડર પેદા થશે, અને જયારે ડર પેદા થશે તો નફસની તરફથી નિરાશા ઉદ્ભવશે તો ખુદાની યાદ પણ થઈ શકશે. અને ખુદાની યાદ સંપૂર્ણ થશે તો બેનિયાઝી પેદા થશે, અને બેનિયાઝી પછી જ ખુદાનો વસ્લ (મિલાપ) થઈ શકે છે.

હઝરત યહ્યા બિન મઆઝ આપના ગાઢ મિત્રોમાંથી હતા. જેથી જ્યારે બંનેવ એક જ શહેરમાં ભેગા થયા તો હઝરત યહ્યાએ પોતાની વઅઝની મજલિસમાં આપને પણ દાવત આપી પરંતુ આપ ગયા નહીં. અને જયારે એક દિવસ હઝરત યહ્યાને ત્યાં પહોંચ્યા તો એક ખૂણામાં છુપાઈને બેસી ગયા. એ વખતે હઝરત યહ્યા વઅઝ કહેવામાં મશગૂલ હતા, પરંતું અચાનક ઝબાન બંધ થઈ ગઈ તો આપે કહ્યું કે આ મજલિસમાં કદાચ મારાથી પણ બેહતર કોઈ વાઈઝ મૌજૂદ છે જેના તસર્રુફે મારી જીભ બંધ કરી આપી છે. એ સાંભળીને આપ સામે આવ્યા અને ફર્માવ્યું કે હું આ જ કારણે આપની વઅઝની મજલિસમાં શરીક થવા ચાહતો ન હતો.

**આપના ઈર્શાદો** : આપ ફર્માવ્યા કરતા હતા કે અહલે ફઝૂલનો ફઝૂલ અને અહલે વિલાયતની વિલાયત એ જ વખત સુધી કાયમ રહી શકે છે જ્યાં સુધી તેઓ પોતાના ફઝૂલ તથા વિલાયતને ફઝૂલ તથા વિલાયત નથી ગણતા. ફર્માવ્યું કે ફક્ર ખુદાનો એક રાઝ છે અને જ્યાં સુધી ફકીરો એને ગુપ્ત રાખે છે ત્યાં સુધી અમીન હોય છે, અને રાઝ ખોલી નાખ્યા બાદ તેમનો ફક્ર છીનવી લેવામાં આવે છે. ફર્માવ્યું કે સિદ્કની ત્રણ નિશાનીઓ છે : પ્રથમ દુનિયાથી નફરત પ્રદર્શિત કરવું, બીજુ મખ્લૂકથી દૂરી, ત્રીજુ ખ્વાહિશો પર ગલ્બો હાંસલ કરવો. ફર્માવ્યું કે ખૌફે ઈલાહીનો ભાવાર્થ એ છે કે હમેશાં ડરેલા રહેવું છે. અને સૌથી મોટો ડરનાર તે છે જે દિખાવા માટે અલ્લાહના હક્કોને પૂર્ણ ન કરતો હોય. ફર્માવ્યું કે સબ્રની ત્રણ નિશાનીઓ છે : ફરિયાદ ત્યજી દેવી, સિદ્કે રઝા અને રઝાની કબૂલિયત. ફર્માવ્યું કે મારું દૃષ્ટાંત તે જીવતા મરઘા જેવુ છે જેને સીખ પર લગાડીને આગમાં રાખી દેવામાં આવે અને ચો તરફથી આગ સળગાવવામાં આવે.

**વફાત** : આપના વિસાલ બાદ હઝરત અલી સૈરજીની આપની કબર પર ફકીરોને ખાણુ વહેંચ્યા કરતા હતા. એકવાર તેમણે દુઆ કરી કે, યા અલ્લાહ ! અત્યારે કોઈ મહેમાનને મોકલી આપ જેથી હું તેની સાથે ખાવા ખાઉં. જેથી એ જ વખતે એક કૂતરો આવી ગયો. પરંતું આપે તેને ધુત્કારીને ભગાડી મૂક્યો. તેના જતાં જ ગયબી નિદા આવી કે પોતે જ મહેમાનની તમન્ના કરો છો અને જાતે જ મહેમાનને ધુત્કારી આપો છો ! આ નિદા સાંભળીને આપ બેચેનીપૂર્વક કૂતરાની શોધમાં નીકળી પડયા. અને ખૂબ જ તલાશ પછી જયારે તે એક જંગલમાં મળી ગયો તો આપે ખાવા તેની સામે રાખી દીધું પરંતું તેણે ન ખાધુ. જેના કારણે શર્મિંદગીનો એહસાસ કરતાં આપે તૌબા કરી. તૌબા પછી હવે કૂતરાએ કહ્યું કે આપે ઘણુ જ સારું કર્યું, નહીં તો શાહ કિર્માનીના મઝારથી હટીને આ પ્રકારની હરકત કરત તો ભૂલી ન શકાય તેવી સજાને પાત્ર બનતા.

www.barkatekhwaja.net

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૧૯

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**હદીષ–૧૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની સાથે હઝરત ફાતિમા رضی اللہ عنہાના ઘરે ગયો. હુઝૂરે હઝરત હસન رضی اللہ عنہ વિશે પૂછયું કે તે અહીંયા છે ? થોડીવાર પછી તે દોડતા દોડતા આવ્યા અને હુઝૂરે તેમને ગળે લગાવ્યા અને તે પણ બાઝી પડયા. પછી ફર્માવ્યું, **હે અલ્લાહ ! હું આને મહેબૂબ રાખું છું, તું પણ એને મહેબૂબ રાખ અને એને મહેબૂબ બનાવી લે, જે એમને મહેબૂબ રાખે.**

**હદીષ–૧૨** : ઈમામ અહમદે યઅલા رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે હઝરત હસન અને હુસૈન رضی اللہ عنہما દોડીને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં આવ્યા. હુઝૂરે તેમને ચિપકાવી લીધા અને ફર્માવ્યું, ઔલાદ કંજૂસી અને બુઝદિલીનો સબબ હોય છે.

**હદીષ–૧૩** : તિર્મિઝીએ ઉમ્મુલ મોમિનીન આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ જયારે મદીનામાં આવ્યા ત્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم મારા મકાનમાં તશરીફ઼ ફર્મા હતા. તેમણે આવીને દરવાજો ખખડાવ્યો, હુઝૂર કપડાં ઘસેડતા નગ્ન એટલે વગર ચાદર ઓઢે ચાલી પડયા. વલ્લાહ ! મેં આથી પહેલાં કયારેય પણ હુઝૂર صلی اللہ علیہ وسلمને નગ્ન એટલે કે ચાદર ઓઢયા વગર કોઈની પાસે જતા નથી જોયા અને ન તેના પછી કયારેય આવી રીતે જોયા. હુઝૂરે તેમને ગળે લગાડયા અને બોસો આપ્યો.

**હદીષ–૧૪** : અબૂ દાઊદે ઉસૈદ બિન હુઝૈર رضی اللہ عنہથી રિવાયત કરી કે એક અન્સારી શખ્સ જેમની તબીઅતમાં મઝાહ (રમૂજીપણુ) હતો. તે વાતો કરી રહ્યા હતા અને લોકોને હસાવી રહ્યા હતા. નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ એક લાકડીથી તેમની કમરમાં ગોદો કર્યો. તેમણે હુઝૂર صلی اللہ علیہ وسلمથી અર્ઝ કરી, મને આનો બદલો આપો. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બદલો લઈ લો ! તેમણે કહ્યું, હુઝૂરે કમીસ પહેરી રાખેલ છે, મારા શરીર પર કમીસ નથી. હુઝૂર صلی اللہ علیہ وسلمએ કમીસ હટાવી લીધી તો તે ચોંટી ગયા અને તેમનાં પાસાને બોસો આપ્યો અને કહ્યું કે મારો મક઼સદ આ હતો. (બદલો લેવાનો હેતુ ન હતો)

**હદીષ–૧૫** : અબૂ દાઊદ વ બયહક઼ીએ આમિર બિન શઅબીથી મુરસલન રિવાયત કરી કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ જઅફર બિન અબૂ તાલિબ رضی اللہ عنہનું સ્વાગત કર્યું અને તેમનાથી ગળે મળ્યા (મુઆનિક઼ા

કર્યો) અને બંનેવ આંખોની વચ્ચે બોસો આપ્યો.

**હદીષ-૧૬** : અબૂ દાઊદે ઝારેઅ رضی اللہ عنہથી રિવાયત કરી કે જ્યારે કબીલા અબ્દુલ કૈસનુ કુટુંબ હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં આવ્યું હતું ત્યારે પણ તે પ્રતિનિધિમંડળમાં જ હતા. કહે છે કે જ્યારે અમે મદીનામાં પહોંચ્યા તો અમારી મંઝિલોથી જલ્દી જલ્દી હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં ઉપસ્થિત થતા અને હુઝૂર صلی اللہ علیہ وسلمના દસ્તે મુબારક અને પગ મુબારકને બોસો આપતા.

**હદીષ-૧૭** : અબૂ દાઊદે ઉમ્મુલ મોમિનીન આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે હઝરત ફાતિમા رضی اللہ عنہا જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર થતાં તો હુઝૂર صلی اللہ علیہ وسلم તેમની તરફ ઉભા થઈ જતા અને તેમનો હાથ પકડતા અને તેમને બોસો આપતા પછી પોતાની જગ્યાએ બેસાડતા. અને હુઝૂર صلی اللہ علیہ وسلم તેમને ત્યાં તશરીફ લઈ જતા તો તે ઉભાં થઈ જતાં અને હુઝૂર صلی اللہ علیہ وسلمના હાથને પકડી લેતાં અને બોસો આપતાં અને પોતાની જગ્યાએ બેસાડતાં.

**હદીષ-૧૮** : અબૂ દાઊદે બરાઅ رضی اللہ عنہથી રિવાયત કરી કે જ્યારે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ શરૂ શરૂમાં મદીના આવ્યા હતા ત્યારે હું તેમની સાથે તેમને ત્યાં ગયો. હઝરત આઈશા رضی اللہ عنہا તાવમાં આડા પડેલાં હતાં. હઝરત અબૂબક્ર તેમની પાસે ગયા અને પૂછયું, બેટી કેવું છે ?! અને તેમના ગાલ પર બોસો આપ્યો.

**હદીષ-૧૯** : તિર્મિઝીએ સફવાન બિન અસ્સાલ رضی اللہ عنہથી રિવાયત કરી કે બે યહૂદી હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં ઉપસ્થિત થયા અને સવાલ કર્યો કે ઉઘાડી નવ નિશાનીઓ કઈ છે ? હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : (૧) અલ્લાહની સાથે કોઈને શરીક ન કરો (૨) ચોરી ન કરો (૩) ઝિના ન કરો (૪) જેની જાનને અલ્લાહે હરામ કરી તેને ના હક્ક કત્લ ન કરો (૫) અને જે જુર્મથી મુક્ત હોય તેને બાદશાહની પાસે કત્લ માટે ન લઈ જાવ (૬) જાદૂ ન કરો (૭) વ્યાજ ન ખાવ (૮) પરહેઝગાર સ્ત્રી પર ઝિનાનો આક્ષેપ ન મૂકો (૯) લડાઈના દિવસે મોઢું ફેરવીને ન નાસો અને ખાસ કરીને તમે યહૂદીઓના શનિવારના સંબંધે હદથી આગળ ન વધો. જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمએ આવુ ફર્માવ્યું તો એમણે હુઝૂર صلی اللہ علیہ وسلمના હાથ અને કદમોને બોસો આપ્યો.

**હદીષ-૨૦** : અબૂ દાઊદે અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી, કહે છે કે અમે હુઝૂર صلی اللہ علیہ وسلمની નિકટ ગયા અને હાથને બોસો આપ્યો.

**હદીષ-૨૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે જ્યારે બની કુરેઝા પોતાના કિલ્લા પરથી સઅદ બિન મુઆઝ رضی اللہ عنہના હુકમ પર ઉતર્યા. હુઝૂર صلی اللہ علیہ وسلمએ સઅદ رضی اللہ عنہની પાસે એક માણસ મોકલ્યો અને તે ત્યાંથી નજીકમાં હતા. જ્યારે મસ્જિદની પાસે આવી ગયા તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ અન્સારથી ફર્માવ્યું, પોતાના સરદારની પાસે ઉભા થઈને જાવ.

**હદીષ-૨૨** : બયહકીએ શોઅબુલ ઈમાનમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મસ્જિદમાં બેસીને અમારી સાથે વાતો કરતા. જ્યારે હુઝૂર ઉભા થતા અમે પણ ઉભા થઈ જતા અને એટલીવાર સુધી ઉભા રહેતા કે હુઝૂર صلی اللہ علیہ وسلمને જોઈ લેતા કે અમુક અઝવાજે મુતહહરાતના મકાનમાં તશરીફ લઈ ગયા.

**હદીષ-૨૩** : તિર્મિઝી વ અબૂ દાઊદે મુઆવિયા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **જેની એવી ખુશી હોય કે લોકો મારી તાઝીમ માટે ઉભા રહે તે પોતાનું ઠેકાણુ જહન્નમમાં બનાવી લે.**

**હદીષ-૨૪** : અબૂ દાઊદે અબૂ ઉમામા رضی اللہ عنہથી

www.barkatekhwaja.net

રિવાયત કરી. કહે છે કે રસૂલુલ્લાહ ﷺ અસા (લાકડી) પર ટેક લગાડીને બહાર તશરીફ લાવ્યા. અમે હુઝૂર ﷺ માટે ઉભા થઈ ગયા. ઈર્શાદ ફર્માવ્યું, આવી રીતે ઉભા ન થયા કરો જેવી રીતે અજમી ઉભા થયા કરે છે કે એમનામાં અમુક લોકો અમુક બીજાની તાઝીમ કરતા રહે છે.

એટલે કે અજમીઓના ઉભા થવામાં જે તરીકો તે બુરો છે, તે રીતે ઉભા રહેવાની મનાઈ છે. અને તે એ છે કે એક માલદાર બેઠેલો હોય છે અને કેટલાક લોકો તાઝીમના કારણે તેમની નિકટ ઉભા રહે છે. બીજી સ્થિતિ જાઈઝ ન હોવાનું કારણ એ છે કે પોતે પસંદ કરતા હોય કે મારા માટે લોકો ઉભા થતા રહે અને કોઈ ઉભુ ન થાય તો ખરાબ જાણે કે હિંદુસ્તાનમાં હજુ પણ ઘણી જગ્યાએ રિવાજ છે કે અમીરો, માલદારો, જમીનદારો માટે તેમની પ્રજા ઉભી થઈ જાય છે, અને ઉભી ન થાય તો મારપીટ સુધીની નોબત આવી જાય છે. આ જ રીતે તકબ્બુર કરનાર અને જુલ્મ કરનારના સંબંધે મુઆવિયા رضی اللہ عنہ વાળી હદીષમાં ધમકીઓ આવી છે. અને જો તેમની તરફથી એવુ ન હોય, બલ્કે તે ઉભો થનાર તેને તાઝીમના પાત્ર સમજીને ષવાબ માટે ઉભો થાય છે અથવા આજીજીના કારણે કોઈના માટે ઉભા થાય છે તો એ નાજાઈઝ નથી બલ્કે મુસ્તહબ છે.

**મસ્અલા-૧ :** મુસાફો સુન્નત છે અને તેનો સવાબ તવાતુર (વધુ હદીષો)થી છે. અને હદીષોમાં તેની ઘણી ફઝીલતો આવેલી છે. એક હદીષ છે કે જેણે પોતાના મુસલમાન ભાઈથી મુસાફો કર્યો અને હાથને હલાવ્યા તેના સર્વ ગુનાહ ધોવાઈ જશે. જેટલી વખત મુલાકાત થાય એટલી વખત મુસાફો કરવો મુસ્તહબ છે.

મુતલકન (સર્વથા) જવાઝ (જાઈઝ હોવું) એ બતાવે છે કે ફજર અને અસરની નમાઝ પછી જે અધિક જગ્યાએ મુસાફો કરવાનો મુસલમાનોનો રિવાજ છે એ પણ જાઈઝ છે. અને અમુક કિતાબોમાં તેને બિદઅત કહેવામાં આવે છે તેનાથી મુરાદ બિદઅતે હસના (સારી બિદઅત) છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા-૨ :** જે રીતે ફજર અને અસર બાદ મુસાફો કરવો જાઈઝ છે તેમ બીજી નમાઝો પછી પણ મુસાફો કરવો જાઈઝ છે. કારણ કે અસ્લ મુસાફો કરવો જાઈઝ છે તો કોઈપણ સમયે કરી શકીએ છીએ, જ્યાં સુધી શરીઅતે મુતહ્હરાથી મનાઈ ષાબિત ન થાય.

*(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા-૩ :** મુસાફો એને કહેવાય કે એક શખ્સ પોતાની હથેળીને બીજાની હથેળી સાથે મેળાપ કરવો, કેવળ આંગળીઓને ટચ કરવાનું નામ મુસાફો નથી. સુન્નત એ છે કે બંનેવ હાથોથી મુસાફો કરવામાં આવે અને બંનેવ હાથના વચ્ચે કોઈ કપડુ ન હોય. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા-૪ :** મુસાફાનો એક તરીકો એ છે જે બુખારી શરીફ વગેરેમાં અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અક્દસ ﷺનો હાથ મુબારક તેમના બંનેવ હાથની વચ્ચે હતો એટલે કે દરેકનો એક હાથ બીજાના બંનેવ હાથોની વચમાં હોય. બીજો તરીકો જેને અમુક ફુક્હાએ બયાન કર્યું અને તેની નિસ્બત પણ તે કહે છે કે હદીષથી સાબિત છે, તે એ છે કે દરેક પોતાનો જમણો હાથ બીજાના જમણા હાથથી અને ડાબો ડાબાથી મિલાવે અને અંગૂઠાને દબાવે કે અંગૂઠામાં એક રગ છે કે તેના પકડવાથી મહોબ્બત પેદા થાય છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા-૫ :** મુસાફો સુન્નત છે કે જ્યારે બે મુસલમાન એકબીજાને મળે તો પહેલાં સલામ કરે, તેના પછી મુસાફો કરે અને વિદાયના સમયે પણ સામાન્ય રીતે મુસાફો કરે છે તેનું સુન્નત હોવાનું વિસ્તૃત રૂપે મારી નજરથી પસાર નથી થયું પરંતું અસલ મુસાફાનો જવાઝ (જાઈઝ હોવું) હદીષથી

www.barkatekhwaja.net

સાબિત છે તો આને પણ જાઈઝ જ સમજવામાં આવશે.

**મસ્અલા–૬** : મુઆનિકા કરવું (ગળે મળવું) પણ જાઈઝ છે જ્યારે કે ફિત્નાનો ડર અને શેહવતનો અંદેશો ન હોય. તો જરૂરી છે કે જેનાથી મુઆનિકો કરવામાં આવે તે કેવળ તેહબંદ (લુંગી) અથવા લેંગો પહેરેલો ન હોય બલ્કે ઝભ્ભો અથવા શેરવાની પણ પહેરેલો હોય અથવા ચાદર ઓઢેલ હોય એટલે કે કપડું વચ્ચે આડ હોય *(ઝયલઈ)* હદીષથી સાબિત છે કે રસૂલુલ્લાહ ﷺએ મુઆનિકો કર્યો. *(સુનને અબૂ દાઊદ)*

**મસ્અલા–૭** : ઈદોની નમાઝ પછી મુઆનિકાની પરંપરા છે, અને આ પણ ખુશીને પ્રદર્શિત કરવાનો એક તરીકો છે, આ મુઆનિકા પણ જાઈઝ છે જ્યારે કે ફિત્નાનો અંદેશો ન હોય. દા.ત. અમરદ ખૂબસૂરતથી મુઆનિકો કરવો કે આ ફિત્નાની જગ્યા છે.

**મસ્અલા–૮** : બોસો આપવો શેહવતની સાથે હોય તો નાજાઈઝ છે અને ઈકરામ અને ઈજ્જતના માટે હોય તો થઈ શકે છે. કપાળ પર બોસો પણ આ જ શરતોની સાથે જાઈઝ છે. હઝરત અબૂબકર સિદ્દીક़ رضی اللہ عنہએ હુઝૂરે અકદસ ﷺની બંનેવ આંખોની વચ્ચે બોસો લીધો અને સહાબા તથા તાબઈન رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَથી પણ બોસો આપવો ષાબિત છે.

**મસ્અલા–૯** : અમુક લોકો મુસાફો કર્યા પછી જાતે પોતાનો હાથ ચૂમ્યા કરે છે એ મકરૂહ છે, આવું ન કરવું જોઈએ. *(ઝયલઈ)*

**મસ્અલા–૧૦** : આલિમે દીન અને આદિલ બાદશાહના હાથને બોસો આપવો જાઈઝ છે, બલ્કે તેના કદમ ચૂમવા પણ જાઈઝ છે. બલ્કે જો કોઈ આલિમે દીનથી એવી ઈચ્છા કરે કે તમે પોતાના હાથ અને ક़દમ મને આપો કે હું બોસો આપું તો તેના કહેવા પ્રમાણે તે આલિમ પોતાના હાથ પગ બોસા માટે તેની તરફ આગળ ધરી શકે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૧૧** : સ્ત્રીએ સ્ત્રીના મોઢા અથવા ગાલ પર મુલાકાત અથવા વિદાયના સમયે બોસો આપ્યો તો એ મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૧૨** : આલિમ અથવા કોઈ મોટાના સામે જમીનનો બોસો આપવો હરામ છે, જેણે આવું કર્યું અને જે તેના પર ખુશ થયો તે બંનેવ ગુનેહગાર છે. *(ઝયલઈ)*

**મસ્અલા–૧૩** : બોસાના પાંચ પ્રકારો છે : (૧) બોસએ રહમત જેવી રીતે કે વાલિદૈનનું ઔલાદને બોસો આપવો. (૨) બોસએ શફકત એટલે કે ઔલાદનું વાલિદૈનને બોસો આપવું. (૩) બોસએ મહોબ્બત જેવી રીતે કે એક શખ્સ પોતાના ભાઈના કપાળ પર બોસો આપે. (૪) બોસએ તહિય્યન એટલે કે મુલાકાતના સમયે એક મુસલમાન બીજા મુસલમાનને બોસો આપે. (૫) બોસએ શેહવત એટલે કે પુરુષ પોતાની સ્ત્રીને બોસો આપે. (૬) અને એક પ્રકાર બોસએ દિયાનત છે, જેવું કે હજરે અસ્વદને બોસો. *(ઝયલઈ)*

**મસ્અલા–૧૪** : મુસ્હફ એટલે કે કુર્આન મજીદનો બોસો લેવો પણ સહાબાએ કિરામના કરવાથી સાબિત છે. હઝરત ઉમર رضی اللہ عنہ દરરોજ સવારે બોસો આપ્યા કરતા હતા અને કહેતા કે આ મારા રબનો અહદ અને તેની કિતાબ છે. અને હઝરત ઉસ્માન رضی اللہ عنہ પણ મુસહફને બોસો આપતા અને મોઢાથી મસ કરતા. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૧૫** : સજદએ તહિય્યત એટલે કે મુલાકાતના સમયે ઈજ્જત, તાઝીમ માટે કોઈને સજદો કરવો **હરામ** છે, અને ઈબાદતના મકસદથી હોય તો સજદો કરવાવાળો કાફિર છે કે ગેરે ખુદાની ઈબાદત **કુફ્ર** છે. *(રદુલ મુહતાર)* –*(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

મસ્અલા-૭

# રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની-રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

## ★ હદીષ થકી ઈલ્મે ગયબની સાબિતી ★

ખૂબ જ અતિ અધિક પ્રમાણમાં મુબારક હદીષોથી એ સાબિતી મળે છે કે હુઝૂર સૈયદે આલમ ﷺને ખુદા પાકની અતાથી ગયબી ઈલ્મો હાંસલ થાય છે.

આ હદીષો બે પ્રકારની છે : (અ) અમુકથી ઉમૂમી તથા કુલ્લી તૌર પર આપના માટે ઈલ્મે ગયબ હાંસલ હોવું સાબિત થાય છે. (બ) અને અમુકથી ખાસ, ખાસ, જુઝવી (આંશિક શાખાકીય) બાબતોમાં ઈલ્મે ગયબ હાંસલ હોવું સાબિત થાય છે.

## ★ કુલ્લી તથા ઉમૂમી હદીષો ★

પહેલાં અમે ઉમૂમી હદીષો વર્ણવીએ છીએ :

**હદીષ-૧** : "હઝરત હુઝૈફા رضی اللہ عنہ વર્ણવે છે કે નબી કરીમ ﷺએ અમને ખુત્બો આપ્યો તો ક઼યામત સુધી ઉપસ્થિત થનારી સર્વ ચીજોનું વર્ણન કરી આપ્યું. જેણે યાદ રાખ્યું તેને ખબર છે અને જેણે યાદ ન રાખ્યું તે અજ્ઞાન છે." *(સહીહ બુખારી, ૨/૯૭૭)*

આ જ સહીહ હદીષ સહીહ મુસ્લિમ શરીફમાં આ શબ્દોમાં છે : "હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺ અમારી વચ્ચે (ખુત્બો આપવા) ઉભા થયા, તો આપે એ સમયથી ક઼યામત સુધી જે કાંઈ થવાનુ હતું સર્વ વર્ણવી આપ્યું. જેણે યાદ રાખ્યું એને તો યાદ છે અને જે ભૂલી ગયો, ભૂલી ગયો." *(સહીહ મુસ્લિમ, ૨/૩૯૦, મજલિસે બરકાત, મુબારકપુર)*

આ હદીષથી સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ ﷺને ખુત્બો આપવાના સમયથી ક઼યામત સુધીના સર્વ مایکون ભાવિના ગયબી ઈલ્મો હાંસલ છે.

**હદીષ-૨** : રસૂલુલ્લાહ ﷺના સહાબી અબૂ ઝયદ અમ્ર ઈબ્ને અખ્તબ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફજરની નમાઝ પઢાવી અને મિમ્બર પર હાજર થઈને અમને ઝહોર સુધી ખુત્બો આપ્યો. પછી મિમ્બરથી ઉતર્યા અને નમાઝ પઢાવી. પછી મિમ્બર પર જઈને ખુત્બો આપવા લાગ્યા ત્યાં સુધી કે અસરનો સમય આવી ગયો. પછી મિમ્બરથી ઉતર્યા નમાઝ પઢાવી. ત્યાર બાદ ફરી મિમ્બર પર તશરીફ લઈ ગયા અને ખુત્બો આપતા રહ્યા ત્યાં સુધી કે સૂરજ ડૂબી ગયો.

હુઝૂર નબીયે રહમત ﷺએ એ દરમિયાન મકાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ની ખબર આપી દીધી. તો અમારામાં અધિક ઈલ્મ તેને છે જેને અધિક યાદ રહ્યું." *(ઉપર મુજબ)*

આ હદીષથી સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ ﷺ સર્વ માકાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ના ગયબોને જાણનારા છે.

અને આ નબુવ્વતનો મોજિઝો છે કે આપે ઘણા જ ટૂંકા સમયમાં પોતાના સહાબીઓને માકાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ની ખબર આપી દીધી જે આપના એક ગુણ જવામિઉલ કલામ (સમૃધ્ધ વાણી)નો ફયઝાન છે.

**હદીષ-૩** : "બેશક ! અલ્લાહે દુનિયાને મારી સમક્ષ કરી આપી તો હું એને તથા કયામત સુધી એમાં

www.barkatekhwaja.net

જે કાંઈ થવાનુ છે સૌને એ રીતે જોઈ રહ્યો છું જેમ કે મારી આ હથેળીને જોઈ રહ્યો છું. આ કાઈનાતનો મુશાહેદો (નિરીક્ષણ)એ રોશનીના સબબથી છે જે અલ્લાહે પોતાના નબી માટે રોશન કરી જેવી રીતે મારાથી પહેલાં અંબિયાએ કિરામ علیہم السلامના માટે રોશન કરી. *(અલ મોઅજમુલ કબીર લિલ્ ઈમામિત્તિબ્રાની, ૧૩/૩૧૯, મુસ્નદે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ઈબ્ને ખત્તાબ, કાહિરા)*

આ હદીષે પાકથી સાબિત થયું કે :–

**(અ)** અલ્લાહ ﷻએ આ દુનિયા અને ક્યામત સુધી જે કાંઈ એમાં થશે સૌને હુઝૂર ﷺની નજરો સમક્ષ કરી આપ્યું તો આપ પોતાના હાથની હથેળીની જેમ સર્વ મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ))નો દીદાર કરે છે, જેથી આપ અલ્લાહની અતાથી હાઝિર તથા નાઝિર છે.

**(બ)** પહેલાંના અંબિયાએ કિરામ علیہم السلامને પણ અલ્લાહ ﷻએ "માકાન વમા યકૂન"ના ગયબો અતા કર્યા હતા અને સર્વ કાંઈ એમની નજરો સમક્ષ કરી આપ્યું હતું.

આ હદીષમાં إِنَّ اللّٰهَ قَدْ رَفَعَ لِيَ الدُّنْيَا તથા جِلِيَانٌ مِّنَ اللّٰهِ جَلَاهُ لِنَبِيِّهٖના શબ્દો અંબિયા (નબીઓ)ના ગયબી ઈલ્મો અતાઈ (રબના આપેલા) હોવા પર સ્પષ્ટપણે દલીલ પૂરી પાડે છે. તો શું આ રબનો અર્પણ કરેલ (રબનો અતિયો) શિર્ક છે ?

આ ત્રણેવ હદીષો સંયુક્તપણે એ હકીકત ઉઘાડી કરે છે કે હુઝૂર સૈયદે કાઈનાત ﷺએ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَને દુનિયાની શરૂઆતથી અંત સુધીની હાલતો વર્ણવી આપી. ત્યાં સુધી કે ક્યામત અને જન્નત તથા જહન્નમમાં જતા સુધીના સર્વ ગયબો બતાવી દીધા.

**★ ક્યામતનો સમય ન બતાવવાનો સબબ ★**

એ ગયબોમાં સૌથી મહત્વનો ઈલ્મ "ક્યામતનો ઈલ્મ" છે, એના બારામાં નબી અકરમ ﷺને કુર્આને હકીમમાં વારંવાર આદેશ આપવામાં આવેલો છે કે તેનો નિશ્ચિત સમય બતાવવામાં ન આવે, કેમ કે વિવિધ આયતોમાં આ સ્પષ્ટતા છે કે "ક્યામત અચાનક આવશે" દા.ત. આ આયતો જુઓ :–

حَتّٰۤى اِذَا جَآءَتْهُمُ السَّاعَةُ بَغْتَةً قَالُوْا یٰحَسْرَتَنَا عَلٰى مَا فَرَّطْنَا فِیْهَا

"ત્યાં સુધી કે જ્યારે એ (કાફિરો) પર અચાનક આવી ગઈ, બોલ્યા : હાય ! અફસોસ ! એના પર કે એને માનવામાં ઉણપ વર્તી. *(સૂ. અન્આમ, ૬/૩૧)*

اَفَاَمِنُوْۤا اَنْ تَاْتِیَهُمْ غَاشِیَةٌ مِّنْ عَذَابِ اللّٰهِ اَوْ تَاْتِیَهُمُ السَّاعَةُ بَغْتَةً وَّ هُمْ لَا یَشْعُرُوْنَ۝

"શું (મુશ્રિક) એનાથી નીડર થઈ બેઠા કે અલ્લાહનો અઝાબ તેમને આવીને ઘેરી લે અથવા ક્યામત તેમના પર અચાનક આવી જાય અને તેમને ખબર ન હોય." *(સૂ. યૂસુફ, ૧૨/૧૦૭)*

وَ لَا یَزَالُ الَّذِیْنَ كَفَرُوْا فِیْ مِرْیَةٍ مِّنْهُ حَتّٰى تَاْتِیَهُمُ السَّاعَةُ بَغْتَةً

"અને કાફિર આ (કુર્આન અથવા ઈસ્લામ ધર્મ)ના બારામાં હમેશાં શકમાં રહેશે, ત્યાં સુધી કે ક્યામત એમના પર અચાનક આવી જશે."

*(સૂ. હજ, ૨૨/૫૫)*

هَلْ یَنْظُرُوْنَ اِلَّا السَّاعَةَ اَنْ تَاْتِیَهُمْ بَغْتَةً وَّ هُمْ لَا یَشْعُرُوْنَ۝

"જાલિમ શાની રાહ જોવામાં છે, પણ ક્યામતની કે તેમના પર અચાનક આવી જશે અને તેમને ખબર ન થશે." *(સૂ. ઝુખ્રૂફ, ૪૩/૬૬)*

بَلْ تَاْتِیْهِمْ بَغْتَةً فَتَبْهَتُهُمْ فَلَا یَسْتَطِیْعُوْنَ رَدَّهَا وَ لَا هُمْ یُنْظَرُوْنَ۝

"બલ્કે કયામત એમના (કાફિરો) પર અચાનક આવી પડશે, તો તેમને બેહવાસ (ભાન વગરના) કરી દેશે પછી તેઓ એને ફેરવી શકશે અને ન તેમને મોહલત આપવામાં આવી. *(સૂ. નિસાઅ, ૨૧/૪૦)*

આ વિષયની અન્ય પણ આયતો છે અને એ સૌથી એ સાબિત થાય છે કે કયામત કાફિરો પર અચાનક આવી પડશે કે એમને એની ખબર નહીં હોય.

આ આયતોને નાઝિલ કરીને માલિકિ યૌમિદ્દીન ﷺએ એ આદેશ આપી દીધો કે કયામતના નિશ્ચિત સમય તથા સનના બારામાં ખબર આપવામાં ન આવે. કેમ કે સમય તથા સનના નિશ્ચિત થઈ ગયા બાદ કયામતનું આવવું بَغْتَةً અથવા "અચાનક" ન હશે, ન તો બેખબરીમાં થશે.

એ જ કારણે અમીને વહીયે ઈલાહી હઝરત સૈયદના જિબ્રઈલે અમીન علیہ السلامએ જ્યારે કયામતનો સમય પૂછયો તો આપે લા–ઈલ્મી (અજ્ઞાનતા) જાહેર નથી કરી બલ્કે પુર અસ્રાર (રહસ્યમય) અંદાઝમાં કયામતના સમયને પ્રદર્શિત કર્યો. આપના આદેશ મુબારક : مَا الْمَسْئُولُ عَنها بِأَعْلَمَ مِنَ السَّاءِلِથી એ જ જાહેર થાય છે. છતાં સરકાર ﷺએ કયામતની નિશાનીઓ એ રીતે વર્ણવી આપી છે કે તેને લક્ષમાં રાખીને હઝરત ઈસા علیہ السلامના નુઝૂલ પછી લોકોને એ અંદાઝો થઈ જશે કે ફલાણા સમય સુધીમાં સૂર ફૂંકવામાં આવશે. સહીહૈન વગેરેની હદીષોથી આ બાબત ખૂબીપૂર્વક જાહેર છે.

**હદીષ–૪ : રસૂલુલ્લાહ ﷺએ અયન (ખરેખર) જન્નત તથા અયન જહન્નમ જોઈ**

"હઝરત અસ્મા બિન્તે અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہا વર્ણન છે કે ......... જ્યારે રસૂલુલ્લાહ ﷺ નમાઝે ખુસૂફ તથા સૂર્ય ગ્રહણની નમાઝથી ફારિગ થયા તો આપે અલ્લાહની હમ્દો ષના કરી, પછી ફર્માવ્યું : "મેં આ સ્થળે એ સર્વ ચીજો જોઈ લીધી જેને પહેલાં જોઈ ન હતી, ત્યાં સુધી કે જન્નત તથા જહન્નમને પણ જોઈ લીધાં." *(સહીહ બુખારી : ૧/૧૪૪, ૧/૧૪૬, ૧/૩૧, ૧/૧૮, મજલિસે બરકાત)*

આ હદીષમાં شيءٌનો શબ્દ નકરા છે જે "નફી" (નકાર) હેઠળ આવેલો છે અને આવો નકરા આમ હોય છે અને શબ્દ شيء (શયઉન) શબ્દમાં આમ પણ ખૂબ જ પ્રમાણમાં ઉમૂમ (સામાન્ય પણુ) છે. ઈમામ શમ્સુદ્દીન મુહમ્મદ કિર્માની رحمۃ اللہ علیہ શરહે સહીહ બુખારીમાં લખે છે : (અર્થ) : શબ્દ شيء(શયઉન્) આમથી પણ વધુ આમ છે, પછી તે નકરા પણ છે જે નફી બાદ આવેલ છે. (અને આવો નકરા આમેય આમ હોય છે.)

જેથી مامن شيءના સામાન્યપણામાં સર્વ ચીજો સામેલ છે, ત્યાં સુધી કે અલ્લાહ તઆલાનો દીદાર પણ સામેલ છે, જેવું કે અમે નજીકમાં જ એની સ્પષ્ટતા પણ રજૂ કરીશું.

અહીંથી જાણવા મળ્યું કે હુઝૂર સૈયદે આલમ ﷺ સર્વ વર્તમાન, ભૂત, ભાવિના કેવળ જાણનારા જ ન હતા બલ્કે ખુદાએ કદીર વ બસીરે આપને એ સર્વ ચીજો બતાવી પણ આપી હતી. –*(ક્રમશઃ)*

**'બરકાતે ખ્વાજા' માસિકને ઝિંદા રાખવા ગ્રાહકો વધારો**

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! વર્તમાન પુર ફિતન દૌરમાં દીન તથા ઈમાનની સલામતી માટે અકીદા બાબતે બાતિલ ફિર્કાઓ વહાબી, દેવબંદી, શીઆ, ગૈર મુકલ્લિદ, કાદયાની વગેરેની ડંકાની ચોટ પર રદ કરી ઈમાનની રક્ષા કરતુ તેમજ અમલોની સુધારણા માટે દિલને પીગળાવનારા લેખો કુર્આન, હદીષ, બુઝુર્ગોના વાણી તથા વર્તનોનો ચિતાર, વાકિઆ રજૂ કરી અસરકારક લખાણો પેશ કરતા આપના પ્યારા આ માસિક માટે સુન્નિયતનું દર્દ રાખી દરેક ગ્રાહક પોતાની કોશિશોથી પોતાનાં સગાં, મિત્રો કે સંબંધી વર્તુળમાં જરૂર નવા ગ્રાહકો ઉભા કરી સવાબે દારૈનના હક્કદાર બને એવી નમ્ર અપીલ છે. –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

www.barkatekhwaja.net

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

બીજી સદીના મુજદ્દિદ ૫

# હઝરત અસદુદ્દીન મઅરૂફ ઈબ્ને ફીરોઝ કર્ખી رحمۃ اللہ علیہ

**(હિ.સ. ૧૫૬ થી ૨૦૪)**

(કાર્યાલય)

*બેહરે મઅરૂફો સરી મઅરૂફ દે બેખૂદ સરી*
*જુન્દે હક્કમેં ગિન જુનૈદે બાસફા કે વાસ્તે*

**ઓળખ** : હઝરત મઅરૂફ કર્ખી મશાઈખે મુતક઼દ્દિમીન (આગલા શયખો)માંથી છે અને હઝરત સર્રી સકતી رحمۃ اللہ علیہના ઉસ્તાદ તથા મુર્શિદ છે. આપનો સંબંધ અવ્વલ તબકા (પ્રથમ વર્ગ)થી છે. આપનું નામ મુબારક અસદુદીન, મશહૂર નામ ''મઅરૂફ કર્ખી'' અને કુન્નિયત અબૂ મહફૂઝ છે. આપના પિતાનું નામ ફીરોઝ છે. આપની ગણના અગ્રગણ્ય મશાઈખમાં થાય છે. આપ અવલિયા અલ્લાહના સાત સિલસિલાઓના પેશવા છે. તરીક઼તમાં આપનો મક઼ામ ઘણો જ ઉચ્ચ છે. આપની વાણી રહસ્યોથી ભરપૂર છે. આપ સમયના આરિફોના સરદાર હતા, અને આપની કરામતો તથા રિયાઝતો મશહૂર છે. *(નફહાતુલ ઉન્સ ઉર્દૂ, પેજ-૧૮૬)*

**જન્મ મુબારક** : આપનો જન્મ હિ.સ. ૧૫૬માં કર્ખ સ્થળે થયો. *(હાશિયા નફહાતુલ ઉન્સ, પેજ-૧૮૭, દાનિશ પબ્લિશિંગ કંપની, દરયાગંજ-દિલ્હી)*

**તા'લીમો તર્બિયત** : આપની જાહેરી તથા બાતિની તા'લીમો તર્બિયત હઝરત મૂસા કાઝિમ, હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા અને હઝરત દાઊદ તાઈ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની ખિદમતમાં થઈ. હબીબ રાઈથી પણ આપ ઈરાદત તથા અક઼ીદત ધરાવતા હતા અને એમનાથી પણ ખિલાફતનો ખિર્કો પામ્યો. અને એ જ પ્રમાણે આપની તા'લીમ ખાનવાદએ રસૂલની મહત્વની યાદગાર હઝરત ઈમામ અલી રઝા رضی اللہ عنہ (હિ.સ. ૧૫૩-૨૦૩)ની બારગાહમાં થઈ અને આપની જ બારગાહમાં સુલૂક, મઅરેફત, ઈલ્મો તથા હિકમતની મંઝિલો પાર પાડી અને ખિલાફતથી સરફરાઝ કરવામાં આવ્યા. *(કશ્ફુલ મહજૂબ, પેજ-૧૭૮, મશાઈખે ક઼ાદરિયા રઝવિય્યહ, પેજ-૧૭૭)*

પોતાના સમયની તે મહાન ઈલ્મી તથા રૂહાની હસ્તીઓની તા'લીમો તર્બિયત અને પોતાની જિદ્દો જેહાદથી મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہએ શરીઅત તથા તરીક઼તમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી લીધુ હતું. આ રીતે આપ ઈમામે તરીક઼ત તથા શરીઅતના પેશવા બની ગયા હતા.

**પ્રારંભિક હાલાત** : શરૂઆતમાં આપ ગૈર મુસ્લિમ હતા. બચપનથી જ આપના દિલ તથા જિગરમાં ઈસ્લામની તડપ અને જોશ તથા અક઼ીદત મૌજૂદ હતી. આપ મુસલમાન બાળકોની સાથે નમાઝ પઢતા અને મબાપને ઈસ્લામ પ્રતિ આકર્ષિત કરતા રહ્યા. આપના માબાપ નસરાની હતાં એટલા માટે તેમણે એક ઈસાઈ શિક્ષક પાસે આપને તા'લીમ હાંસલ કરવા મોકલી આપ્યા. એ શિક્ષકે પ્રથમ આપને સવાલ કર્યો કે બેટા, એ બતાવો કે તમારા ઘરમાં કેટલા માણસો છે ? આપે કહ્યું, મારી માતા અને મારા પિતા અને હું કુલ ત્રણ માણસો છીએ. શિક્ષકે કહ્યું કે તમે કહો ثالث ثلاثة (ત્રણમાંનો ત્રીજો). આપ ફર્માવે છે કે કુફ્રની હાલતમાં પણ મારી ગૈરતે એ ગવારા ન કર્યું કે એક સિવાય બીજાને પુકારું એટલા માટે મેં તરત જ ના પાડી દીધી અને એના જવાબમાં એવું કહેતો રહ્યો هو اللہ احد هو اللہ احد (અલ્લાહ એક છે ! અલ્લાહ એક છે !) એના પર શિક્ષકે મને મારવાનું શરૂ કર્યું. તે જેટલી સખ્તીથી મારતો હું એટલી જ હિંમતભેર ઈન્કાર કરતો. છેવટે લાચાર થઈને તેણે મારાં માબાપને કહ્યું, એને કેદ કરી દો ! ત્રણ દિવસ



www.barkatekhwaja.net

સુધી કેદમાં રહ્યો. દરરોજ એક રોટી મળતી હતી પણ મેં તેને સ્પર્શ પણ ન કર્યો. પછી હું ત્યાંથી ભાગીને સીધો હઝરત અલી બિન મૂસા રઝા رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થઈને ઈસ્લામથી મુશર્રફ થઈ ગયો અને તેમનાથી બયઅત તથા ખિલાફત પણ હાંસલ કરી. પણ મારી જુદાઈથી માબાપને સખત દુ:ખ થયું કેમ કે હું મા બાપનો એકલો એક જ પુત્ર હતો. કહેવા લાગ્યાં, તે જ્યાં પણ ગયો છે અમારી પાસે પરત આવે. તે જે ધર્મ ચાહે અપનાવે, અમે પણ તેની સાથે અમારો ધર્મ બદલી નાખીશું. જ્યારે કેટલાક અરસા પછી આપ ઘરે પરત થયા તો આપના અહવાલથી પ્રભાવિત થઈને મા બાપ પણ મુસલમાન થઈ ગયાં, અને એક મુદ્દત સુધી આપ હઝરત દાઊદ તાઈ رحمۃ اللہ علیہની ખિદમતમાં રહીને બાતિની ફયઝથી સૈરાબ (તૃપ્ત) થતા રહ્યા. *(તઝકેરતુલ અવલિયા, પેજ–૨૦૬, દિલ્હી, ખઝીનતુસ્સૂફિયા, ૨/૭૬)*

**ગરીબોની પરવરિશ :** આપને ગરીબો તથા યતીમોથી લાગણી હતી. હઝરત સર્રી સકતી رضی اللہ عنہ વર્ણવે છે કે મેં ઈદના દિવસે આપને ખજૂરો વીણતા જોયા તો પૂછયું કે, હુઝૂર ! આપ શું કરી રહ્યા છો ? આપે ઈર્શાદ ફર્માવ્યો કે મેં આ છોકરાને રડતો જોયો તો તેને પૂછયું કે તમે શા માટે રડો છો ? એ બાળકે જવાબ આપ્યો કે હું યતીમ છું અને આજે ઈદનો દિવસ છે. સૌ લોકોએ નવા કપડાં પહેરેલાં છે અને મારી પાસે કાંઈ જ નથી. આપે કહ્યું કે હું ખજૂરો એટલા માટે વીણી રહ્યો છું કે જેથી તેને વેચીને આ બાળકને અખરોટ ખરીદી આપુ કે જેથી તે એનાથી રમે અને એમાં મશગૂલ થવાથી રડે નહીં. હઝરત સર્રી સકતી رضی اللہ عنہએ કહ્યું કે હું એ કામ અંજામ આપું છું જેથી આપ બેફિકર રહો. હું તે છોકરાને મારી સાથે લઈને કપડાંની દુકાને પહોંચ્યો અને તેને નવાં કપડાં ખરીદીને પહેરાવ્યાં, તો આ કામથી મારા દિલમાં એક નૂર પેદા થયું અને મારી હાલત કાંઈ અલગ થઈ ગઈ. *(મસાલિકુસ્સાલિકીન, ૧/૨૮૭, મશાઈખે કાદરિયા, પેજ–૧૭૮)*

**દરેક સમયે બાવુઝૂ રહેવું :** એક દિવસ આપનું વુઝૂ તૂટી ગયું તો આપે એ જ વખતે તયમ્મુમ કરી લીધું. લોકોને અર્ઝ કર્યું કે, હુઝૂર ! દજલા નદી સામે છે છતાં તયમ્મુમ કેમ કરી રહ્યા છો ? આપે ઈર્શાદ ફર્માવ્યો કે શક્ય છે દજલા નદી સુધી પહોંચતાં પહોંચતાં મારો દમ નીકળી જાય. *(ઉપર મુજબ, પેજ–૨૮૮, ખઝીનતુલ અસ્ફિયા, ૧/૭૭)*

**આપના વિનમ્ર સ્વભાવના કારણે વૃદ્ધા વલિય્યા બની ગઈ :** એકવાર આપે દજલા નદીના કિનારે કુર્આન શરીફ તથા કપડાં વગેરે રાખીને ગુસ્લ કરવાનું શરૂ કર્યું. એ જ વખતે એક વૃધ્ધા આવી અને આપના સામાનને લઈને નાસવા માંડી. આપે તેણીનો પીછો કર્યો અને એક જગાએ રોકીને કહ્યું, કાંઈ વાંધો નહીં ! હું તમારો ભાઈ મઅરૂફ કર્ખી છું. શું તમારો કોઈ પુત્ર, ભાઈ કે પતિ છે જે કુર્આન શરીફ પઢે ? તે વૃદ્ધાએ કહ્યું કે નહીં ! તો આપે ફર્માવ્યું કે કુર્આન શરીફ મને આપી દો અને કપડાં લઈ લો, મેં દુનિયા તથા આખેરતમાં દરેક જગાએ તમને માફ કર્યાં. એ સાંભળીને વૃદ્ધાને એટલી શરમ આવી કે તેણીએ તૌબા કરી અને આપની બરકતથી વલિય્યા તથા મુત્તક્યિા બની ગઈ.

*(તઝકેરતુલ અવલિયા, પેજ–૨૦૭)*

**કોરડાઓ વડે નફસની સુધારણા ! :** હઝરત મઅરૂફ કર્ખી رضی اللہ عنہ એટલા મહાન તથા ઉચ્ચ મર્તબા પર બિરાજમાન હોવા છતાં પોતાના રબની બારગાહમાં ખૂબ જ ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) કરતા અને કદી કદી આપ પોતાના હાથ મુબારકમાં કોરડા લઈને પોતાને મારતા અને એવું કહેતા, "હે મારા નફસ ! તું ઈખ્લાસ અપનાવ જેથી તું મુક્તિ પામી શકે. *(મશાઈખે કાદરિયા, રઝવિય્યહ, બરકાતિયા, પેજ–૧૭૯)*

**ઈબાદત તથા રિયાઝત :** અલ્લાહની ઈબાદત, અલ્લાહની નિકટતા તથા હક્કની પેહચાનનો બેહતરીન ઝરીયો છે. સૈયદના મઅરૂફ

www.barkatekhwaja.net

કર્ખીની એ આદત હતી કે આપ નવાફિલની અધિક્તાથી બચતા, બલ્કે એવી ઈબાદત કરતા જેનો ઈલ્મ કેવળ મહબૂબ તથા મુહિબ્બની વચ્ચે હોતો. હિલ્યતુલ અવલિયામાં મુહમ્મદ બિન ઈસ્હાકથી મરવી છે કે મેં ઓબૈદ બિન મુહમ્મદને કહેતાં સાંભળ્યું કે અમે લોકો મોટાભાગે અબૂ મહફૂઝની મજલિસમાં હાજર થતા હતા. મોટાભાગે હઝરત મઅરૂફ કર્ખી ગૌરો ફિક્રમાં મશગૂલ રહેતા પછી અચાનક રડવા પીટવા લાગતા. ઈબ્ને મુહમ્મદ વધુમાં કહે છે કે અમારા જેવાઓમાં કોઈ પણ ગૌરો ફિક્રના સમંદરનો એમના કરતાં મોટો તરવૈયો ન હતો, અને મેં કદી તેમને નફ્લ પઢતાં નથી જોયા, અલ્બત્ત કેવળ જુમ્આના દિવસે બે હલકી રકાતો (નફ્લ) પઢતા હતા. આ રિવાયતથી એ જાણવા મળ્યું કે આપ નવાફિલની પાબંદી ઓછી કરતા હતા અને આયતે કરીમા وَيَتَفَكَّرُونَ فِي خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ (અને આસ્માનો તથા જમીનની પેદાઈશમાં ચિંતન કરે છે. સૂરએ આલે ઈમરાન, ૩/૧૯૧)ના હેઠળ ચિંતન મનન અધિક કરતા અને રડવા પીટવાનું પણ અધિક કરતા. *(હિલ્યતુલ અવલિયા, ૮/૪૦૯, દારુલ કુતુબુલ ઈલ્મિયા, બૈરૂત, લૈબનાન)*

આપ સાઈમુદહર પણ હતા પણ આપ શરીઅતના સહારે મખ્લૂકની દિલ જોઈ (દિલ ખુશ કરવું) પણ કરતા. હઝરત મઅરૂફ કર્ખીના ભાઈ ઈસા વર્ણવે છે કે મૃત્યુના સમયની બીમારીમાં હઝરતની પાસે એક શખ્સ આવ્યો અને તેણે કહ્યું, હે અબૂ મહફૂઝ ! મને તમારા રોઝાની ખબર આપો ! આપે (આપની ઈબાદતને છુપી રાખવાના હેતુથી) કહ્યું, હઝરત સૈયદના ઈસા علیہ السلام એ પ્રમાણે રોઝા રાખ્યા કરતા હતા. તેણે ફરી કહ્યું, તમારા રોઝા વિશે વર્ણન કરો ! ફર્માવ્યું, દાઊદ علیہ السلام એના જેવા રોઝા રાખ્યા કરતા હતા. તેણે ફરી અર્ઝ કરી, તમારા રોઝા વિશે વર્ણવો ! ફર્માવ્યું, સરવરે કાઈનાત ﷺ એ પ્રમાણે રોઝા રાખ્યા કરતા હતા. એ શખ્સ ન રોકાયો અને ફરી પૂછયું, તો આપે ઈર્શાદ ફર્માવ્યો, મારી દરેક સવાર રોઝાની હાલતમાં થાય છે, પરંતુ ખાવા માટે દા'વત આપવામાં આવે તો (મખ્લૂકના દિલને ખુશ કરવા માટે) ખાય લઉં છું અને કોઈને મારા રોઝાના બારામાં નથી કહેતો. *(સિફતુસ્સફૂહ, ૨/૨૧૧, બૈરૂત)*

આપ સાઈમુદહર હોવાની સાથોસાથ કષીરુલ બુકા (અલ્લાહના ડર તથા યાદમાં ખૂબ રડનાર) પણ હતા જેથી આપની ગિર્યાઓ ઝારી (રૂદન તથા આજીજી)ના વિશે આ બનાવ સિફતુસ્સફૂહમાં છે. કાસિમ બિન મુહમ્મદ બગદાદીએ વર્ણવ્યું કે હઝરત મઅરૂફ કર્ખીને મેં સવારના સમયે ગિર્યાઓ ઝારીની સાથે આ શેઅર પઢતા સાંભળ્યા : (અર્થ) : ગુનાહો મારાથી શું ચાહે છે કે તેમણે મને વ્યસ્ત કરી રાખ્યો છે અને મારાથી દૂર નથી થતા. ખુદાયા ! જો તું મને તારી રહમતમાં લઈ લે તો ગુનાહ મને નુકસાન નથી પહોંચાડી શકતા, અને હું ઘણો જ વૃદ્ધ થઈ ચૂક્યો છું.

અલ્લાહુ અકબર ! આ ગિર્યાઓ ઝારી અને આ ખુદાનો ડર જે વર્ણવેલ બનાવોમાં જોવા મળે છે તે ખૂબ ઓછો જોવા મળે છે અને એ પવિત્ર હસ્તીઓમાં જોવા મળે છે જેઓ તસવ્વુફના આસ્માનના સંપૂર્ણ ચાંદ અને વિલાયતના બાગના ગુલે લાલા છે. *(ઉપર મુજબ, પેજ–૨૧૨, બૈરૂત)*

આપના બારામાં એ પણ આવ્યું છે કે આપનો કોઈ સમય ઝિક્રે ઈલાહીથી ખાલી રહેતો ન હતો. એના વિશે આ હિકાયત હિલ્યતુલ અવલિયામાં છે કે એક હજામ હઝરત મઅરૂફ કર્ખીની મૂછો કાપી રહ્યો હતો અને આપ અલ્લાહની તસ્બીહ તથા તહમીદમાં વ્યસ્ત હતા (જેના કારણે મૂછો પકડમાં આવી રહી ન હતી) હજામે અર્ઝ કરી, હું આપની મૂછો કાતરી રહ્યો છું અને આપ તસ્બીહ પઢી રહ્યા છો ! આપે જવાબમાં કહ્યું, હે નાઈ ! તું તારું કામ કરી રહ્યો છે અને હું મારું કામ ન કરું ! *(હિલ્યતુલ અવલિયા, ૮/૪૦૫)*

આ બનાવ પછી આપની ઈબાદતની અતિ અધિક્તા માટે અધિક કોઈ દલીલની જરૂરત નથી. *(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

# સાચા ઈબ્રાહીમી કોણ ?!

અઝ :
મૌલાના ઝહીર મિસ્બાહી
(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી જંબુસર)

આજકાલ કેટલાક એવા તત્વો તથા ગુમરાહ ભેજાંઓ નીકળેલાં છે જેઓ યહૂદી તથા ઈસાઈને પણ આપણા ભાઈ તથા ઈમાનવાળા (**Believers**) કહીને તેમનાથી ઈમાની ભાઈચારો સાબિત કરવા કોશિશ કરે છે, જેમ કે "મૌલાના તાહિર મિન્હાજી" તેમજ અન્ય સઉદીઓ વિશે પણ જાણવા મળેલ છે. હુઝૂર ﷺના એલાને નબુવ્વત બાદ આપણા નબી ﷺ પર જે ઈમાન નથી લાવ્યા કે ન લાવે તેઓ કદાપિ ઈમાનવાળા (**Believers**) નથી. કેટલાક તેમને ઈબ્રાહીમી કહીને આપણા "ભાઈ ભાઈ" સમજાવવા જાય છે, પણ આવો ! આ લેખમાં એ ગુમરાહીને કુર્આની આયતો તથા હદીષો થકી દૂર કરીને ગુમરાહોની ગુમરાહીથી બચીએ અને સત્યને સમજીએ. *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

## ★ સુલેહ કુલ્લી માટે સીરતે ઈબ્રાહીમ علیہ السلامમાં નસીહત ★

આજે ઘણા બધા મુસલમાન એવા જોવા મળે છે જેઓ પોતે પોતાને મુસલમાન તો કહે છે પણ કોઈ બદમઝહબ તથા બેદીનને બાતિલ સમજવા અને તેમના બાતિલ ઠરાવવાને તથા તેમની રદ કરવાને પસંદ નથી કરતા અને એવું કહેતા જોવા મળે છે કે કેવળ મુસલમાન હોવું પૂરતુ છે, કોઈને બાતિલ અથવા બદઅકીદા ન કહેવું જોઈએ. તો એવા સર્વ લોકો માટે સીરતે ઈબ્રાહીમ علیہ السلامમાં સ્પષ્ટ નસીહત મૌજૂદ છે કે મુસલમાન થતા પહેલાં દરેક બાતિલથી જુદા થવું જરૂરી છે. જો કોઈ પણ પ્રકારનું બાતિલપણુ જોવામાં આવ્યું તો તેને માટે મુસલમાનિયતનું સંબોધન જ લાગુ થશે નહીં. હઝરત ઈબ્રાહીમ علیہ السلامની હનીફિત એટલે બાતિલ તથા બાતિલપરસ્તો સાથે વર્તાવ, તેમનાથી વિમુખતા તથા બેઝારી અને બરાહીમી ઉસ્વા (અનુકરણીય આચરણ) જોવું હોય તો કુર્આન મજીદ પઢો, અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે :

قَدْ كَانَتْ لَكُمْ اُسْوَةٌ حَسَنَةٌ فِيْٓ اِبْرٰهِيْمَ وَ الَّذِيْنَ مَعَهٗ

"બેશક ! તમારા માટે સારી પયરવી (અનુસરણ) હતી ઈબ્રાહીમ અને તેમના સાથેવાળાઓમાં." *(સૂ. મુમ્તહીના, ૬૦/૪)*

યાદ રાખશો, હુઝૂર ﷺની પયરવી તો મુત્લકન દરેક મુસલમાન પર લાઝિમ છે, અન્ય અંબિયાની પયરવી ખાસ અમલોમાં છે તે પણ ત્યારે જ્યારે કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ એ હુકમ આપ્યો હોય.

## ★ ગુંગો શૈતાન કોને કહેવાય ?! ★

હવે જુઓ, તમામ ઈમાનવાળાઓને હઝરત ઈબ્રાહીમ علیہ السلام અને તેમના સાથેવાળાની પયરવી (અનુસરણ)નો હુકમ આપવામાં આવી રહ્યો છે. સવાલ એ પેદા થયો કે કઈ ચીજમાં અનુસરણ કરે ? તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ઈર્શાદ ફર્માવ્યો : اِذْ قَالُوْا لِقَوْمِهِمْ "જ્યારે તેમણે પોતાની કૌમને કહ્યું." (સૂ. મુમ્તહીના, ૬૦/૪) એટલે કે પોતાની કૌમને, પોતાના નજીકનાં સગાં સંબંધીઓને કહ્યું. જાણવા મળ્યું કે જ્યારે બોલવાની વારી આવી તો પોતાની કૌમ પોતાનાં સગાસંબંધીઓ અને નજીકનાં સગાં જોઈને ચુપ નથી રહ્યા બલ્કે બોલ્યા. તો જ્યારે બોલવાની વારી હોય તો જરૂર બોલવું જોઈએ, કેમ કે હકના પ્રદર્શનના મોકા પર જે બંદો ચુપ રહે છે તેને "ગુંગો

શૈતાન'' કહેવામાં આવેલ છે. ઈબ્રાહીમ علیہ السلام અને તેમની સાથેવાળા બોલ્યા તો શું બોલ્યા ? اِنَّا بُرَءٰٓؤُا مِنۡكُمۡ હે બાતિલ અકીદો ધરાવનારાઓ ! અમે તમારાથી બેઝાર છીએ. એટલે કે અમારો તમારી સાથે કોઈ સંબંધ નથી કેમ કે તમે બાતિલ પર છો. જાણવા મળ્યું કે બાતિલના બારામાં ચુપ રહેવું, બલ્કે બાતિલને હક્કવાળાઓના સમાન સમજવું કદાપિ ઉસ્વએ ઈબ્રાહીમી (ઈબ્રાહીમ علیہ السلامનું આચરણ) નથી બાતિલના રદમાં બોલવું પર ઈબ્રાહીમી આચરણ (તરીકો) છે અને અમલી રીતે તેમનાથી સંબંધ ન રાખવું પણ ઉસ્વએ ઈબ્રાહીમી છે.

અહીં એક ખાસ વાત એ પણ છે કે બાતિલ (નાહક્ક) પર જે કૌમ હતી કેવળ તેમનાથી જ દૂરી તથા બેઝારી પ્રદર્શિત નથી કરી, બલ્કે ફર્માવ્યું : وَ مِمَّا تَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ ''અને અમે એમનાથી પણ બેઝાર તથા સંબંધ વિનાના છીએ જેમને અલ્લાહ સિવાય તમે પૂજો છો.'' (સૂ. મુમ્તહીના, ૬૦/૪) એટલે કે મૌખિક રીતે (કૌલન્) તથા અમલી રીતે તમારાથી તથા તમારા જૂઠા મઅબૂદોથી બેઝારી પ્રદર્શિત કરીએ છીએ. એનાથી પણ જાણવા મળ્યું કે જેમનાથી બેઝારી પ્રદર્શિત કરવાની છે એમનાથી બેઝારી પ્રદર્શિત કરવી એ ઉસ્વએ ઈબ્રાહીમી છે. અને જેઓ બદઅકીદગી બદમઝહબી તથા બાતિલ પરસ્તીમાં લાગેલા છે તેમનાથી કેવળ બરાઅત તથા બેઝારીને જ પ્રદર્શિત કરવાનું નથી બલ્કે ફર્માવ્યું : كَفَرۡنَا بِكُمۡ ''અમે તમારા મુન્કિર થયા.'' (સૂ. મુમ્તહીના, ૬૦/૪) એટલે ઉઘાડા શબ્દોમાં અમે તમારો ઈન્કાર કરી રહ્યા છીએ, ભલે તમારી પાસે માલ તથા દોલત, મર્તબો તથા હોદ્દો, સત્તા તથા સલ્તનત સર્વ કાંઈ છે છતાં પણ અમે તમારી હામાં હા નહીં મિલાવીએ, ન તો ચુપ રહીશું. આગળ ફર્માવ્યું : وَ بَدَا بَيۡنَنَا وَ بَيۡنَكُمُ الۡعَدَاوَةُ وَ الۡبَغۡضَآءُ ''અને અમારા તથા તમારામાં દુશ્મની તથા અદાવત જાહેર થઈ ગઈ.'' (સૂ. મુમ્તહીના, ૬૦/૪) અહીં તે લોકો ધ્યાન આપે જેઓ કૌમમાં એ ગુમરાહિયત ફેલાવે છે કે ''મહોબ્બત સૌથી છે અને દુશ્મની કોઈનાથી નથી.'' જો અદાવત તથા દુશ્મની કોઈનાથી નથી તો પછી હઝરત ઈબ્રાહીમ علیہ السلام وَ بَدَا بَيۡنَنَا وَ بَيۡنَكُمُ الۡعَدَاوَةُ وَ الۡبَغۡضَآءُ કોના માટે ફર્માવી રહ્યા છે ? અલ્લાહ તઆલાના દુશ્મનોથી દુશ્મની રાખવી એટલી જ જરૂરી છે જેટલી મુસલમાનો સાથે મહોબ્બત રાખવી જરૂરી છે. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તો અદાવત **وبغضا**, ને اَبَدًاની સાથે વર્ણવ્યું, એટલે કે હમેશાં હમેશાં માટે અદાવત તથા દુશ્મની રહેશે. حَتّٰى تُؤۡمِنُوۡا بِاللّٰهِ وَحۡدَهٗۤ ''જ્યાં સુધી તમે એક અલ્લાહ પર ઈમાન લાવો.'' *(સૂ. મુમ્તહીના, ૬૦/૪)*

રસ્સીને મજબૂતીથી પકડવી કે કદી ન ખુલે, એ શું છે ? અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

فَمَنۡ يَّكۡفُرۡ بِالطَّاغُوۡتِ وَ يُؤۡمِنۡۢ بِاللّٰهِ فَقَدِ اسۡتَمۡسَكَ بِالۡعُرۡوَةِ الۡوُثۡقٰى لَا انۡفِصَامَ لَهَا ؕ وَ اللّٰهُ سَمِيۡعٌ عَلِيۡمٌ ﴿۲۵۶﴾

''તો જે શૈતાનને ન માને અને અલ્લાહ પર ઈમાન લાવ્યા તેમણે ઘણી મજબૂત ગાંઠ પકડી જેની કદી ખુલવાનુ નથી. અને અલ્લાહ સાંભળનાર જાણનાર છે.'' *(સૂ. બકરહ, ૨/૨૫૬)*

## ★ નબીથી નિકટતાવાળા કોણ ? ★

સીરતે ઈબ્રાહીમ علیہ السلامમાં એક નસીહત એ પણ મૌજૂદ છે કે નબીથી નઝદીકી તેને મળે છે જે નબીની ઈતાઅત તથા ફર્માંબરદારી કરે છે. એટલા માટે હઝરત ઈબ્રાહીમ علیہ السلامની નજીક કયા લોકોને અલ્લાહ ﷻએ ઠરાવ્યા :–

اِنَّ اَوۡلَى النَّاسِ بِاِبۡرٰهِيۡمَ لَلَّذِيۡنَ اتَّبَعُوۡهُ ''સર્વ

www.barkatekhwaja.net

લોકો કરતાં ઈબ્રાહીમથી અધિક નજીક તે હતા જેઓ એમના અનુયાયી (અનુસરનારા) થયા. (સૂ. આલે ઈમરાન, ૩/૬૮) જાણવા મળ્યું કે નબીની ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ફર્માંબરદારી બંદાને નબીની નજીક કરી દે છે. હઝરત કતાદા رضی اللہ عنہ ઉપરોક્ત આયતે મુબારકાની તફસીરમાં ફર્માવે છે : "ઈબ્રાહીમ علیہ السلامથી નઝદીકીવાળા તે લોકો છે જેમણે તેમના દીનનું અનુસરણ કર્યું, તેમની સુન્નતોનું અનુસરણ કર્યું, તેમના તરીકા તથા ફિતરતનું અનુસરણ કર્યું." *(દુર્રે મન્સૂર)*

હકીમુલ ઉમ્મત હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہઆ આયતે મુબારકાની તફસીર કરતાં લખે છે : "નબીથી કુર્બ (નઝદીકી) તેમની ઈતાઅત (આજ્ઞાપાલન)થી હાંસલ થાય છે, ન કે કેવળ તેમની ઔલાદ હોવાથી. કિન્આન હઝરત નૂહ علیہ السلامની નજીક ન થઈ શક્યો (કેમ કે કાફિર હતો) (નૂરુલ ઈર્ફાન) એટલા માટે અલ્લાહના રસૂલ ﷺએ હઝરત મઆઝ رضی اللہ عنہને ફર્માવ્યું : "બેશક ! લોકોમાં મારાથી સૌથી અધિક નજીક મુત્તકી એટલે પરહેઝગાર (ખુદાથી ડરનારા) છે, તે જેઓ પણ હોય અને જયાંથી પણ હોય." એટલે કે કોઈ પણ બિરાદરીથી સંબંધ ધરાવતા હોય તથા કોઈ પણ ઈલાકાથી સંબંધ ધરાવતા હોય પણ જો તેઓ મુત્તકી તથા પરહેઝગાર છે તો મારી નજીક છે.

હકીમુલ ઉમ્મત હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ આ ફર્માને આલીના અમુક હેતુઓ વર્ણવતાં જણાવે છે : "આ ફર્માને આલીના કેટલાક હેતુઓ હોય શકે છે : એક એ કે, હે મઆઝ ! તમે આ જાહેરી વિરહથી ગમ ન કરો, તકવો તથા પરહેઝગારી અપનાવો તો જ્યાં પણ હશો, મારી પાસે મારાથી નજીક જ રહેશો.

બીજુ એ કે કયામત સુધી મુસલમાન તકવા પરહેઝગારી થકી મારાથી નજીક થઈ શકશે, ભાષા તથા વતન, જાતી (બિરાદરી) અમારાથી નજીક કરવા માટે પૂરતાં નથી.

ત્રીજુ એ કે મારાથી મુત્તસિલ જે ખલીફા બનશે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ મારાથી ખૂબ જ નજીક હશે. (કેમ કે કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાએ તેમને મુત્તકીઓના ઈમામ દર્શાવ્યા છે) તમે એમને જોઈ લીધા કરજો એમના રૂખ્સારમાં મારો જમાલ જોશો. (અશિઅહ વ મિર્કાત) અમુક હુઝૂર ﷺના સગા મક્કામાં રહીને હુઝૂરથી દૂર રહ્યાં, જેમ કે અબૂ લહબ. અમુક દૂર રહીને હુઝૂરથી નજીક રહ્યા, જેમ કે હઝરત ઉવૈસ કરની. યાદ રાખશો કે તકવો ઘણા પ્રકારનો છે, જેવો તકવો એવો હુઝૂર ﷺથી કુર્બ. *(મિર્આતુલ મનાજીહ)*

અલ્લાહના રસૂલ મુસ્તફા જાને રહમત ﷺ પોતાના કુરેશ ખાનદાનને સંબોધતાં ફર્માવે છે : હે કુરેશના લોકો ! રસૂલુલ્લાહ ﷺથી સૌથી અધિક નિકટના લોકો મુત્તકી એટલે પરહેઝગાર છે, તો તમે પણ એ માર્ગ એટલે તકવા થકી મારા નજીકવાળા બનો. અને યાદ રાખો ! ક્યાંક એવું ન બને કે લોકો તો મારી પાસે અમલો લઈને આવે અને તમે કેવળ દુનિયા લઈને મારી પાસે આવો. જો એવું કરશો તો હું મારો ચહેરો તમારાથી ફેરવી લઈશ. પછી અલ્લાહના રસૂલ ﷺએ કુર્આન મજીદની આયતે મુબારકા તિલાવત કરી :

إِنَّ أَوْلَى النَّاسِ بِإِبْرَاهِيمَ لَلَّذِينَ اتَّبَعُوهُ وَهَٰذَا النَّبِيُّ وَ
الَّذِينَ آمَنُوا ۗ وَاللَّهُ وَلِيُّ الْمُؤْمِنِينَ ﴿٦٨﴾

"બેશક ! ઈબ્રાહીમની સૌથી અધિક નજીક એ લોકો છે જેમણે એમની પયરવી (અનુસરણ) કરી. અને આ નબી એમની નજીક છે, અને તે લોકો નજીક છે જેઓ ઈમાન લાવ્યા, અને અલ્લાહ મો'મિનોનો વાલી છે." *(સૂ. આલે ઈમરાન, ૩/૬૮) –(ક્રમશઃ)*

www.barkatekhwaja.net



# મસ્જિદ સંબંધી મસાઈલ અને ઈમામ અહમદ રઝા علیہ الرحمہ

✍ કાર્યાલય

ઈમામે ઈશ્કો મહબ્બત મુજદ્દિદે દીનો મિલ્લત, આ'લા હઝરત અલ્હાજ અશ્શાહ ઈમામ અહમદ રઝાખાં علیہ الرحمہની ઝાતે ગિરામી આજે ઈસ્લામી જગત માટે ઓળખની મોહતાજ નથી. આપ એવા આલિમે રબ્બાની હતા જે એકી સમયે મુહદ્દિષ, મુફસ્સિર, ફકીહ અને મોહતાત (સાવધાન) આલિમ હોવાની સાથોસાથ મુસ્લિમ ઉમ્મતના મહાન મુસ્લેહ (સુધારક) અને દાઈ (દાવત આપનાર) પણ હતા. અને સૌથી વધીને એ કે આપની પૂરી જિંદગી સુન્નત તથા શરીઅતની આઈનાદાર (પ્રતિબિંબ) અને ઈશ્કે રસૂલની જીવતી જાગતી તસ્વીર હતી. આપે ખુદાની મખ્લૂકની રુશ્દો હિદાયતના માટે પચાસથી વધુ ઈલ્મો વિદ્યાઓ પર ૧૧૦૦ થી અધિક કિતાબો લખી અને ૨૦૦ થી અધિક કિતાબોની શરહો તથા હાશિયા લખ્યા જેનાથી આજે એક જહાન ફયઝયાબ થઈ રહ્યો છે. એ જ કારણે સમયના અગ્રગણ્ય ઉલમા તથા બુઝુર્ગોએ તથા આપની સમકાલિન ઈલ્મી શખ્સિયતોએ આપની મહાન ખિદમતોનો ન કેવળ સ્વીકાર કર્યો બલ્કે ''અલ્લાહની નિશાનીઓમાંની નિશાની'' અને ૧૪ સદીના મુજદ્દિદ સ્વીકાર્યા છે.

આપે જેવી રીતે પોતાના જમાનામાં માથુ ઉઠાવી રહેલી સર્વ અમલી તથા અકીદા સંબંધી ખરાબીઓના પ્રતિકારની કોશિશ કરી, તેવી જ રીતે મસ્જિદોની સુધારણા પર પણ ખાસ્સુ જોર આપ્યું જેના માટે આપના લખાણો અને ફતવાઓ ન્યાયી સાક્ષી છે. પણ અફસોસ ! આજે મુસલમાન એનાથી એકદમ ગાફેલ છે, એટલા માટે નીચેના લખાણમાં અમે વિવિધ વિષયો હેઠળ મસ્જિદની ઈસ્લાહના સંબંધે આ'લા હઝરતનાં લખાણો રજૂ કરીએ છીએ કે જેથી મસ્જિદના વ્યવસ્થાપકો, ઈમામો તેમજ અન્ય મસ્જિદોથી સંકળાયેલાઓ ફયઝ પામવાની સાથોસાથ પોતાની હાલતોની સુધારણા કરી શકે.

www.barkatekhwaja.net

## ★ મસ્જિદ દરેક સ્થિતિમાં સ્થાપકના નામે રહેશે ★

અમારી જાણમાં કલકત્તા શહેરમાં ઘણી બધી એવી મસ્જિદો છે જેમનાં નામ નવેસરથી બાંધકામ બાદ લોકોએ મસ્જિદોના સ્થાપકોનાં નામ બદલીને બીજા કરી દીધાં છે, જ્યારે કે એ જાઈઝ નથી. આ'લા હઝરત علیہ الرحمہ ફર્માવે છે કે, મસ્જિદ કયામત સુધી અસલ બાની (સ્થાપક)ના નામથી રહેશે ભલે તેને તોડી પાડવામાં આવે અથવા શહીદ થઈ ગયા બાદ બીજીવાર બાંધકામ અન્ય લોકો કરે. સવાબ એમના માટે પણ છે, પણ પાયો નાખનાર વકફ કરનાર માટે ખાસ છે, કેમ કે **અસલ મસ્જિદ તો જમીન છે,** ઈમારત તો વિશેષતા છે, અને વિશેષ માળખાને દોહરાવનાર અસલની જેમ નથી થઈ શકતો.

*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૨૫૭)*

## ★ મસ્જિદમાં નેક કામ માટે ચંદો કરવો અને આલિમનું વઅઝ કહેવું ★

કેટલાક લોકોના દિમાગમાં એ લગત માન્યતા ઘર કરી ચૂકી છે કે, ''મસ્જિદમાં કોઈ ગરીબનુ સવાલ કરવું જાઈઝ નથી એટલા માટે મદરસાના માટે ચંદો કરવો અથવા એના માટે એલાન કરવું પણ દુરુસ્ત

નથી. એ જ પ્રમાણે ઈમામના હોવા છતાં કોઈ બીજા આલિમનું વઅઝ કહેવું દુરુસ્ત નથી ભલે તકરીર કરવાની કાબેલિયત ન ધરાવતો હોય." **જ્યારે કે આ સહીહ નથી.** જુઓ આ'લા હઝરત علیہالرحمہ શું ફર્માવે છે : "મસ્જિદમાં નેક કામ માટે ચંદો કરવો જાઈઝ છે જ્યારે કે શોર તથા હંગામો ન થાય. ખુદ સહીહ હદીષોથી એનું જાઈઝ હોવું સાબિત છે. મસ્જિદમાં વઅઝની પણ ઈજાઝત છે જ્યારે કે તે વાઈઝ, આલિમે દીન સુન્ની સહીહુલ અક઼ીદા હોય અને નમાઝનો સમય ન હોય. અને આ બંને બાબતોને કે મુન્કિરાત (મના કરેલ બાબતના)થી ખાલી હોય તો મુતવલ્લી અથવા અન્ય કોઈ મના નથી કરી શકતું."

*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૩૬૧)*

## ★ મસ્જિદોમાં મુતવલ્લીનું પ્રમાણિક હોવું જરૂરી ★

કુર્આને પાક આપણને એ માન્યતા આપે છે કે અલ્લાહની મુકર્રમ તથા અફઝલ તે વ્યક્તિ છે જે મુત્તક઼ી તથા પરહેઝગાર હોય. પરંતુ આપણે મુસલમાનોનું દુર્ભાગ્ય કહો કે આપણે તક઼વા પરહેઝગારીને છોડીને કેવળ માલ દૌલતને મોટાઈનો સબબ સમજી લીધેલ છે. આ જ કારણે દુનિયવી મામલાઓની જેમ વર્તમાનકાળમાં મસ્જિદો તથા મદ્રસાઓમાં પણ એવા જ લોકો મુતવલ્લી તથા વ્યવસ્થાપક નિમવામાં આવે છે જેઓ ખૂબ માલદાર તથા સંપત્તિવાન હોય, ભલે નમાઝ ન પઢતા હોય અને અંગત મામલાઓમાં દગો, પ્રપંચમાં સપડાયેલા હોય. એના અનુસંધાનમાં આ'લા હઝરત علیہالرحمہ ફર્માવે છે : "આ (મુતવલ્લી)ના માટે પ્રમાણિક હોવું, કાર્ય ક્ષમતાવાળા હોવું શર્ત છે, માલદાર હોવું જરૂરી નથી."*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૨૫૮)*

## ★ અપ્રમાણિક મુતવલ્લી હોવું દુરુસ્ત નથી ★

અપ્રમાણિક જેની અપ્રમાણિકતા જાહેર હોય તેને મુતવલ્લી કે મુન્તઝિમ (વ્યવસ્થાપક) બની રહેવાનો કોઈ હક્ક નથી. એના બારામાં આ'લા હઝરત علیہالرحمہ ફર્માવે છે : "દુર્રે મુખ્તારમાં છે :–

وینزع وجوبا ولو الواقف فغیرہ اولی لو غیر مامون

અપ્રમાણિક મુતવલ્લીને વકફના વાલીપણાથી વાજિબપણે કાઢી નાખવામાં આવશે. (બઝ્ઝાઝિયહ્) ભલે તે ખુદ વકફ કરનાર હોય, તો પછી ગૈર વાકિફને (જેણે વકફ પણ નથી કર્યું તેને) અપ્રમાણિકતાવાળો હોવાની સ્થિતિમાં અધિક અંશે (મુતવલ્લીપણાથી) કાઢી નાખવો વાજિબ થશે." *(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૫૯૮)*

## ★ જરૂરત વિના મસ્જિદનું નવુ બાંધકામ જાઈઝ નથી ★

શહેરમાં ઘણી ઝડપભેર લોકોનો એ મિજાઝ બની રહ્યો છે કે પડોશી મહોલ્લાની મસ્જિદ નવી બની રહી છે તો અમારી મસ્જિદ પણ નવી બનવી જોઈએ ! જો તે ત્રણ માળની છે તો અમારી ચાર માળની હોવી જોઈએ, ભલે જૂની ઈમારત મજબૂત તથા અડગ જ કેમ ન હોય, અને નમાઝો માટે ઘણી બધી ગુંજાઈશ કેમ ન હોય. જ્યારે કે **એ સરાસર ગલત તથા નાજાઈઝ** છે. જુઓ આ'લા હઝરત علیہالرحمہ શું ફર્માવે છે : "અને જો મસ્જિદ એટલા માટે શહીદ કરી કે અહીં નવેસરથી તેનું બાંધકામ કરાવે, તો જો આ કામ જરૂરત વિના અને યોગ્ય શરઈ કારણ વિના છે તો બેકાર, નિરર્થક તથા મસ્જિદની બેહુર્મતી તથા માલની બર્બાદી છે, અને આ બધુ નાજાઈઝ છે. *(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૩૫૪)*

## ★ મસ્જિદમાં એતેકાફવાળા સિવાય કોઈનું સૂવુ જાઈઝ નથી ★

રોજ રોજનો અનુભવ છે કે ઘણા લોકો દરરોજ બપોરના સમયે અથવા આમ જ મસ્જિદમાં સૂઈ જતા

હોય છે, એવા લોકો વિશે આ'લા હઝરત علیہالرحمہ ફર્માવે છે : સહીહ રાજેહ એ છે કે મોઅ્તકિફ (એતેકાફવાળા) સિવાય કોઈને મસ્જિદમાં સૂવાની ઈજાઝત નથી. દુર્રે મુખ્તાર વગેરેમાં છે કે : كره النوم فيه الا للمعتكف "મસ્જિદમાં ગૈર મોઅ્તકિફ માટે સૂવું જાઈઝ નથી." *(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૪૩૪)*

## ★ મસ્જિદમાં નાસમજ બાળકોનું જવું અને મોઅલ્લિમનું વળતર લઈને પઢાવવું જાઈઝ નથી ★

કોઈએ સવાલ કર્યો કે શું નાસમજ બાળકોનું મસ્જિદમાં જવું તેમજ વળતર લઈને મુઅલ્લિમનું તેમને પઢાવવું જાઈઝ છે કે નહીં ? આ મસ્અલાનો જવાબ આપ આ પ્રમાણે આપે છે : મસ્જિદમાં નાસમજ બાળકોએ જવાની મનાઈ છે. હદીષમાં છે : "તમારી મસ્જિદોને નાસમજ બાળકો અને પાગલોથી મેહફૂઝ રાખો. ખાસ કરીને જો પઢાવનાર વળતર લઈને પઢાવતો હોય તો અધિક અંશે નાજાઈઝ છે કે હવે દુનિયવી કામ થઈ ગયું અને દુનિયાની વાતના માટે મસ્જિદમાં જવું હરામ છે."

*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૪૩૪)*

## ★ મસ્જિદમાં સવાલ કરવો જાઈઝ નથી ★

સામાન્યત : ગરીબો તથા મિસ્કીનો ફર્ઝ નમાઝો પછી પોતાની ગરીબી તથા લાચારીનો ઉલ્લેખ કરીને લોકોથી મદદ માગે છે, **જ્યારે કે મસ્જિદની અંદર સવાલ કરવો જાઈઝ નથી.** આ'લા હઝરત علیہالرحمہ ફર્માવે છે, **મસ્જિદમાં પોતાના માટે માગવું જાઈઝ નથી** અને **એવાને આપવાથી પણ ઉલમાએ મના કર્યું છે,** ત્યાં સુધી કે ઈમામ ઈસ્માઈલ ઝાહિદ رحمۃاللہعلیہએ ફર્માવ્યું, **જે મસ્જિદના સાઈલને એક પૈસો આપે તેણે જોઈએ કે સિત્તેર પૈસા અલ્લાહ તઆલાના નામ અધિક આપે કે જેથી એ એક પૈસાનો કફ્ફારો થાય.** અને કોઈ બીજાના માટે માગવું અથવા મસ્જિદ કે અન્ય કોઈ દીની જરૂરત માટે ચંદો કરવો જાઈઝ અને સુન્નતથી સાબિત છે.

*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૪૧૮)*

## ★ મસ્જિદના ઈમામમાં જરૂરી ખૂબીઓ (ગુણો) ★

ઈમામ કેવળ પંજગાના નમાઝોનો જ અમીન નથી બલ્કે અલ્લાહની બારગાહમાં કૌમનો પ્રતિનિધિ હોય છે, એટલા માટે જરૂરી છે કે તે આલિમ ફાઝિલ હોવાની સાથોસાથ સારી આદતો તથા ખાસિયતોનો પયકર હોય. આ મસ્અલામાં આ'લા હઝરત علیہالرحمہ ફર્માવે છે : "મસ્જિદનો ઈમામ સહીહુલ અક઼ીદા, સહીહુત્ તહારત, સહીહુલ્ ક઼િરાઅત, ગૈર ફાસિક઼ે મુઅ્લિન (ઉઘાડે છોગે હરામ કામ કરનાર) ન હોય, નમાઝ તથા પાકીના મસ્અલાઓનો જાણકાર હોવો જોઈએ. એનામાં એવી કોઈ વાત ન હોય જેનાથી જમાઅતની કમી તથા નફરત પેદા થાય."

*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૪૧૮)*

## ★ ફાસિક઼ની ઈમામત દુરુસ્ત નથી ★

વર્તમાનકાળમાં ઘણા એવા લોકો ઈમામતથી જોડાયેલા છે જેમની દાઢી એક મુટ્ઠીથી ઓછી છે અથવા તેઓ કોઈ એવા કામમાં પડેલા છે જેને શરીઅતે ફિસ્ક઼ (ગુનોહ) ઠરાવેલ છે, જેથી તે જરૂર ફાસિક઼ છે અને તેમની ઈમામત કોઈ રીતે દુરુસ્ત નથી. પરંતુ તેઓ તોડ જોડ થકી જબરદસ્તી ઈમામતના સ્થાને જોડાયેલા રહેવા ચાહે છે. એવાઓના સંબંધે આ'લા હઝરત علیہالرحمہની માન્યતા જોઈ લો. ફર્માવે છે : **ફાસિક઼ે મુઅલિન (ઉઘાડે છોગે હરામ કામ કરનાર)ને ઈમામ બનાવો ગુનોહ છે અને તેની પાછળ નમાઝ મકરૂહે તહરીમી છે કે પઢવી મના**

www.barkatekhwaja.net

**છે અને પઢી લીધી તો દોહરાવવી વાજિબ છે."**

*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૪૩૧)*

## ★ મસ્જિદ બની ગયા બાદ એમાં દુકાન કે ઈમામ માટે કમરો બનાવવો જાઈઝ નથી ★

મસ્જિદનો ખર્ચ પૂરો કરવા માટે અમુક મસ્જિદના જિમ્મેદારો મસ્જિદની નવી ઈમારતના બાંધકામના સમયે તેની નીચે ભોયરું (નીચલો માળ) બનાવીને તેને ભાડે આપી રહ્યા છે. એ પણ જોવામાં આવી રહ્યું છે કે મસ્જિદની અમુક જગા કાઢીને દુકાનો બનાવવામાં આવી રહી છે જ્યારે કે **એ કોઈ રીતે સહીહ નથી.** એના બારામાં આ'લા હઝરત علیہ الرحمہ ફર્માવે છે : મુતવલ્લીને મસ્જિદની હદ અથવા મસ્જિદની ફનામાં દુકાનો બનાવાનો અધિકાર નથી કેમ કે મસ્જિદને જ્યારે દુકાન કે રહેઠાણ બનાવી લેવામાં આવે તો તેનો એહતેરામ ખતમ થઈ જાય છે કે જે નાજાઈઝ છે અને ફનાએ મસ્જિદ કેમ કે મસ્જિદના તાબે છે જેથી એનો હુકમ પણ એ જ થશે જે મસ્જિદનો છે.

*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૩૫૨)*

આ મસ્અલા પર પ્રકાશ વેરતાં એક અન્ય સ્થળે આ'લા હઝરત علیہ الرحمہ લખે છે : "જે જમીન મસ્જિદની થઈ ચૂકી તેના કોઈ હિસ્સા કોઈ ભાગને ગૈર મસ્જિદ કરી દેવું ભલે મસ્જિદથી સંબંધિત જ કોઈ ચીજ હોય હરામે કૃતઈ છે. قال اللہ تعالیٰ وان المساجد للہ (અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : મસ્જિદો અલ્લાહ તઆલાની છે.) એક લીટી પછી લખે છે : હવે મસ્જિદની ફર્શને દુકાનો કરવા ચાહે છે એ હરામ અને સખત હરામ છે. એ દુકાનોમાં બેસવું હરામ થશે, એમનાથી કોઈ ચીજ ખરીદવા માટે જવું હરામ થશે. ફનાએ મસ્જિદમાં દુકાનો કરવાને તો ઉલમાએ મના કર્યું, ન કે મઆઝલ્લાહ ! નફ્સે મસ્જિદ (અસલ મસ્જિદ)માં. બઝ્ઝાઝિયા અને દુર્રે મુખ્તારમાં છે. لا یجوز ان یتخذ شئی منہ مستغلاً "મસ્જિદના કોઈ ભાગને ભાડુ મેળવવા માટે આપવો જાઈઝ નથી. *(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૪૮૨)*

આ જ મસ્અલા પર પ્રકાશ વેરતાં એક અન્ય સ્થાને લખે છે : "હા ! મસ્જિદનો પાયો નાખતા પહેલાં તમામે મસ્જિદિયત **(મસ્જિદનો ભાગ નક્કી કરતા પહેલાં) નીચે મસ્જિદના માટે દુકાનો અથવા ઉપર ઈમામના માટે માળ બનાવે અને ત્યારબાદ તેને મસ્જિદ કરે તો જાઈઝ છે,** અને જો મસ્જિદ બનાવીને બનાવવા ચાહે ભલે મસ્જિદની દિવાલનો કેવળ ઈશારો એમાં લે અને કહે કે મારી પહેલેથી આ નિય્યત હતી તે કદાપિ સ્વીકાર્ય ન કરીશું અને એ ઈમારતને તોડી પાડીશું."

*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૪૩૨)*

જરૂરત વિના નીચેના મંઝિલાને છોડીને મસ્જિદના ઉપરના મંઝિલા પર નમાઝ પઢવી દુરુસ્ત નથી. ગરમીના જમાનામાં મોટાભાગે એવું થાય છે કે વીજળી ન રહેવાની સ્થિતિમાં નમાઝ મસ્જિદની છત પર અદા કરવામાં આવે છે કે જે સહીહ નથી. આ'લા હઝરત علیہ الرحمہ ફર્માવે છે : "મસ્જિદની છત પર જરૂરત વિના જવું મના છે, જો તંગીના કારણે નીચેનો ભાગ ભરાય ગયો તો ઉપર નમાઝ પઢે એ જાઈઝ છે. અને જરૂરત વિના દા.ત. ગરમીના કારણે પઢવાની ઈજાઝત નથી. کما نص علیہ فی الفتاویٰ عالمگیریہ۔

*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૪૩૯)*

## ★ ઈમામતમાં વારસાગત નથી, જે નમાઝનો પાબંદ નથી તે ઈમામ નથી બની શકતો ★

અભણતા અને ઈલ્મે દીનથી દૂરીના કારણે કેટલાક લોકોએ એવું સમજી લીધુ છે કે ઈમામતમાં પણ વારસો લાગુ પડે છે ! જેથી ઈમામના મૃત્યુ બાદ એમના પુત્રોમાંથી કોઈને ઈમામ બનાવવો જોઈએ,

www.barkatekhwaja.net

તેની દાઢી પૂરી હોય કે ન હોય, ચાહે કુર્આન સહીહ ન પઢતો હોય અને શરીઅતના હુકમો વિશે જાણકારી ન ધરાવતો હોય, છતાંય તે જ ઈમામ બનશે. જ્યારે કે આ'લા હઝરત علیہ الرحمہ ફર્માવે છે : "ઈમામતમાં વારસો લાગુ નથી થતો." પછી એક લીટી બાદ લખે છે : "જે નમાઝનો પાબંદ ન હોય તે ઈમામતને લાયક નથી. તેને બરતરફ કરવો વાજિબ છે.

*(ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ, ૨૪/૪૭૭)*

## ★ તાલીમ પામેલાની મૌજૂદગીમાં અનપઢને ઈમામ નિયુક્ત કરવું ★

ઈલાકાવારી સંબંધ અથવા સમાન સિલસિલા (મશરબિયત)ના હોવાને સબબે અથવા સગાઈ સંબંધ અથવા કોઈ સિફારિશના આધાર પર તાલીમ પામેલાની મૌજૂદગીમાં ગૈર તાલીમ પામેલાને ઈમામ નિયુક્ત કરવો કોઈ રીતે દુરુસ્ત નથી. પરંતુ બદકિસ્મતીથી આજકાલ એનો રિવાજ વધતો જઈ રહ્યો છે. આ'લા હઝરત علیہ الرحمہ ફર્માવે છે : જો મુતવલ્લી જાણી જોઈને જાણવા છતાં અફઝલના હોવા છતાં ગૈર અફઝલને (મફઝૂલને) ઈમામ નિયુક્ત કરે તો તે આ હદીષ હેઠળ આવે છે કે : "જેણે દસ શખ્સો પર એવાને અફસર (ઉપર) બનાવ્યો કે શરઈ દૃષ્ટિએ એનાથી બેહતર એમનામાં મૌજૂદ હતો, **તો તેણે અલ્લાહ, રસૂલ તથા મુસલમાન સૌની ખયાનત કરી."** *(ફતાવા રઝવિય્યહ મુતર્જિમ, ૨૪/૫૬૭)*

## ★ મસ્જિદમાં કાફિરનું જવું જાઈઝ નથી ★

ઈલેકશનના જમાનામાં વોટ માગવા માટે અથવા સામાન્ય દિવસોમાં એકતા પ્રદર્શિત કરવા માટે રાજકારણી લીડરો સાથે જોડાયેલા મુસલમાનોની દાવત પર રાજકારણી નેતાઓ મસ્જિદમાં આવ્યા કરે છે. જ્યારે કે તેમને મસ્જિદે બોલવવું અને મસ્જિદમાં તેમનું પ્રવચન કરાવવું જાઈઝ નથી. જુઓ, આ'લા હઝરત علیہ الرحمہ આ મસ્અલામાં શું ફર્માવે છે : **"કાફિરનું એમાં (મસ્જદમાં) જવું પણ બેઅદબી છે."** જેવું કે અલ્લાહ તઆલાની તૌફીક઼થી એની તેહકીક઼ અમે અમારા ફતાવામાં કરી આપી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

*(ફતાવા રઝવિય્યહ મુતર્જિમ, ૨૪/૩૪૭)*

## ★ મસ્જિદને ગંદકીથી બચાવવી જરૂરી છે ★

મસ્જિદને હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم એ દરેક રીતની ગંદકી, નાપાકી તથા દુર્ગંધથી સાફ રાખવાનો હુકમ આપ્યો છે, પણ વ્યવસ્થાપકો તથા મુસલ્લી (નમાઝી) હઝરાત વર્તમાનકાળમાં આ બાબતથી મુજરિમાના હદ સુધી ગફલતનો શિકાર છે. જુઓ આ'લા હઝરત علیہ الرحمہ એના બારામાં શું ફર્માવે છે : **"મસ્જિદને દુર્ગંધથી બચાવવી વાજિબ છે જેથી મસ્જિદમાં કેરોસીન સળગાવવું હરામ છે તથા મસ્જિદમાં દીવાસળી (ગંધકવાળી) સળગાવવી હરામ છે."** *(ફતાવા રઝવિય્યહ મુતર્જિમ, ૨૪/૨૩૨)*

ત્યારબાદ થોડી લીટીઓ પછી આ હદીષ :–

من اكل من هذه الشجرة الخبيثة فلا يقربن مصلانا

જે ગંદા ઝાડમાંથી ખાય લે એટલે કાચો પ્યાજ અથવા કાચુ લસણ, તે અમારી મસ્જિદ પાસે ન આવે." પછી આ હદીષ નકલ કરી : "એ ખયાલ ન કરો કે જો મસ્જિદ ખાલી છે તો એમાં કોઈ દુર્ગંધને દાખલ કરવું એ વખતે જાઈઝ હોય કે કોઈ માણસ નથી જે એનાથી તકલીફ પામશે. એવું નથી બલ્કે **ફરિશ્તા પણ એનાથી તકલીફ પામે છે જેનાથી માણસ તકલીફ પામે છે.** નાપાકી (ગંદકી)થી બચાવવું ફર્ઝ છે. *(ફતાવા રઝવિય્યહ મુતર્જિમ, ૨૪/૨૩૩)*

મસ્જિદના વાતાવરણને ખુશનુમા (સુગંધીદાર) તથા પાકીઝા રાખવાના સંબંધે એક અન્ય જગાએ આ'લા હઝરત علیہ الرحمہ લખે છે : અમુક લોકોના વા સરવામાં સખત દુર્ગંધ હોય છે, અમુકને બદહજમીના વગેરે કારણે ટેમ્પરરી રીતે આ વાત હોય છે. એમાં લોકોએ એવા સમયે મસ્જિદમાં બેસવું જ જાઈઝ નથી,

www.barkatekhwaja.net

કેમ કે દુર્ગંધથી મસ્જિદને બચાવવું વાજિબ છે. હદીષમાં છે : જે વાતથી માણસોએ તકલીફ પહોંચે છે એનાથી ફરિશ્તાઓ પણ તકલીફ પામે છે.'' (સહીહ મુસ્લિમ, કિતાબુલ મસાજિદ)

*(ફતાવા રઝવિય્યહ મુતર્જિમ, ૨૪/૨૮૮)*

**★ મસ્જિદમાં દુનિયવી વાતોનો હુકમ ★**

જેવી રીતે ઘણી બધી ખરાબીઓ મુસ્લિમ સમાજમાં આવી ગઈ છે એવી જ રીતે એક મહાન આફત એ છે કે **મસ્જિદોમાં લોકો આપસમાં ભેગા થઈને દુનિયવી વાતો કરે છે,** બલ્કે **ચુગલી, ગીબત તથા ગાળ ગલોચથી પણ પરહેઝ નથી કરતા.** એના બારામાં આ'લા હઝરત ફર્માવે છે : **''મસ્જિદમાં દુનિયાની મુબાહ (ન સવાબ ન ગુનોહ એવી) વાતો કરવા માટે બેસવું નેકીઓને એવી રીતે ખાય જાય છે જેવી રીતે કે આગ લાકડીને.** ફત્હુલ કદીરમાં છે : **''મસ્જિદમાં મુબાહ વાત પણ મકરૂહ છે અને તે નેકીઓને ખાય જાય છે.''** પછી ઈસ્બાહના હવાલાથી નક્લ ફર્માવે છે : ''બેશક ! તે નેકીઓને ખાય જાય છે જેમ કે આગ લાકડીને ખાય જાય છે.'' ગમ્ઝુલ ઓયૂનમાં ખઝાઈનુલ ફિક્હથી છે : **''જે મસ્જિદમાં દુનિયાની વાત કરે અલ્લાહ તઆલા તેના ૪૦ વરસના અમલો બેકાર કરી આપે છે.''**

પછી થોડીક લીટીઓ બાદ લખે છે : ''સુબ્હાનલ્લાહ ! જ્યારે મુબાહ તથા જાઈઝ વાત કરવા શરઈ જરૂરત વિના મસ્જિદમાં બેસવા પર આ આફતો છે તો હરામ તથા નાજાઈઝ કામ કરવાનો શું હુકમ હશે ?! *(ફતાવા રઝવિય્યહ મુતર્જિમ, ૨૪/૩૧૨)*

આ મસાઈલ ઉપરાંત આપ એ મસ્જિદની સુધારણા સંબંધી ઘણુ બધુ લખ્યું છે જેમણે વધુ વિગત જાણવી હોય તે ફતાવા રઝવિય્યહ, મુતર્જિમ ભાગ–૨૪નો જરૂરી અભ્યાસ કરે. *(સુન્ની દાવતે ઈસ્લામી ત્રિમાસિક, જુલાઈ–સપ્ટેમ્બર–૨૦૦૯, બહવાલા : નુકૂસે ફિક્રે રઝા, મકતબા તયબાહ–મુંબઈ)*


**અણમોલ કિતાબ મંગાવો**

**❀❀ ક઼ાનૂને શરીઅત ❀❀**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

:: લેખક ::

અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી

હદીયો : એક સેટના રૂા. ૨૫૦/–

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

પ્રકાશક

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન**

(ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : રૂા. ૫૦૦/– (ટપાલ ખર્ચ રૂા.૧૦૦ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ, ગુજરાત,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## બાગે ફિદક વિશે

# શીઆના

## દુષ્પ્રચારનો પર્દાફાશ !

**રજૂકર્તા : મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવી**
**(કોશીકલાં-મથુરા)**

એક શીઆ પોતાના મસ્લકના એતબારથી ઘણા જ ઈલ્મી ઘરાનાથી સંબંધ ધરાવતો હતો. તેની પાસે ખાસ્સી જાણકારી પણ હતી. તેના કહેવા પ્રમાણે કે મારા આ સવાલોનો જવાબ કોઈ મોલ્વી પાસે નથી ! મેં જ્યારે તેની સાથે મુલાકાત કરી તો તેની દરેકે દરેક અદાથી જાણે ઉલમાથી, ત્યાં સુધી કે સહાબાએ કિરામથી પણ નફરત તથા તિરસ્કારની ઝલક ઉઘાડી હતી.

મેં મેજબાન હોવાની હૈષિયતથી ઘણા જ અખ્લાક઼ સાથે તેને બેસાડયો, થોડીવાર ખબર અંતર પૂછયા બાદ વાતચીત શરૂ થઈ ગઈ. તેનો પ્રથમ સવાલ જ તેના હિસાબે ખૂબ જ જાનદાર હતો, અને તે એ કે, તમે અબૂબક્ર (رضی اللہ عنہ)ને નબીના ખલીફા શા માટે માનો છો ? અમે તો અબૂબક્ર સિદ્દીક઼ (رضی اللہ عنہ)ને રસૂલુલ્લાહ ﷺના ખલીફા એટલા માટે નથી માનતા કે તેમણે સૈયદાએ કાઈનાત, ખાતૂને જન્નતને તેમનો હક્ક઼ આપ્યો ન હતો, બલ્કે તેમનો હક્ક઼ પચાવી પાડયો હતો.

મેં કહ્યું, જરા ખુલીને બોલો જે તમો કહેવા ચાહો છો, અને એ હક્ક઼ની સ્પષ્ટતા કરી આપો કે તે હક્ક઼ કયો હતો ? તે કહેવા લાગ્યો, "તે બાગે ફિદક જે હુઝૂરે વારસામાં છોડયો હતો તે હુઝૂર ﷺનાં સાહબઝાદી હઝરત ફાતિમા رضی اللہ عنہاને મળવાનો હતો, પરંતુ તે બાગ તેમને અબૂબક્રએ આપ્યો ન હતો. આ કેવળ મારો દાવો જ નથી બલ્કે મારી પાસે આ દાવા પર દરેક મસ્લકની કિતાબોથી એવી વજની દલીલો મૌજૂદ છે જેમને તમારો કોઈ આલિમ જૂઠલાવી નથી શકતો." આ વાત તેણે ઘણા જ ભરપૂર વિશ્વાસ તથા મજબૂત અંદાઝમાં કહી. વધુમાં તેણે કહ્યું કે, મારી વાતની સાબિતીના માટે એ જ પૂરતુ છે કે એ બાગે ફિદક઼ આજ પણ સઊદી હુકૂમતના તાબા હેઠળ છે અને તે હુકૂમતી ખર્ચા માટે વક઼ફ છે. આ એ વાતની દલીલ છે કે આ જ સુધી આલે રસૂલને તેમનો હક્ક઼ નથી મળ્યો. હવે તમે જ બતાવો કે જેમણે આલે રસૂલની સાથે આવું કર્યુ હોય અમે તેમને કેવી રીતે રસૂલુલ્લાહ ﷺનો ખલીફા સ્વીકારીએ ?

મેં તેની વાતચીત ઘણી જ ધીરજ તથા ખૂબ જ સંયમપૂર્વક સાંભળી અને તેનો વાંધો સાંભળીને મેં પૂછયું કે તમારો સવાલ પૂરો થઈ ગયો કે કાંઈક બાકી છે ? તે કહેવા લાગ્યો, મારો સવાલ સંપૂર્ણ થઈ ગયો છે, હવે આપ જવાબ આપો.

મેં કહ્યું કે તમે હુઝૂર ﷺના પછી પ્રથમ ખલીફા કોને માનો છો ? તે કહેવા લાગ્યો, અમે મૌલા અલીને ખલીફા બિલા ફસ્લ (ડાયરેક્ટ) માનીએ છીએ. મેં કહ્યું કે અવામ તથા ખાસ લોકોના જાન માલ તથા તેમના હક્ક઼ોની રક્ષા એ ખલીફતુલ મુસ્લિમીનની જિમ્મેદારી હોય છે, કોઈ બીજાની નહીં. મને તમારા પર આશ્ચર્ય થઈ રહ્યું છે કે ખલીફા બિલા ફસ્લ તો હઝરત અલી رضی اللہ عنہને માની રહ્યા છો અને વાંધો હઝરત અબૂબક્ર رضی اللہ عنہ પર કરી રહ્યા છો ! ક્યાં તો અબૂબક્રને પ્રથમ ખલીફા માનો પછી તમારો તેમના પર વાંધો ઉઠાવવાનું કાંઈક અંશે જાઈઝ પણ થશે, નહીં તો જેને આપ પ્રથમ ખલીફા માનો છો તેમના પર આ વાંધો પણ કરી શકો છો કે આપની ખિલાફતના જમાનામાં ખાતૂને જન્નતનો હક્ક઼ શાથી મારવામાં આવ્યો ?

www.barkatekhwaja.net

મારી વાત સાંભળીને તેને આશ્ચર્યનો એક ઝટકો લાગ્યો, પણ સાથોસાથ તેણે ખુદને સંભાળતાં કહ્યું, જી ! વાત અસલમાં એ છે કે અમારે ત્યાં મૌલા અલીની જાહેરી ખિલાફત ત્રણ ખલીફાઓ પછી શરૂ થઈ છે એટલા માટે અમે તેમની (ત્રણેવ ખલીફાઓની) ખિલાફતને બળપૂર્વક મેળવેલી (ગસબ) માનીએ છીએ. એટલે કે તમારા ત્રણેવ ખલીફાએ મૌલા અલીની ખિલાફતને જાહેરી રીતે પચાવી પાડી હતી. એટલા માટે મૌલા અલી તો એ વખતે મજબૂર હતા, તો તે આ હક્ક઼ કેવી રીતે આપી શકતા હતા ?

તેની આ તાવીલ સાંભળીને મેં કહ્યું, અઝીઝમ ! મારા આશ્ચર્યમાં આપે અધિક વધારો કરી આપ્યો છે. એક તરફ તો આપનો એ અક઼ીદો છે કે મૌલા અલી મુશ્કિલ કુશા છે, અજબની વાત છે કે એમના જ ઘરની એકના બાદ એક મુશ્કેલી તમે વર્ણવી દીધી, એટલે કે તેમના પત્ની મોહતરમાનો હક્ક઼ મારવામાં આવ્યો પરંતું એ મજબૂર હતા, અને તે મુશ્કિલ કુશા હોવા છતાં તેમની મશ્કિલ કુશાઈ ન કરી શક્યા. પછી તેમનો પોતાનો હક્ક઼ (ખિલાફતનો) પચાવી પાડવામાં આવ્યો પરંતું તે ખુદ પોતાની મશ્કિલ કુશાઈ પણ ન કરી શક્યા ! જેથી ક્યાં તો તેમની મશ્કિલ કુશાઈનો ઈન્કાર કરી દો, અને જો તેમને મુશ્કિલ કુશા માનો છો તો આ મનઘડત વાતો કહેવાનુ છોડી દો કે તાકાતવાળાઓએ તેમના હક્કો પચાવી પાડયા હતા.

બીજી વાત એ છે કે જો ધારો કે તમારી આ વાત માની પણ લેવામાં આવે કે ત્રણેવ (અબૂબક્ર, ઉમર, ઉષ્માન) સહાબીઓએ તેમની ખિલાફત પચાવી પાડી હતી, તો હવે સવાલ એ છે કે **ત્રણેવ ખલીફાઓ પછી જ્યારે હઝરત અલી رضی اللہ عنہ ને જાહેરી ખિલાફત મળી ગઈ અને તેમની શહાદત પછી તેમના જ સાહબઝાદા હઝરત હસન رضی اللہ عنہ ખલીફા બન્યા તો શું એ વખતે તેમણે બાગે ફિદક઼ લઈ લીધો હતો ?**

જ્યારે આપના કહેવા પ્રમાણે તે ત્રણેવ ખલીફાના જમાનામાં પચાવી પાડવામાં આવેલ હતો, પણ હવે એમની જ હુકૂમત હતી જેમનો હક્ક઼ પચાવી પાડવામાં આવ્યો. પરંતું તેમણે પોતાની હુકૂમત હોવા છતાં તે હક્ક઼ને શા માટે છોડી આપ્યો હતો ? આજે પણ આપના કહેવા મુજબ તે સઊદી હુકૂમતના કન્ટ્રોલમાં છે, તો ભાઈ એ બાગ જેમનો હક્ક઼ હતો જ્યારે તેમણે છોડી આપ્યો છે તો તમે પણ મહેરબાની કરીને એ ક઼િસ્સાઓને છોડી દો. અને **જો તમારો વાંધો હઝરત અબૂબક્ર પર છે કે તેમની જાહેરી ખિલાફતમાં આલે રસૂલને બાગે ફિદક કેમ ન મળ્યો ? તો એ જ વાંધો આપનો હઝરત અલી પર પણ થશે કે તેમની જાહેરી ખિલાફતમાં આલે રસૂલને બાગે ફિદક કેમ ન મળ્યો ?**

મારી વાત સાંભળીને તે કાંઈ વિચારવા લાગ્યો, પણ મેં તે જ ઘડી એને એક અધિક સવાલ કરી આપ્યો કે, હવે એ બતાવો કે વારસો કેવળ ઔલાદને જ મળે છે કે પત્નીઓ તથા બીજા વારસદારોને પણ મળે છે ? તો કહેવા લાગ્યો, પત્નીઓ તથા અન્ય વારસદારોને પણ મળે છે. મેં કહ્યું, તો પછી તમારો વાંધો કેવળ હઝરત ફાતિમા رضی اللہ عنہا ના બારામાં શા માટે છે ? હુઝૂર ﷺ ની પાક બીવીઓના બારામાં તમે કેમ ન કહ્યું, કે તેમને પણ વારસાથી વંચિત રાખવામાં આવી છે ?! જાણે છે કે પાક બીવીઓમાં હઝરત અબૂ બક્ર رضی اللہ عنہ નાં સાહબઝાદી હઝરત આઈશા رضی اللہ عنہا અને હઝરત ઉમર رضی اللہ عنہ નાં સાહબઝાદી હઝરત હફસા رضی اللہ عنہا પણ છે. તમે રસૂલ ﷺ ના ખલીફાઓ પર આ આક્ષેપ દોહરાવતા પહેલાં કદી ન વિચાર્યુ કે જો તેમણે નબી ﷺ નાં સાહબઝાદીને હુઝૂર ﷺ નો વારસો નથી આપ્યો તો પોતાની સાહબઝાદીઓને પણ તો એનાથી વંચિત રાખેલ છે.

વધુ પેજ ૧૯ પર.

# બરકાતે ખ્વાજાની ટપાલ...7777

કાર્યાલય

## જશ્ને શોહદાએ કર્બલા"ના ઈજતેમાઓ

**જંબુસર** : તા. ૮–૭–૨૦૨૪ સોમવારે ઈશાની નમાઝ બાદ મસ્જિદે આઈશા (મેહફૂઝ નગર) ખાતે "જશ્ને શોહદાએ કર્બલા" મનાવાયો જેમાં સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો મૌલાના જાબિર નજમીએ કુર્આનની કિરાઅત તથા નઅતે પાક તથા મન્કબત પેશ કરી તથા મૌલાના જાબિર રૈહાનીએ કુર્આનનો તર્જુમો પેશ કર્યો. ત્યારબાદ જનાબ મૌલાના મુબારકહુસૈન સાબરીએ સુન્નતનો દર્સ આપ્યો છેવટમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ હઝરાત ઈમામ હસન તથા ઈમામ હુસૈન رضی اللہ عنہما થી મહોબ્બત સહાબા કેવી રીતે રાખતા હતા તેના પર શાનદાર બયાન કરી અહલે બયતથી મહોબ્બતનો દર્સ આપ્યો હતો.

**દયાદરા** : ખાતે મુહર્રમ શરીફની પહેલી તારીખથી દસમી સુધી ઈશા બાદ નૂરાની મસ્જિદ ઉર્ફે મુખ્તારુલ મસાજિદમાં મેહફિલે દુરૂદ શરીફ બાદ યાસીન શરીફનો ખત્મ થયો. રવિવાર તા. ૧૪–૭–૨૦૨૪ ઈશા બાદ મસ્જિદમાં શોહદાએ કર્બલાની યાદમાં વાકિયાતે કર્બલાની સાથોસાથ હુસૈની કિરદારની સમજ આપતુ બયાન હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ કર્યું. સોમવારે ઈશા બાદ નઅતો મન્કબતનો પ્રોગ્રામ થયો જેમાં પેશ ઈમામ જનાબ કારી મકસૂદ અશરફી કાવીવાલા સાહબે પોતાના અનોખા અંદાઝમાં નઅતો મન્કબત પેશ કરી. મંગળવારે ઈશા બાદ મૌલાના ઝહીર મિસ્બાહી સાહબનું બયાન તથા મંગળવાર સવારમાં મસ્જિદ યૌમે આશૂરા નિમિત્તે યાદે શોહદાએ કર્બલા મનાવાયો. નઅતો મન્કબત બાદ મૌલાના ઝહીર મિસ્બાહીએ બયાન કર્યું. ત્યારબાદ દરેકે પોતાની રીતે બે રકાત નફ્લ પઢી બાદમાં દુઆએ આશૂરા પઢાવવામાં આવી. ત્યારબાદ દુઆ સલાતો સલામ પર પ્રોગ્રામ ખત્મ થયો. ત્યારબાદ ન્યાઝ કમિટી તરફથી ન્યાઝ વહેંચવામાં આવી.

**બોડેલી** : ખાતે સુન્ની દા'વતે ઈસ્લામી થકી દારુલ ઉલૂમ આ'લા હઝરત, મસ્જિદે રઝામાં તા. ૭–૭–૨૦૨૪ થી ૧૬–૭–૨૦૨૪ મુહર્રમના દસ દિવસ શોહદાએ કર્બલાની યાદમાં ઈશા બાદ પ્રોગ્રામો થયા જેમાં સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો થકી અનુક્રમે બે દિવસ હઝરત મૌલાના અલ્તાફ નજમી (બોડેલી), એક દિવસ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી–આમોદ, મૌલાના ઝહીર મિસ્બાહી બે દિવસ, મુફતી સાબિર નજમી મિસ્બાહી–આમોદ એક દિવસ, મૌલાના અલ્તાફ મિસ્બાહી–ભરૂચ એક દિવસ, બે દિવસ ઉષ્માનગની નૂરી, છેલ્લા દિવસે અખ્તર રઝા મદની વગેરે થકી નઅત, મન્કબત તથા શાનદાર બયાનો થયાં.

**જુનાગઢ** : ખાતે ૧૦ મુહર્રમ શરીફ, તા. ૧૭–૭–૨૦૨૪ બુધવાર બપોરના ૧ વાગ્યાથી ૩ વાગ્યા સુધી મસ્જિદે રઝા ખાતે ઝિક્રે શહાદતે ઈમામે આલી મુકામ رضی اللہ عنہ નો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં શહઝાદએ ખલીફાએ મુફતીયે આ'ઝમે હિંદ, પીરે તરીકત હુઝૂર ગુલઝારે મિલ્લત હઝરત મૌલાના ગુલઝાર અહમદ નૂરી સાહબે (સજ્જાદાનશીન : ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહ, મસ્જિદે રઝા) શાને ઈમામે હુસૈન رضی اللہ عنہ પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. તેમજ છેવટમાં વિવિધ તબર્રુકાતની ઝિયારત પણ કરાવવામાં આવી હતી.

તદ્ઉપરાંત ભરૂચ શહેર તથા જિલ્લાની બલ્કે ગુજરાતભરની અનેક મસ્જિદોમાં શોહદાએ કર્બલાની યાદમાં પ્રોગ્રામો થયા તેમજ શરબત તથા નિયાઝ પણ ખવડાવવામાં આવી હતી.

www.barkatekhwaja.net

## અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાના લેટેસ્ટ પ્રકાશનો મંગાવો

❑ (કિતાબ) **તા'ઝીમે નબી ﷺ તથા બારગાહે ઈલાહીમાં રસૂલુલ્લાહ ﷺની ઈજ્જત સહીત હદીષોની રોશનીમાં** : *(પેજ : ૫૨)*

❑ (કિતાબ) **શફાઅત કુર્આન તથા સુન્નતની રોશનીમાં** *(પેજ : ૩૨)*

**આ બંને કિતાબોના લેખક** : મોહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદનિઝામુદીન રઝવી** બરકાતી *(સદર : દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

❑ (કિતાબ) **૧૯૫૭માં ભરૂચમાં થયેલ જમાઅતે રઝાએ મુસ્તફાની કોન્ફ્રન્સ** *(પેજ : ૨૮)*

***ખિતાબ** : હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ **સૈયદ મુહમ્મદ અશરફી જીલાની** رحمۃ اللہ علیہ*

❑ (કિતાબ) **ગૈર મુકલ્લિદોની ગુમરાહીઓથી સાવધાન** *(પેજ : ૪૦)*

**ચારેવ કિતાબોના અનુવાદક / સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

**નોંધ : ચારેવ કિતાબો મફત મંગાવવા માટે Mo. 94274 64411 નંબર પર મેસેજ કરશો.**
*(રજી. પોસ્ટ કે આંગડિયાથી મંગાવવા **Rs. 50/-** મોકલવાના રહેશે)*

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૮૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! –*તંત્રી...*

| | | | | |
|---|---|---|---|---|
| બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000303** Razvi Kitab Ghar | **IFSC Code : BARB0DAYADR** પાંચમો અંક ઝિરો છે. | Phone pay Google pay Mo. 9427464411 | WhatsApp No. Mo.9664521477 |

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **મુંબઈ** : બુલબુલે બાગે મદીના, વિશ્વ વિખ્યાત નઅતખ્વાં રુકને મજલિસે શૂરા આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામી **હઝરત કારી અલ્હાજ મુહમ્મદ રિઝવાન ખાન** (માજી પ્રિન્સિપાલ : હાશમિયા સ્કૂલ–મુંબઈ)નાં વાલિદા મોહતરમાનો તા. ૪–૭–૨૦૨૪ જુમેરાત, ૪ મુહર્રમ શરીફ હિ.સ. ૧૪૪૬ના રોજ ઈન્તેકાલ થયો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સહાબા, એહલે બયત, ઈમામ હસનો હુસૈન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતુલ ફિરદોસમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) ❒ **નબીપુર** : ખાતે મેહબૂબ અહમદ ઘાસવાલાનો ભરૂચ મુકામે તા. ૫–૬–૨૦૨૪, જુમેરાત ૨૭, ઝી કઅદા, હિ.સ. ૧૪૪૫ના રોજ ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ નબીપુર કબ્રસ્તાન કરવામાં આવી. ❒ **જાંબિયા** : લુસાકા ખાતે હાજી આરિફભાઈ બોમ્બેવાળા (મુશ્તાક અકુજી દયાદરાવાળા)ના સાળાનો તા. ૩–જુલાઈ ૨૦૨૪, બુધવાર ૩–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૬ના રોજ ઈન્તેકાલ થયો. ❒ **દયાદરા** : ખાતે તા. ૨૦–૬–૨૦૨૪, ૧૩ ઝીલ હજ્જ હિ.સ. ૧૪૪૫ જુમેરાતના રોજ વલીભાઈ ઈસ્માઈલ સેફલીનો ઈન્તેકાલ થયો. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દયાદરા મસ્જિદ** ખાતે કુર્આન/યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*